॥ ॐ ह्रीँ श्रीँ शंखेश्वरपार्श्वनाथाय नमः ॥

# સ્વપ્નદ્રવ્ય, દેવદ્રવ્ય જ છે.

[પૂજ્યપાદ આચાર્યદેવાદિ સુવિહિત મહાપુરુષોના અભિપ્રાય, માર્ગદર્શન આદિ સાહિત્યનું સંયોજન-સંપાદન]

સંયોજક : સંપાદક :

પૂ. પાદ પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્
વિજયકનકચંદ્રસૂરીશ્વરજી મહારાજ

-: પ્રકાશક :-

શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિર-પાટણ (ગુજ.)

પ્રકાશક :
મણિલાલ સરૂપચંદ ભાટીયા
રતિલાલ અમૃતલાલ વકીલ

માનદમંત્રીઓ :

શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિર,
કેસર નિવાસ, ગોળશેરી,
પાટણ ૩૮૪૨૬૫ (ગુજરાત)

વીર સં. ૨૫૦૫ : વિ. સં. ૨૦૩૫
માગશર સુદિ ૧૧ : તા. ૧૦-૧૨-૭૮

આમુખ લેખક :
પૂ. વિદ્વદ્વર્ય સિદ્ધહસ્ત લેખક
મુનિરાજ શ્રી પૂર્ણચંદ્રવિજયજી મ.

મૂલ્ય રૂા. ૨-૫૦ [પોસ્ટેજ અલગ]

મુદ્રક :
કાંતિલાલ ડી. શાહ
ભરત પ્રીન્ટરી
દાણાપીઠ પાછળ, તળાવ
પાલીતાણા ૩૬૪૨૭૦ (ગુજરાત)

# પ્ર કા શ કી ય

જૈન-જગતમાં આજે મોટા ભાગના જૈન-સંઘો, સ્વપ્ન-દ્રવ્યને દેવદ્રવ્ય જ ગણવાની શાસ્ત્ર-સિદ્ધ પરંપરાનું પાલન કરી રહ્યા છે, છતાં એ દ્રવ્યને સાધારણમાં લઈ જવાની, અને એની ઉછામણી પર વધારાનો ચાર્જ લાદીને, એને સાધારણ ખાતે ખતવવાની એક વાહીયાત વાત છેલ્લાં કેટલાંક વર્ષોથી વહેતી થઈ છે, ત્યારે આ વાતનો સચોટ-રદિયો આપતા કોઈ પુસ્તક-પ્રકાશનની અગત્યની જરૂરિયાત વર્ષોથી અનુભવાઈ રહી હતી.

અગત્યની આ જરૂરિયાતની પૂર્તિ કરવાનું પુણ્ય, પૂ. પાદ પરમશાસનપ્રભાવક જૈનશાસનજ્યોતિર્ધર વ્યાખ્યાન-વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના પટ્ટાલંકાર પરમ પૂજ્ય શાંતમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની કૃપાથી અમારી સંસ્થા "શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિર-પાટણ"ને મળે છે-એ આનંદની વાત છે.

આ સંસ્થાની સ્થાપના, પૂ. પાદ પ્રવચન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજયકનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન શ્રુતોપાસક પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી મહિમાવિજયજી ગણિવર્યશ્રીના ઉપદેશથી થયા બાદ, આજ સુધી ઉત્તરોત્તર ઉપયોગી-પ્રકાશનોનો સાહિત્ય-થાળ સમાજ સમક્ષ ધરવામાં અમે સફળ થતા રહ્યા છીએ-એ આ પૂજ્યોની કૃપા-દૃષ્ટિનું જ પરિણામ છે. આ પુસ્તકનું પ્રકાશન એ કૃપાદૃષ્ટિનું જ એક પ્રતીક લેખી શકાય !

પૂ. આચાર્યદેવશ્રીએ ખૂબ જ મહેનત લઈને, સંપાદન સંકલન કર્યું હોવાથી, આ પુસ્તક દેવદ્રવ્ય વિષયક માહિતી મેળવવા માટે એક ઐતિહાસિક–દસ્તાવેજી પુરાવા સમું બન્યું છે. આવું સુંદર–સાહિત્ય અમારી સંસ્થાને પ્રસિદ્ધિ માટે પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયકનક-ચન્દ્રસૂરીશ્વરજી મહારાજે આપવાની કૃપા કરી, એને અમે અમારું સદ્‌ભાગ્ય લેખીએ છીએ, તો, પુસ્તકનો સુયોગ્ય–પરિચય કરાવતી સુંદર અને ખૂબ જ ઉપયોગી પ્રસ્તાવના લખી આપવાની, સિદ્ધહસ્ત લેખક વિદ્વદ્વર્ય પૂ. મુનિરાજ શ્રી પૂર્ણચન્દ્રવિજયજી મહારાજે વિનંતિ સ્વીકારી, એને અમે અમારું સૌભાગ્ય ગણીએ છીએ. આ પૂજ્ય ઉપકારી–મહાપુરૂષોની કૃપાદષ્ટિ બદલ આનંદ વ્યક્ત કરીને અમે સંઘ સમક્ષ એક જ પ્રાર્થના સેવીએ છીએ કે :–

આ પુસ્તિકાના વાચન–મનન દ્વારા સહુ કોઈ દેવદ્રવ્ય વિષયક સનાતન–સત્યને સમજે, સ્વીકારે અને સત્કારે! આવી શુભ ભાવનાથી પુસ્તકનું પ્રકાશન કર્યું હોવાથી અમારો પ્રયાસ તો સફળ થઇ જ ગયો ગણાય! સહુ સંઘો આ સત્યને સ્વીકારશે તો અમારો પ્રયાસ વધુ સફળ થયો ગણાશે.

વીર સં. ૨૫૦૫ : મંત્રીઓ :
માગશર શુદિ ૫ શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિર,
વિ. સં. ૨૦૩૫ પાટણ (ગુજરાત)
તા. ૪–૧૨–૭૮ સોમવાર,

મહત્ત્વનું અને મનનીય

# એક માર્ગદર્શન

લેખક :- પૂ. વિદ્વદ્વર્ય સિદ્ધહસ્તલેખક મુનિરાજ

**શ્રી પુણ્યચંદ્રવિજયજી મહારાજ.**

દેહ હોય ત્યાં જેમ દર્દની સંભાવના હોય અને દર્દ હોય ત્યાં જેમ એની દવાય હોય; એમ સમાજ હોય ત્યાં કોઈ ને કોઈ સમસ્યા હોય અને સમસ્યા હોય ત્યાં સમાધાન પણ હોય જ-આ એક સમજી શકાય એવું સત્ય છે.

જૈન-સંઘ અંતે તો વ્યક્તિ-વ્યક્તિના સરવાળામાંથી સરજાયેલો એક સમાજ જ છે! એથી એની સામેય સમસ્યાઓ હોય, પ્રશ્નો હોય અને ચર્ચા-વિચારણા હોય-એ કોઈ અસંભવિત વાત નથી. શાસ્ત્રીય-ઉકેલ માંગતા પ્રશ્નો તો અનેક છે. આ અનેકમાંનો એક પ્રશ્ન છે :-

'સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય ગણાય કે નહિ? સ્વપ્નની બોલીમાં ચાર્જ વધારીને, એ વધારો સાધારણ-ખાતે ખતવાય કે નહિ?'

આ પ્રશ્ન બહુ જૂનો નથી. આ ચર્ચા છેલ્લાં પચાસેક વર્ષથી જ જગવવામાં આવી છે! આ ચર્ચાના ચાલક કોણ હતા અને એની પાછળ કયો ઇરાદો હતો? -એની વિચા-

રણાને બાજુ પર રાખીને, આ પ્રશ્નનો શાસ્ત્ર-સંમત ઉકેલ શો છે? -એ તો જરૂર જાણવું જ રહ્યું!

"સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે." પુસ્તિકા દ્વારા આ પ્રશ્ન પર સુંદર પ્રકાશ પાથરવામાં આવી રહ્યો છે. આ પ્રશ્નના શાસ્ત્રીય-ઉકેલ માટે થયેલા નિર્ણયો અને પ્રયાસોને, સહુ કોઇ સહેલાઈથી સમજી શકે, એ રીતે શબ્દસ્થ કરીને પુસ્તકના આકારમાં પ્રસિદ્ધ કરવાની, જ્યારે આવશ્યક જ નહિ, પણ અનિવાર્ય ગણી શકાય-એવી જરૂરિયાત હતી, ત્યારે આ પુસ્તકની થતી પ્રસિદ્ધિ-એક મહત્ત્વનું અને મનનીય માર્ગદર્શન પૂરૂં પાડી જશે, એ નિ:શંક વાત છે.

સ્વપ્નદ્રવ્યને દેવદ્રવ્ય તરીકે પુરવાર કરી આપતા પુરાવાઓથી ભરપૂર આ પુસ્તકમાં સંપાદિત-સંકલિત કરેલી હકીકતોના ઊંડાણમાં ઉતરતા પહેલાં એકવાર એ વાત વિચારી લઈએ કે-દેવદ્રવ્ય કોને કહેવાય? અને દેવદ્રવ્યની વૃદ્ધિનું સર્વવ્યાપી-માધ્યમ આજે કયું છે?

પહેલાં દેવદ્રવ્યની વાત લઈએ: દેવની આગળ ભક્તિ નિમિત્તે સ્વેચ્છાથી સમર્પિત થતું દ્રવ્ય, દેવદ્રવ્ય ગણાય! આ સમર્પણના પ્રકારોમાં ભગવાનના પાંચ કલ્યાણકો તેમજ માળા પરિધાનાદિ અનેક પ્રસંગોને અનુલક્ષીને થતું સંપત્તિ-સમર્પણ આવી શકે છે.

આવા દેવદ્રવ્યની વૃદ્ધિનું સર્વવ્યાપી માધ્યમ આજે તો સુપનાની, પર્યુષણમાં બોલાતી બોલી જ બની શકે એમ છે. કારણ કે ભારતભરનાં અનેક ગામોમાં દરેક વર્ષે પર્યુષણમાં સ્વપ્ન ઉતારવાની પરંપરા ચાલતી આવે છે.

સ્વપ્ન ઉતારવાની ક્રિયા પ્રભુના ચ્યવન-કલ્યાણકની ઉજવણીનું એક અંગ હોવાથી, એને અનુલક્ષીને બોલાતું દ્રવ્ય, પ્રભુભક્તિ નિમિત્તક હોઈ દેવદ્રવ્ય જ ગણાય ! આ સ્વપ્ન-દ્રવ્યને દેવદ્રવ્યમાં લઈ જવાની આપણી શાસ્ત્રીય-પ્રણાલિકાના કારણે જ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને વારસામાં મળેલા ભવ્ય મંદિરો અને ભવ્યાતિભવ્ય તીર્થો આજેય બેનમૂન અસ્મિતા જાળવી રહ્યા છે, તેમજ ભવ્યાતિભવ્ય નવા મંદિરોનું સર્જન થતું જ રહે છે.

ભારતભરના સંઘોમાં, પર્યુષણના પ્રસંગે, સ્વપ્નવાચનના એક જ દિવસે થતી બોલીઓનો સરવાળો માંડીએ, તો એનો અંદાજિત આંકડો કરોડની સંખ્યાનેય વટાવી જાય ! અને આ સ્વપ્નદ્રવ્યની આવક દેવદ્રવ્યમાં જતી હોવાથી જ ભારતભરનાં આપણાં મંદિરો અને તીર્થો શિલ્પ તેમજ સ્થાપત્યની અજોડતા માટે વિશ્વપ્રસિદ્ધ છે.

આબુ, રાણકપુર અને તારંગા જેવા વર્ષો જૂના પ્રાચીન તીર્થોને, આજેય એના મૂળ સ્વરૂપે ટકાવી રાખવામાં અગત્યનો હિસ્સો આપતી સ્વપ્નદ્રવ્યને દેવદ્રવ્ય ગણાવતી શાસ્ત્રીય-પરંપરા અખંડિત રહે, એમાં જ આપણું શ્રેય છે. તો જ આપણા ભવ્યાતિભવ્ય મંદિરો, તીર્થો, કાળના ધસમસતા પ્રવાહની સામે ટક્કર ઝીલીને અણનમ રીતે ખડા રહી શકશે.

પ્રભુભક્તિને અનુલક્ષીને બોલાતું દ્રવ્ય, દેવદ્રવ્ય ગણાય અને એની વૃદ્ધિનું સર્વવ્યાપી-માધ્યમ, સ્વપ્ન અંગે થતી બોલી છે-આ વાત ટૂંકમાં જોઈ લીધી. હવે પ્રસ્તુત પુસ્તકનો પરિચય મેળવીએ:

"સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે" આ પુસ્તક ચાર ખંડમાં વહેંચાયેલું છે. પ્રથમના ત્રણ ખંડોમાં, સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે-આ ભાવને ઉદ્‌ઘોષિત કરતા અનેકાનેક પૂજ્ય આચાર્ય-દેવાદિ મુનિવરોના સ્પષ્ટ અભિપ્રાયો-પત્રો, સાધારણ-ખાતાના ખર્ચને પહોંચી વળવા સ્વપ્નની બોલીનો ચાર્જ વધારવાના વિચારની અશાસ્ત્રીયતા અને છેલ્લા પચાસેક વર્ષોમાં મળી ગયેલા ત્રણ મુનિ-સંમેલનોમાં-સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે-આ સનાતન-સત્યની પુષ્ટિ કરતાં લેવાયેલા નિર્ણયોની સુંદર, સ્પષ્ટ અને સરળ રજૂઆત કરવામાં આવી છે.

ત્યારબાદ ચોથા ખંડમાં 'હીરપ્રશ્ન' અને 'સેનપ્રશ્ન' જેવા શાસનમાન્ય ગ્રન્થના ઉદ્ધરણો આપીને દેવદ્રવ્યની સુરક્ષા, એનો સદુપયોગ અને એનું સંવર્ધન કંઈ રીતે કરી શકાય ? આ અંગેનું સ્પષ્ટ–માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

ચોથા ખંડમાં અપાયેલું આ માર્ગદર્શન, ગુરુપૂજન અંગેની કેટલીક સવેળાની સમજણથી વધુ સમૃદ્ધ બન્યું છે. પૈસાથી ગુરુપૂજન ન થઇ શકે, એવી ભ્રમણાના અને ગુરુ-પૂજનનું એ દ્રવ્ય ગુરુની વૈયાવચ્ચમાં ખતવવાની મહા ભ્રમણાનો ભોગ બનેલા વર્ગે, આ ચોથો ખંડ ખાસ વાંચવા–વિચારવા જેવો છે અને એ સમજી લેવા જેવું છે કે–'ગુરુ-પૂજન થઈ શકે છે, ગુરુની નવાંગી પૂજા ય થઇ શકે છે; એમાં નાણું મૂકવાની પરંપરા શાસ્ત્રસિદ્ધ છે અને ગુરુપૂજનનું આ દ્રવ્ય દેવદ્રવ્ય જ ગણાય છે. એને વૈયાવચ્ચના ખાતામાં ન જ ખતવી શકાય !'

આજે જ્યારે દેવદ્રવ્યના પૈસાથી બંધાયેલી ચાલીઓ–બિલ્ડીંગોમાં રહેવાનો પ્રવાહ વધતો જાય છે, સ્વપ્નદ્રવ્યને દેવદ્રવ્ય ગણતા સંઘોનું મોટા પ્રમાણમાં અસ્તિત્વ હોવા છતાં; સ્વપ્નદ્રવ્યને સાધારણમાં લઇ જવાની અશાસ્ત્રીય એક વિચારધારા સાવ સૂકાઇ ગઇ નથી, દેવદ્રવ્યના પૈસા કેટલાક

જૈનો પોતે વ્યાજે રાખતા થઇ ગયા છે અને ગુરુપૂજનના પૈસા ગુરુ વૈયાવચ્ચ ખાતે ખતવવાની પ્રવૃત્તિ વધી રહી છે, ત્યારે 'સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે' આ પુસ્તિકાનું સર્વજનોપકારી સંપાદન-સંકલન કરીને સુપ્રસિદ્ધ વક્તા પ્રશાંતમૂર્તિ સિદ્ધહસ્ત સાહિત્યકાર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયકનકચન્દ્રસૂરીશ્વરજી** મહારાજે જૈન જગતને મહત્વનું અને મનનીય એક માર્ગદર્શન આપ્યું છે—એમ અતિશયોક્તિ વિના કહી શકાય !

આ પુસ્તિકાના સંપાદન—સંકલનમાં પૂ. આચાર્યદેવ શ્રીએ, ભારતભરના સંઘોને એક મહત્વનું માર્ગદર્શન પૂરૂં પાડવાની એકમાત્ર કલ્યાણ-કામનાથી કુશળતાભરી જે મહેનત લીધી છે-એ તો આનું સાંગોપાંગ વાચન કરનાર જ સમજી શકે ! એઓશ્રીના શિષ્યરત્ન શ્રુતોપાસક પૂ. ઉપાધ્યાયજી **શ્રી મહિમાવિજયજી મહારાજ**ની પ્રેરણાથી ઉદ્ભવેલી સંસ્થા "શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિર પાટણ" આ પુસ્તકના પ્રકાશનમાં નિમિત્ત બને છે, એ આનંદની વાત છે. સંસ્થાએ આજ સુધી પ્રગટ કરેલા પુસ્તકોની પરંપરામાં આ પુસ્તક, સર્વોપકારી સાહિત્યનો વધુ ઉમેરો કરે એવું છે.

મહત્વનું અને મનનીય માર્ગદર્શન પૂરૂં પાડતા આ પુસ્તકના સંપાદન-સંકલન બદલ જૈનસંઘો, પ્રશાતમૂર્તિ

સુપ્રસિદ્ધ સાહિત્યકાર પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના ઋણી રહેશે—એ નિઃશંક વાત છે.

દેવદ્રવ્યની પરમપવિત્રતા સમજવા, એના રક્ષણથી બંધાતાં પ્રકૃષ્ટ-પુણ્યની અને ભક્ષણથી લાગતા પ્રબળ-પાપની સમજણ મેળવવા તેમજ દેવદ્રવ્ય વિષયક અનેકાનેક નાની-મોટી વિગતોનો સચોટ ખ્યાલ મેળવવા સહુ કોઈ આ પુસ્તકને વાંચે-વિચારે અને એના માર્ગદર્શનને વર્તનમાં મૂકે એ જ એક અભિલાષા સાથે, આના સંપાદક-સંયોજક પૂજ્ય આચાર્યદેવશ્રીના ચરણોને વંદનાવલિની પુષ્પાંજલિથી વધાવતા આનંદ અનુભવું છું !

વિ. સં. ૨૦૩૫, માગશર શુદ ૧<br>ધારણોજ.<br>તા. ૧-૧૨-૧૯૭૮.

—મુનિ પૂર્ણચન્દ્રવિજય.

# ● વિષયાનુક્રમ ●


| ખંડ ક્રમાંક | વિષય | પેજ |
|---|---|---|
| ૧ | શાસ્ત્રાનુસારી મહત્ત્વનો નિર્ણય | ૧ થી ૪૮ |
| ૨ | સુવિહિત મહાપુરુષોએ સ્વીકારેલી અને ઉપદેશેલી હકીકત | ૪૯ થી ૬૪ |
| ૩ | શાસ્ત્રાનુસારી પ્રણાલીનો નિડરતા પૂર્વક પ્રચાર કરવો જરૂરી છે. | ૬૫થી૧૨૭ |
| ૪ | દેવદ્રવ્યની રક્ષા અને તેનો સદ્-ઉપયોગ કઈ રીતે કરવો ? | ૧૨૮થી૧૩૬ |
| | પૂરવણી | ૧૩૭થી૧૫૨ |




# સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે

## પૂ. પાદ સુવિહિત આચાર્યાદિ મુનિભગવંતોનું શાસ્ત્રાનુસારી સચોટ માર્ગદર્શન.

## સુપનની ઘીની બોલીમાં ચાર્જ વધારીને તે વધારો સાધારણમાં લઇ જવાય કે કેમ ?

### તે સંબધી પૂ. પાદ સુવિહિત આચાર્ય મહારાજાઓનો શાસ્ત્રાનુસારી મહત્ત્વનો નિર્ણય

**નોંધ:** અત્રે એક મહત્ત્વનો અને સમસ્ત ભારતભરના શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘને હંમેશને માટે શાસ્ત્રાનુસારી માર્ગ-દર્શન પ્રાપ્ત થાય તે એક શુભ ઉદ્દેશથી નીચેનો પત્ર વ્યવહાર પ્રસિદ્ધ થઈ રહેલ છે.

તેનો ઈતિહાસ આ મુજબ છે. વિ. સં. ૧૯૯૪ની સાલમાં શાંતાક્રુઝ ખાતે પૂ. પાદ સિદ્ધાંતમહોદધિ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજશ્રીની આજ્ઞાથી પૂ. મુનિવરો શ્રી પર્યુષણા પર્વની આરાધના માટે શ્રી સંઘની વિનંતિથી પધાર્યા હતા. તે સમયે સંઘના કેટલાક ભાઈઓની ભાવના સાધારણ ખાતાના ખર્ચને પહોંચી વળવા સુપનની બોલીમાંના ઘીના ભાવ વધારીને તે ભાવ વધારો સાધારણમાં લઈ જવાની થઈ. તે વાત સંઘમાં જયારે ઠરાવરૂપે મૂકાઈ ત્યારે તે ચાતુર્માસમાં શ્રી પર્યુષણાપર્વની આરાધના કરાવવા શ્રી સંઘની વિનંતિથી પધારેલા પૂ. મુનિ મહારાજાઓએ તેનો સારીરીતે વિરોધ કરતાં જણાવ્યું કે 'આ વસ્તુ વ્યાજબી થતી નથી. શાસ્ત્રાનુસારી તથા વ્યવહારૂ પણ નથી. સ્વપ્નાની બોલીમાં આમ સાધારણ ખાતાની ઉપજ ભેળવી

દેવાય નહિ. અમારો આને અંગે સ્પષ્ટ વિરોધ છે, ને વધુમાં તેઓએ જણાવ્યું કે, 'સંઘે આવી બાબતમાં નિર્ણય લેતાં પહેલાં વર્તમાન કાલમાં જૈન સંઘમાં બિરાજમાન પૂ. સુવિહિત શાસનમાન્ય આચાર્ય ભગવંતોને પૂછી જોવું જોઈએ ને ત્યારબાદ તેઓશ્રીની સમ્મતિથી જ, આ વિષયમાં નિર્ણય લઈ શકાય.'

આથી તે વખતે શ્રી શાંતાક્રુઝ સંઘના પ્રમુખ સુશ્રાવક **જમનાદાસ મોરારજી** જે. પી. એ આ હકીકતને માન્ય કરીને સમસ્ત ભારતમાંથી જૈન શ્વે. મૂ૦ પૂ. સંઘમાં તેમાંયે તપાગચ્છ શ્રી સંઘમાં વિદ્યમાન પૂ. આચાર્ય ભગવંતોને આ વિષયમાં પત્ર લખેલ, ને તેના જે જે પ્રત્યુત્તર પ્રાપ્ત થયેલ તે બધું સાહિત્ય વિ. સં. ૧૯૯૫ ના મારા લાલબાગ-જૈન ઉપાશ્રયના ચાતુર્માસ દરમ્યાન મને સુશ્રાવક નેમિદાસ અભેચંદ-માંગરોલ નિવાસી તરફથી પ્રાપ્ત થયેલ. તે મેં પ્રથમ 'કલ્યાણ' માસિકમાં પ્રસિદ્ધ કરવા આપેલ અને આજે ફરીથી તે પત્ર વ્યવહાર ગ્રંથસ્થ થાય તેમ અનેક સુશ્રાવકોની ભાવનાને સ્વીકારીને અત્રે તે પ્રસિદ્ધ થઇ રહેલ છે. **-સંપાદક**

*

## શાંતાક્રુઝ શ્રીસંઘ તરફથી લખાયેલો પ્રથમ પત્ર

**સવિનય લખવાનું કે, અત્રેનો શ્રી સંઘ સં. ૧૯૯૩ ની સાલ સુધી સુપનની ઘીની બોલીના રૂા. ૨ાા મણ ૧ ના લેતા હતા. અને તેને અંગે થયેલી આવક દેવદ્રવ્યમાં લેતા હતા. પણ સાધારણ ખર્ચને પહોંચી વળવા માટે ચાલુ સાલમાં વિચાર કરી એક ઠરાવ કર્યો કે સુપનની ઘીની બોલીના મણ ૧ ના રૂા. ૨ાા છે તેના બદલે હવેથી મણ ૧ ના રૂા. ૫) કરવા. જેમાંથી હંમેશની માફક રૂપીયા ૨ાા દેવદ્રવ્યમાં લઈ જવા, અને રૂા. ૨ાા) સાધારણ ખર્ચને પહોંચી વળવા માટે સાધારણ ખાતામાં લઈ જવા. ઉપર**

મુજબનો કરેલ ઠરાવ શાસ્ત્રના આધારે અથવા પરંપરાએ બરાબર ગણાય કે કેમ? તે માટે આપનો અભિપ્રાય જણાવવા મહેરબાની કરશોજી, કે જેથી તે ફેરફાર કરવાની અગત્ય હોય તો સવેળા કરી શકાય. શ્રી સુરત, ભરૂચ, વડોદરા, ખંભાત, અમદાવાદ, મ્હેસાણા, પાટણ, ચાણસ્મા, ભાવનગર કે અન્ય બીજા શહેરોમાં કેવી પ્રણાલિકા છે? અને તે શહેરોના શ્રી સંઘ કેવી રીતે ઉપયોગ સુપનની બોલીના ઘીની ઉપજનો કરે છે? તે માટેનો આપનો અનુભવ જણાવવા મહેરબાની કરશોજી.

શ્રી સંઘના ઉપરના ઠરાવ મુજબ શ્રી સુપનની બોલીના ઘીની ઉપજ શ્રી દેવદ્રવ્ય અને સાધારણમાં લઈ જાય તો, શ્રી સંઘ દોષિત થાય કે કેમ? તે માટે આપશ્રીનો અભિપ્રાય જણાવશોજી.

સંઘના પ્રમુખ,

**જમનાદાસ મોરારજી**

---

## ફરીથી તે વિષયનો શ્રી સંઘે લખેલ બીજો પત્ર

પૂજ્ય પાદ....

સવિનય લખવાનું કે અત્રેના શ્રી સંઘ સુપનાની ઘીની બોલીના રૂા. ૨ાા)નો દર ગયા વર્ષ સુધી હતો. જે આવક અત્રે દેવદ્રવ્યમાં લેતા હતા. પણ સાધારણ ખર્ચને પહોંચી વળવા માટે શ્રી સંઘે વિચાર કરી એક ઠરાવ કીધો કે, 'અસલના રૂા. ૨ાા) આવે તે હંમેશની માફક દેવદ્રવ્યમાં

લઇ જવા અને રૂા. ૨ાા) વધારી જે ઉપજ આવે તે સાધારણ ઉપજમાં લઈ જવા. ઉપર મુજબ કરેલો ઠરાવ શાસ્ત્રના આધારે બરાબર છે કે કેમ? તે માટે આપનો અભિપ્રાય જણાવવા મહેરબાની કરશોજી. શ્રી સુરત, ભરૂચ, વડોદરા, ખંભાત, અમદાવાદ, મ્હેસાણા, પાટણ, ચાણસ્મા, ભાવનગર વગેરેના શ્રી સંઘો સુપનની બોલીની ઉપજની રકમનો કેવી રીતે ઉપયોગ કરે છે તે આપના ધ્યાનમાં હોય તે જણાવશોજી.

**નોંધ**-સાંતાક્રૂઝ શ્રી સંઘ તરફથી લખાયેલ પત્રના ઉત્તરરૂપે પૂ. પાદ સુવિહિત શાસન માન્ય આચાર્ય ભગવંતોનાં તરફથી જે જે પ્રત્યુત્તરો શ્રી સંઘના પ્રમુખ સુશ્રાવક **જમનાદાસ મોરારજી** જે. પી. ઉપર આવેલા તે તે બધાયે પત્રો અત્રે રજુ થઈ રહેલ છે. જે ઉપરથી સ્પષ્ટ રૂપે જોઇ શકાશે કે, 'સુપનની ઉપજના નામે વધારો કરીને લેવાયેલી ઉપજ પણ સાધારણ ખાતામાં ન લઈ જવાય' તેમ સચોટ અને મક્કમપણે પૂ. પાદ શાસનમાન્ય આચાર્ય ભગવંતોએ ફરમાવેલ છે, તો આજે જેઓ સારીયે સ્વપ્નદ્રવ્યની ઉપજને સાધારણ ખાતામાં લઇ જવાની હિમાયત કરી રહેલ છે, તે વર્ગ કેટ–કેટલો શાસ્ત્રીય સુવિહિત માન્ય પરંપરાથી દૂર–સુદૂર જઇને શ્રી વીતરાગદેવની આજ્ઞાના આરાધક કલ્યાણકામી અનેક આત્માઓનું અહિત કરવાની પાપપ્રવૃત્તિ આચરી રહેલ છે. તે દરેક સુજ્ઞ આરાધક આત્મા સ્વયં વિચારી શકે છે.

**–સંપાદક**

*

## ( ૧ )

તા. ૨૩–૧૦–૩૮

અમદાવાદથી લિ૦ પૂજ્યપાદ આરાધ્યપાદ આચાર્યદેવ શ્રી શ્રી શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજજી તરફથી–

તત્ર શાંતાક્રુઝ મધ્યે દેવગુરુ પુણ્યપ્રભાવક સુશ્રાવક જમનાદાસ મોરારજી વિ. શ્રી સંઘ સમસ્ત યોગ્ય.

જણાવવાનું કે તમારો પત્ર મળ્યો. વાંચી બીના જાણી. પૂજ્ય મહારાજજી સાહેબને બે દિવસથી બ્લડપ્રેશરનું દરદ થયેલું છે. જેથી આવા પ્રશ્નોના જવાબની માથાકુટમાંથી છૂટા થયા છે. માટે હવેથી આવા પ્રશ્નો અત્રે મોકલવા નહિં. કારણ કે દાકતરે મગજમારી કરવાની તથા બોલવાની મનાઇ કરેલી છે.

છતાં અમારો અભિપ્રાય પૂછો તો ટૂંકમાં જણાવીએ છીએ કે, " સુપનની ઉપજના પૈસા દેવદ્રવ્યમાં જ અમો તો વપરાવીએ છીએ. અને અમારો અભિપ્રાય દેવદ્રવ્યમાં જ છે. વળી ઘણા જ ગામમાં તથા શહેરોમાં દેવદ્રવ્યમાં જ વાપરવાની પ્રણાલિકા છે. "

સાધારણ ખાતામાં ખાડો હોય તો તેના માટે બીજી ટીપ કરવી સારી છે-પણ સુપનના ઘીના રૂા. રાા ના ભાવના બદલે રૂા. ૫) નો ભાવ લઇને અડધા પૈસા દેવદ્રવ્યમાં લઇ જવા વ્યાજબી નથી. અને જો સંઘ તેમ કરે તો દોષના ભાગીદાર છે. એવી રીતે કરે તેના કરતાં સાધારણ ખાતાની જુદી ટીપ કરવી શું ખોટી? માટે સુપનાના નિમિત્તના પૈસા સાધારણમાં લઈ જવા તે અમોને તો ઠીક લાગતું નથી. અમારો અભિપ્રાય દેવદ્રવ્યમાં જ વાપરવાનો છે.

પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી,
દઃ મુનિ કુમુદવિજયજી

★

( ૨ )

સાણંદથી આચાર્ય મહારાજ શ્રી **વિજયમેઘસૂરીશ્વરજી** મ. આદિ તરફથી—

મુંબઈ મધ્યે દેવગુરુભક્તિકારક સુશ્રાવક જમનાદાસ મોરારજી યોગ ધર્મલાભ. અત્ર સુખશાતા છે. તમારો પત્ર મળ્યો, તે સંબંધમાં જણાવવાનું કે સ્વપ્નની બોલી સંબંધી જે કાંઈ ઉપજ હોય તે દેવદ્રવ્ય સિવાય બીજે ન લઈ જઈ શકાય. અમદાવાદ, ભરૂચ, સુરત, છાણી, પાટણ, ચાણસ્મા, મ્હેસાણા, સાણંદ વિ. ઘણા સ્થળોમાં પ્રાયઃ ઉપર જણાવ્યા પ્રમાણે પ્રવૃત્તિ ચાલે છે, એ જ. ધર્મસાધનમાં વિશેષ ઉદ્યમ રાખશો.

દઃ **સુમિત્રવિજયના** ધર્મલાભ.

---

( ૩ )

ઉદેપુર આ. સુ. ૬

માલદાસની શેરી,

જૈનાચાર્ય **વિજયનીતિસૂરીશ્વરજી** આદિ ઠા. ૧૨. શાંતાક્રુઝ મધ્યે સુશ્રાવક દેવગુરુ ભક્તિકારક શ્રાવકગુણસંપન્ન શા. જમનાદાસ મોરારજી જોગ ધર્મલાભ વાંચશો. દેવગુરુ પ્રતાપે સુખશાતા છે. તેમાં પ્રવર્તતા તમારો પત્ર મળ્યો. વાંચી સમાચાર જાણ્યા. વળી પણ લખશો. જૂની પ્રણાલિકા પ્રમાણે અમો સ્વપ્નાની ઉપજ દેવદ્રવ્યમાં લઈ જવાના વિચારના છીએ. કારણ સ્વપ્નાંને તીર્થંકરની માતા જુવે છે,

તે પૂર્વે તીર્થંકર નામ બાંધ્યાથી તીર્થંકરમાતા ચૌદ સ્વપ્નાં જુવે છે. તે ચ્યવન કલ્યાણકના અંગે સૂચવનારા છે, અમદાવાદમાં સ્વપ્નાની ઉપજ દેવદ્રવ્યમાં જાય છે. તે જાણશો.

એ જ. સંભારે તેને ધર્મલાભ કહેશો.

દઃ **પંન્યાસ સંપતવિજયજી** ગણિના ધર્મલાભ.

---

(૪)

તા. ૨૮–૯–૩૮

સિદ્ધક્ષેત્ર–પાલીતાણાથી લિ૦ આચાર્ય **શ્રી વિજયમોહનસૂરિજી** આદિ. તત્ર દેવગુરુ ભક્તિકારક સુશ્રાવક શેઠ જમનાદાસ મોરારજી મુ. શાંતાક્રુઝ યોગ્ય ધર્મલાભ સહ–અત્ર દેવગુરુ પસાયે સુખશાતા છે. તમારો પત્ર મલ્યો, સમાચાર જાણ્યા.

પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વમાં સ્વપ્નાના ચઢાવાનું દ્રવ્ય કયા ખાતાનું ગણાય તેમ પૂછ્યું તો તે બાબતમાં જણાવવાનું કે–ગજવૃષભાદિ જે ચૌદ મહાસ્વપ્નો શ્રી તીર્થંકર ભગવંતની માતાને આવેલ છે. તે ત્રિભુવન પૂજ્ય શ્રી તીર્થંકર મહારાજા ગર્ભમાં પધારેલા હોવાથી તેમના પ્રભાવે જ માતાને ચૌદ સ્વપ્નો આવે છે, અર્થાત્ માતાને આવતા ચૌદ સ્વપ્નોમાં તીર્થંકર ભગવંત જ કારણ છે.

ઉપર મુજબ સ્વપ્નો આવવામાં જ્યારે તીર્થંકર ભગવંત નિમિત્ત છે, તો તે સ્વપ્નની ઉછામણી ચઢાવવા નિમિત્તે ઉત્પન્ન થતું જે દ્રવ્ય હોય તે દેવદ્રવ્યમાં જ ગણાય. એમ

અમોને ઉચિત લાગે છે. જે દ્રવ્યની ઉત્પત્તિમાં દેવનું નિમિત્ત હોય તે દ્રવ્ય દેવદ્રવ્ય ગણાય. એમ અમો માનીએ છીએ.

એ જ ધર્મકરણીમાં વિશેષ ઉજમાળ થવું. સંભારનાર સર્વને ધર્મલાભ કહેવા. આસો સુ. ૩ સોમવાર.

દઃ **ધર્મવિજયના** ધર્મલાભ.

(વર્તમાનમાં પૂ૦ આ. મ. શ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મ.)

તમારે ત્યાં આજ સુધી ઉછામણીનો ભાવ એક મણે અઢી રૂપિયાનો હતો અને તે બધું દ્રવ્ય દેવદ્રવ્ય તરીકે જ ગણવામાં આવતું. તે અઢી રૂપિયા દેવદ્રવ્યના કાયમ રાખીને મણનો ભાવ તમો પાંચ રૂપીયા ઠરાવ્યો. અને બાકીના રૂપિયા અઢી સાધારણમાં લઈ જવાનું નક્કી કર્યું, તે અમને શાસ્ત્રદૃષ્ટિએ વ્યાજબી લાગતું નથી. આજે તો તમોએ સ્વપ્નની ઉછામણીમાં આ કલ્પના કરી, કાલે પ્રભુની આરતી પૂજા વિગેરેના ચઢાવામાં ઉપર મુજબ કલ્પના કરશો, તો પછી તેમાં શું પરિણામ આવશે? માટે હતું એ સર્વોત્તમ હતું કે, સ્વપ્નની ઉછામણીના અઢી રૂપિયા કાયમ રાખો અને સાધારણની ઉપજ માટે સ્વપ્નની ઉછામણીમાં કોઈપણ જાતની કલ્પના ન કરતાં બીજો ઉપાય શોધો. એ વધુ ઉત્તમ છે. એ જ ધર્મકરણીમાં ઉજમાળ રહેવું.

---

( ૫ )

ઇડર આ. સુ. ૧૪

પૂજ્ય આ. મહારાજ **શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી**

મહારાજની આજ્ઞાથી તત્ર સુશ્રાવક દેવગુરુ ભક્તિકારક જમનાદાસ મોરારજી યોગ્ય ધર્મલાભ વાંચશો.

તમારો પત્ર મળ્યો. વાંચી બીના જાણી, તમો દેવદ્રવ્યનો ભાવ રૂપીયા રાા છે. તેનો પાંચ કરી રાા સાધારણ ખાતામાં લઈ જવા માંગો છો તે જાણ્યું, પરંતુ તેમ થવાથી જે પચીશ મણ ઘી બોલવાને ભાવવાળો હશે તે બારમણ બોલશે. એટલે એકંદરે દેવદ્રવ્યને નુકશાન થવાનો ભય રહે છે, માટે એમ કરવું એ અમોને ઉચિત લાગતું નથી. સાધારણ ખાતાની આવક કોઈ પ્રકારના લાગા નાખીને ઉત્પન્ન કરવી એ ઠીક લાગે છે. બીજા ગામોમાં શી રીતે થાય છે તેની અમોને ખાસ માહિતી નથી. જ્યાં જ્યાં હમોએ ચોમાસું કર્યું છે ત્યાં ત્યાં દેવદ્રવ્યમાં મોટે ભાગે ગયું છે. કેટલેક ઠેકાણે સુપનની આવકમાંથી અમુક આની સાધારણ ખાતામાં લઈ જાય છે. પરંતુ એ પ્રમાણે કરનારા ઠીક નથી કરતા એમ અમારી માન્યતા છે. એ જ ધર્મ સાધનમાં ઉદ્યમ રાખશો.

દઃ **પ્રવિણવિજયના** ધર્મલાભ.

---

( ૬ )

**મુંબઇ** લાલબાગ ભા. વ. ૧૪

પ. પૂ. પાદ આચાર્યદેવ શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી** મ૦ તરફથી શાંતાક્રુઝ મધ્યે દેવગુરુ ભક્તિકારક સુશ્રાવક જમનાદાસભાઈ યોગ્ય ધર્મલાભ. તમારો પત્ર મળ્યો, વાંચી હકીકત જાણી.

સૂરત, ભરૂચ, અમદાવાદ, મ્હેસાણા અને પાટણમાં મારી જાણ મુજબ કોઇ અપવાદ સિવાય સુપનની આવક દેવદ્રવ્યમાં જાય છે.

વડોદરામાં પહેલાં હંસવિજયજી લાયબ્રેરીમાં લઇ જવાનો ઠરાવ કર્યો હતો, પણ પાછળથી ફેરવીને દેવદ્રવ્યમાં લઈ જવાની શરૂઆત થઇ હતી.

ખંભાતમાં અમરચંદ શાળામાં દેવદ્રવ્યમાં જ જાય છે. ચાણસ્મામાં દેવદ્રવ્યમાં જાય છે. ભાવનગરની ચોક્કસ માહિતી નથી.

અમદાવાદમાં સાધારણ ખાતા માટે ઘર દીઠ દર સાલ અમુક રકમ લેવાનો રીવાજ છે, જેથી કેશર, સુખડ, ધોતીયા વિગેરેનો ખર્ચ થઇ શકે છે. એવી યોજના અથવા દરસાલ ટીપની યોજના કાયમ ચાલે તેવી રીતે શક્તિ પ્રમાણે થઈ જાય તો સાધારણમાં વાંધો આવે નહિં.

પણ સુપનની ઉપજ લઇ જવી એ તો કોઈ રીતે ઉચિત લાગતું નથી. તીર્થંકર દેવને ઉદ્દેશીને જ સ્વપ્નાં છે અને તેથી તે નિમિત્તનું દેવદ્રવ્યમાં જવું જોઇએ.

"ગપ્પ દીપિકા સમીર" નામની ચોપડીમાં પ્રશ્નોત્તરમાં પૂજ્ય સ્વ. આચાર્યદેવ વિજયાનંદસૂરિજીનો પણ એવો જ અભિપ્રાય છપાયેલો છે.

સર્વેને ધર્મલાભ જણાવશો.

એ જ દઃ હેમંતવિજયના ધર્મલાભ.

( ૭ )

જૈન ઉપાશ્રય—કરાડ

**આ. શ્રી વિજયરામચંદ્રસૂરિ** તરફથી.

ધર્મલાભ. સ્વપ્ન ઉતારવાની ક્રિયા પ્રભુભક્તિ નિમિત્તે જ થાય છે. માટે એની ઉપજ ઓછી થાય એવું કોઈપણ પગલું ભરવાથી દેવદ્રવ્યની ઉપજ રોકવાનું પાપ લાગે એ કારણે જ તમારો ઠરાવ કોઈ પણ રીતે યોગ્ય નથી, પણ શાસ્ત્રવિરુદ્ધ છે. સાધારણની ઉપજ માટે અનેક ઉપાયો યોજી શકાય છે.

અમદાવાદ આદિમાં સ્વપ્નની ઉપજ જીર્ણોદ્ધારમાં જ અપાય છે. જે જે સ્થળે ગરબડ હોય અથવા થઈ હોય તો તે અજ્ઞાનનું જ પરિણામ છે. માટે એનું દૃષ્ટાંત લઈ આત્મનાશક વર્તાવ કોઈ પણ કલ્યાણકામી શ્રી સંઘે ન જ કરવો જોઈએ.

એ જ સૌ શ્રી જિનાજ્ઞારસિક અને પાલક બને, એ જ એક અભિલાષા.

---

( ૮ )

શ્રી મુકામ પાટણથી લી. **વિજયભક્તિસૂરિ** તથા પં. **કંચનવિજયાદિ** ઠા. ૧૯. મુ. શાંતાક્રુઝ—

દેવગુરુભક્તિકારક ધર્મરાગી જમનાદાસ મોરારજી યોગ્ય ધર્મલાભ વાંચશો. તમારો પત્ર પહોંચ્યો, વાંચી સમાચાર જાણ્યા. તમોએ સ્વપ્નાની બોલીની ઘી બાબતમાં પૂછાવ્યું તેના જવાબમાં—

પ્રથમ અઢી રૂપિયાના ભાવથી દેરાસરજીમાં લઈ જતા. હવે પાંચનો ઠરાવ કરી અડધું સાધારણમાં લઈ જવાનો ઠરાવ કરો છો, તે બાબતમાં વિચારણીય પ્રશ્ન છે. કારણ જે અઢીના પાંચ કરીએ ત્યારે જે અઢીના ભાવથી ઘી બોલાતું હોય તેમાંથી પાંચના ભાવનું સ્વાભાવિક ઓછું જ બોલાય. એટલે મૂળ આવકમાં ફેરફાર થાય. વળી મુનિ સંમેલન વખત-સાધારણમાં અડધું લઈ જવાનો ઠરાવ થયો નથી.

છતાં તમો વયોવૃદ્ધ આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરિજી તથા વિજયનેમિસૂરિ મહારાજને પૂછાવી લેશો.

તમારા જેવા ગૃહસ્થો ધારે તો સાધારણનો લેશ માત્ર ખાડો ન પડે, ન ધારીએ તો પડે. સૌથી ઉત્તમ માર્ગ તો પ્રથમ છે તે જ પ્રમાણે રાખવું. પછી કદાચ તમારા લખવા પ્રમાણે અડધો અડધ કરવું હોય તો ઉપર લખેલ બે ઠેકાણે પૂછાવીને કરી લેશો. તે બરાબર ધ્યાનમાં લેશો. ધાર્મિક ક્રિયા કરી જીવન સફળ કરશો. અમદાવાદ સુધી કદાચ આવવાનું થાય તો પાટણ શહેરના દેહેરાસરજીની જાત્રાનો લાભ લેશો.

---

(૯)

**ખંભાત** આસો સુ. ૧

આ. **વિજયક્ષમાભદ્રસૂરિ** તરફથી.

સુશ્રાવક દેવ-ગુરુ-ભક્તિકારક શેઠ જમનાદાસ મોરારજી યોગ્ય ધર્મલાભ સાથે માલુમ થાય જે તમારો પત્ર મલ્યો સમાચાર જાણ્યા.

ત્યાંના સંઘે કરેલો નવો ઠરાવ શાસ્ત્રીય રીતે બરાબર નથી. કારણ કે દેવદ્રવ્યના નામે ઉત્પન્ન કરાએલ રકમનો કોઈપણ ભાગ દેવમંદિર અને મૂર્ત્તિના નિભાવ સિવાય બીજા ખાતામાં વાપરવો જોઇએ નહિ. આપનારાઓની ભાવના પણ દેવદ્રવ્યને જ ઉદ્દેશીને જ હોય છે. આવી પ્રવૃત્તિઓ પણ શ્રાવકના વાર્ષિક અગ્યાર કૃત્યોમાં દેવદ્રવ્યની વૃદ્ધિરૂપે જ એ કૃત્ય તેને સાચવવા માટે જ પૂર્વ પુરુષોએ પ્રચલિત કરી છે અને જયારે અનેક પેઢીઓ ચલાવતા મોટા મોટા વેપારીઓ પણ આ લોકની પ્રામાણિકતા ખાતર દરેકનો હિસાબ જુદી જુદી રીતે ચોક્ખો રાખે છે. રકમો આમતેમ ઘાલમેલ કરી શકાતી નથી. તેવી જ રીતે ધાર્મિક ખાતાઓમાં પણ એવી જ જાતનાં સ્પષ્ટ જમાખર્ચ હોવા જોઇએ.

વળી એ પણ લક્ષ બહાર ન હોવું જોઇએ કે, ઘણા બોલનારાઓ ખર્ચ ખાતામાંથી નહિ પણ દેવપૂજાની જીર્ણોદ્ધાર આદિમાં ખર્ચવા ધારેલી અથવા જુદી કાઢીને રાખેલી રકમમાંથી જ બોલીઓ બોલે છે. જયારે કેટલીક પેઢીઓમાં આવક કે બચતનો અમુક ભાગ દેવના નામે જમા થતું રહે છે. અને અવસરે અવસરે અપાતું રહે છે. આ દરેક વસ્તુ લક્ષમાં લેતાં લોકોને મૂળ ભાવનામાંથી ચુકવે અને જતા દિવસે નવા આવેલા અથવા વસ્તુથી અજાણ માણસોને દેવદ્રવ્યમાંથી આડા-અવળા માર્ગે રકમ ખર્ચવા પાછલે બારણેથી છૂટ આપે એવા ઠરાવો વ્યાજબી ગણાય નહિ.

સાધારણ ખાતાની ખોટની બૂમો અનેક ઠેકાણે સંભળાય છે. પરંતુ તમારા જેવા જવાબદાર ધર્મરુચિવાળા જીવો ધારે

તો એકલા હાથે એટલી રકમ આપી શકે કે જેના વ્યાજ-માંથી પણ આવા પરચુરણ ખરચો નભતા રહે અને પોતાના દૃષ્ટાંતથી બીજાને પણ એ માર્ગે પ્રેરી શકે. જ્યારે એના એ સમાજે જ ખર્ચ ઉપાડવાનો છે તો પ્રથમથી જ સાધારણની સારી જેવી ટીપ કરી લેવી હિતાવહ ગણાય.

હમોએ તમારા કરેલા ઠરાવ મુજબના ઠરાવો કેટલાક ઠેકાણે થયેલા જાણ્યાં છે. પરંતુ પણ તે જૂદા જ છે. અને અમો પણ જ્યાં સુધી હમારો આવાજ પહોંચી શકયો છે, ત્યાં સુધી વસ્તુને મૂળ સ્થિતિ ઉપર લાવી સાધારણની જુદી ઉપજ કરાવવા પ્રયત્ન કર્યો છે. અને ગુરુકૃપાએ કેટલાક સ્થળે સફળતા પણ મળી છે.

ઘણા સ્થળો એવા પણ જોવામાં આવે છે કે જ્યાંના કારભારીઓ પોતાની બુદ્ધિ અનુસાર અમુક વ્યવસ્થા વરસો સુધી ચલાવી રાખે છે અને સ્થિતિ સાફ બગડતા મુનિરાજો પાસે ફરિયાદ લઈને જાય છે, જેનું પરિણામ અરણ્યરૂદન સિવાય કાંઈ પણ આવતું નથી. ધર્મકાર્ય લખશો. ધર્મ-કાર્યમાં ઉદ્યમ રાખશો. —**ક્ષમાવિજય**

હમારા અક્ષર બરાબર વાંચી ન શકાય આટલા ખાતર પત્ર ગુજરાતીમાં લખાવ્યો છે. વસ્તુસ્થિતિ વિચારી ત્યાં શ્રી સંઘને કલ્યાણકારી પ્રવૃત્તિમાં કાયમ રાખશો.

ખંભાત, સૂરત વિગેરે પ્રાચીન પ્રણાલિકા રુચિવંત શહેરોમાં આવી ઘાલમેલ નથી.

*

## સ્વપ્નની ઉપજનું દ્રવ્ય દેવદ્રવ્યમાં જ જાય!

### તેને અંગે પૂ. પાદ સુવિહિત આચાર્યાદિ મહાપુષોનો

### શાસ્ત્રાનુસારી મહત્ત્વનો આદેશ.

**નોંધ**–વિ સં. ૧૯૯૪ માં પૂ. પાદ સુવિહિત શાસનમાન્ય ગીતાર્થ આચાર્ય ભગવંતોના શાસ્ત્રાનુસારી જવાબ સ્વપ્નની ઉપજ દેવદ્રવ્યમાંજ લઇ જવાય તેમાં ભાવ વધારો કરી તે પણ સાધારણમાં ન જાય, તે મુજબનો સ્પષ્ટ તેમજ મક્કમ રૂપે આવેલ. ત્યારબાદ ફરીથી વિ. સં ૨૦૧૦માં આજ એક મહત્ત્વના પ્રશ્નને અંગે તે હાલમાં સમસ્ત તપાગચ્છના શ્વે. મૂ. સંઘના વિદ્યમાન પૂ. સુવિહિત શાસન-માન્ય આચાર્ય ભગવંતોની સાથે પત્ર વ્યવહાર કરીને તેઓશ્રીનો સ્પષ્ટ અને સચોટ નિર્ણય તથા શાસ્ત્રીય માર્ગદર્શન પ્રાપ્ત કરવા વેરાવલનિવાસી સુશ્રાવક અમીલાલ રતિલાલે જે પત્ર વ્યવહાર કરેલ તે સંબંધી પૂ પાદ આચાર્ય ભગવંતોનાજે જે જવાબો પ્રાપ્ત થયેલ તે શ્રી 'મહાવીરશાસન' માં પ્રસિદ્ધ થયેલ તે ફરી ગ્રંથસ્થ થાય તો તે સાહિત્ય હંમેશને માટે પરમતારક શ્રી જૈનશાસનની પ્રત્યે આરાધક-ભાવે રૂચિ ધરાવનાર કલ્યાણકામી આત્માઓને ઉપયોગી તથા ઉપકારક બને તે જ એક શુભ ઉદ્દેશથી અત્રે પ્રસિદ્ધ થઈ રહેલ છે.

**–સંપાદક**

(૧)

**અમદાવાદ શ્રાવણ સુદી ૧૨.**

પરમ પૂજ્ય સંઘસ્થવિર–આચાર્યદેવ શ્રીમદ્ વિજય-સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ તરફથી—

વેરાવલ મધ્યે શ્રાવક અમીલાલ રતિલાલ જૈન. ધર્મલાભ. તમારો પત્ર મળ્યો વાંચી તમામ બીના જાણી, તમારા પત્રનો ઉત્તર નીચે મુજબ.

ચૌદ સુપન, પારણું, ઘોડિયાંતથા ઉપધાનની માળાની બોલીનું ઘી, તે બધી ઉપજ શાસ્ત્ર આધારે દેવદ્રવ્યમાં જ જાય છે. અને તે જ વ્યાજબી છે, તેનાં શાસ્ત્રના પાઠ શ્રાદ્ધ-વિધિ તથા દ્રવ્ય સપ્તતિકા તથા બીજા સિદ્ધાંતના પાઠોમાં છે, માટે દેવદ્રવ્યમાં જ જાય. સાધારણમાં જે લોકો લઇ જાય તે તદ્દન ખોટું છે. ધર્મ સાધનમાં ઉદ્યમ રાખશો.

લી૦ આચાર્યદેવની આજ્ઞાથી,

દઃ મુનિ **કુમુદવિજય** તરફથી ધર્મલાભ.

---

( ૨ )

**અહમદનગર** ખ્રિસ્તીગલી જૈન ધર્મશાળા સુદી ૧૪
પૂ. પાદ આચાર્યદેવ શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી** મ.
તરફથી સુશ્રાવક અમીલાલ રતીલાલ યોગ ધર્મલાભ વાંચવા.

તા. ૧૦ નો તમારો કાગળ મલ્યો છે. ચૌદ સુપન, પારણા, ઘોડિયાં તથા ઉપધાનની માળાદિનું ઘી ( ઉપજ ) અમદાવાદ મુનિ સંમેલને શાસ્ત્ર મુજબ દેવદ્રવ્યમાં લઈ જવાનું ઠરાવેલ છે. તે મુજબ તે જ યોગ્ય છે, એ જ ધર્મ-સાધનામાં ઉદ્યમવંત રહેવું.

દઃ **ત્રિલોચનવિજય**ના ધર્મલાભ.

( ૩ )

**પાલીતાણા** સાહિત્ય મંદિર તા. ૫–૮–૫૪ ગુરુવાર.

પૂ. આ. મ. શ્રી **વિજયભક્તિસૂરીશ્વરજી** મ તરફથી.

મુ. વેરાવળ શ્રાવક અમીલાલ રતિલાલ યોગ્ય ધર્મલાભ વાંચશો. તમારો પત્ર મળ્યો, નીચે લખેલ પ્રમાણે સમાચાર જાણશો.

(૧) ઉપધાનની માળનું ઘી દેવદ્રવ્ય સિવાય બીજે લઈ શકાય નહિં.

(૨) ચૌદ સ્વપ્ન તથા ઘોડિયાં–પારણાનું ઘી પણ દેવ-દ્રવ્યમાં લઇ જવું તે જ ઉત્તમ છે. મુખ્ય માર્ગ દેવદ્રવ્યમાં જ લઈ જવાનો ધોરી માર્ગ છે. મુનિ સંમેલન અમદાવાદમાં સં. ૧૯૯૦ માં થયું ત્યારે પણ ઠરાવમાં એ જ થયું છે જે મુખ્ય માર્ગ દેવદ્રવ્યમાં જ લઇ જવું. ઈત્યાદિ હકીકત જાણશો. દેવદર્શન કરતાં યાદ કરશો.

લિ૦ **વિજયભક્તિસૂરિ.** દઃ પોતે.

---

( ૪ )

**પાવાપુરી** સુ. ૧૪

પૂ. પરમ ગુરુદેવ શ્રીમદ્ **વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મ. તરફથી દેવ–ગુરુ–ભક્તિકારક સુશ્રાવક અમીલાલ યોગ ધર્મલાભ. તા. ૧૦ નો તમારો પત્ર મલ્યો, જવાબમાં જણા-વવાનું જે સ્વપ્નદ્રવ્ય પારણાં ઘોડિયા ઈત્યાદિ શ્રી જિને-

શ્વરદેવને ઉદ્દેશીને જે કોઈ બોલીઓનું ઘી થયું હોય તે શાસ્ત્ર મુજબ દેવદ્રવ્યમાં જવું જોઇએ.

આથી વિપરીત રીતે ઉપયોગમાં લેનાર દેવદ્રવ્યના નાશના પાપનો ભાગીદાર થાય છે. એજ ધર્મની આરાધનામાં સદા ઉજમાલ રહો એ જ એક સદા માટેની શુભાભિલાષા.

દઃ **ચારિત્રવિજયના** ધર્મલાભ.

---

( ૫ )

શ્રાવણ સુદ ૭ શુક્રવાર તા. ૬–૮–૫૪
**ગુડાબાલોતરા** [રાજસ્થાન]

પૂ૦ આચાર્ય મહારાજ શ્રી **વિજયમહેન્દ્રસૂરીશ્વરજી** મહારાજ આદિ.

વેરાંવળ મધ્યે સુશ્રાવક શા. અમીલાલ રતિલાલ યોગ ધર્મલાભ. લખવાનું કે તમારો પત્ર મળ્યો છે, વાંચી સમાચાર જાણ્યા છે, લખવાનું કે ઉપધાનની ઉપજ દેવદ્રવ્યમાં જાય એવો હીરપ્રશ્નમાં ખુલાસો છે. બીજું સુપનાની ઉપજ માટે સ્વપ્ન ઉતારવાનું શરૂ થયું ત્યારથી એ ઉપજ દેવદ્રવ્યમાં જાય છે. એમાંથી દેરાસરના ગોઠીને તથા નોકરોને પગાર અપાય છે. સાધુ સંમેલનમાં આ પ્રશ્ન ચર્ચાયો હતો. પરંપરાથી દેવદ્રવ્યમાં જાય છે તેથી દેવદ્રવ્યમાં લઈ જવાનો ઉપદેશ કરવો એવો નિર્ણય કરેલ. અત્રે સુખશાંતિ છે, તમને પણ સુખશાંતિ વરતે એ જ ધર્મધ્યાનમાં ઉદ્યમ કરશો. નવીન જણાવશો. દઃ મુનિરાજ શ્રી **અમૃતવિજયજી.**

( **નોંધ :** સુવિહિત આચાર્યદેવોની પરંપરાએ ચાલી અવતી આચરણા પણ ભગવાનની આજ્ઞાની જેમ માનવાનું ભાષ્યકાર ભગવાનો જણાવે છે. નિર્વાહના અભાવે દેવદ્રવ્યમાંથી ગોઠીને કે નોકરને પગાર અપાય એ જૂદી વાત છે. પરંતુ જ્યાં નિર્વાહ કરી શકાય તેમ હોય છતાં અપાય તો તેમાં દોષિત થવાય એમ અમારૂં માનવું છે.)

---

( ૬ )

સ્વસ્તિ શ્રી **રાધનપુરથી** લિ૦ આચાર્ય **શ્રી વિજયકનકસૂરિજી** આદિ ઠા. ૧૦ તત્ર શ્રી વેરાવળ મધ્યે સુશ્રાવક દેવગુરુભક્તિકારક શા. અમીલાલભાઈ રતીલાલભાઈ યોગ્ય ધર્મલાભ પહોંચે. અત્ર દેવગુરુ કૃપાથી સુખશાતા વર્તે છે. તમારો પત્ર મળ્યો, ઉત્તર નીચે પ્રમાણે—

ચૌદ સ્વપ્ન, પારણું, ઘોડિયા તથા ઉપધાન માળ આદિનું ઘી કે રોકડા રૂપૈયા બોલાય તે શાસ્ત્રની રીતિએ તેમજ સં. ૧૯૯૦ માં જ્યારે મુનિ સંમેલન શ્રી અમદાવાદ એકત્ર થયેલ ત્યારે પણ ૯ આચાર્યોની સહિથી ઠરાવ દેવદ્રવ્યમાં લઈ જવાનો થયેલ અને ત્યારે સેંકડો સાધુ-સાધ્વીઓ અને હજારો શ્રાવક-શ્રાવિકાઓ હતા. તેનો કોઈએ વિરોધ નહિ કરેલ એટલે તે ઠરાવને કબુલ રાખેલ. એ જ ધર્મકરણીમાં ભાવ વિશેષ રાખવા એ જ સાર છે.

શ્રાવણ સુદ ૧૪

લિ૦ વિજયકનકસૂરિના ધર્મલાભ.

પં. દીપવિજયેના ધર્મલાભ વાંચવા.

---

( ૭ )

ભાયખલા જૈન ઉપાશ્રય, લવલેન
મુંબઈ નં. ૨૭ તા. ૧૫-૮-૫૪

લિ૦ વિજયામૃતસૂરિ, પં. પ્રિયંકરવિજય ગણિ આદિ. દેવગુરુભક્તિકારક શ્રાવક અમીલાલ રતિલાલ યોગ્ય ધર્મલાભ. તમારૂં કાર્ડ લાલવાડીના સીરનામાનું મળ્યું. અત્રે પ્રાતઃ સ્મરણીય ગુરુ મહારાજશ્રીના પુણ્ય પસાયથી સુખશાતા વર્તે છે.

દેવદ્રવ્યનો પ્રશ્ન શાસ્ત્ર આધારે ચર્ચીને સાધુ સંમેલનમાં તેનો નિર્ણય થયેલો છે. તે અખિલ ભારતવર્ષીય સાધુ-સંમેલનની બુક એક પ્રતાકારે બહાર પડી છે, તેમાં છે તે જોઈ લેજો. ત્યાં આ. વિજયઅમૃતસૂરિજી તથા મુનિશ્રી પાર્શ્વ-વિજયજી આદિ છે તેમની પાસેથી ખુલાસો મેળવશો તેમને સુખશાતા જણાવશો. એ જ અવિચ્છિન્ન પ્રભાવશાળી શ્રી વીતરાગશાસન પામી ધર્મની આરાધનામાં વિશેષ ઉદ્યમ-વંત થવું. એ નર જન્મ પામ્યાની સાર્થકતા છે.

---

( ૮ )

अमदाबाद दिनांक ११-१०-५४

सुयोग्य श्रमणोपासक श्रीयुत शा. अमीलालभाई जोग, धर्मलाभ. पत्र दो मिले. कार्यवशात् विलंब हो गया। खैर, आपने चौद सुपन पालणां घोडिया और उपधान की माला की बोली आदि की घी की बोली की रकम कौन

खाते में जमा करना आदि के लिये लिखा उसका प्रत्युत्तर में उपरोक्त बोली परंपरासें आचार्यदेवोने देवद्रव्य में ही वृद्धि करनेका फरमाया है। अतः वर्तमान वातावरण में उक्त कार्यमें ढिलापन नहि होने देना वरना आपको आलोचनाके पात्र बनना पडेगा। किमधिकम्।

द: वि. हिमाचलसूरिका धर्मलाभ.

---

( ૯ )

પાલીતાણાથી લિ૦ ભુવનસૂરિજીના ધર્મલાભ. કાર્ડ મળ્યો. સમાચાર જાણ્યા. સ્વપ્નાની બોલીના પૈસા દેવદ્રવ્યમાં જ જવા જોઈએ. સાધારણમાં લઈ જવાય નહિ. એ માન્યતાવાળા પૂજ્ય સિદ્ધિસૂરિજી મ. લબ્ધિસૂરિજી મ. નેમિસૂરિજી મ. સાગરજી મ. વગેરે ૫૦૦ સાધુઓની માન્યતા એ પ્રમાણે છે. આરાધનામાં રક્ત રહેશો. પારણાંની બોલી પણ દેવદ્રવ્યમાં જ જાય છે જ. સુદિ ૧૨

---

( ૧૦ )

દાઠા ( જિ. ભાવનગર ) શ્રાવણ સુદ ૧૨

પૂ૦ પા. આ. શ્રી ઋદ્ધિસાગરસૂરિજી મ સા. તથા મુનિશ્રી માનતુંગવિજયજી મહારાજ.

વેરાવળ મધ્યે સુશ્રાવક અમીલાલ રતિલાલ આદિ....

ધર્મલાભપૂર્વક જણાવવાનું જે અત્રે સુખશાતા છે. તમારો પત્ર મળ્યો. વાંચી બિના જાણી છે તે પ્રશ્નના જવા-

બમાં જાણવું જે સુપન પ્રભુજીના માતાને પ્રભુજી ગર્ભવાસ કરતાં પ્રભુના પુણ્યબલે જોવામાં આવે છે. જેથી તે વસ્તુ પ્રભુજી–દેવસંબંધીની જ ગણાય છે. ઉપરાંત માળાદિની વાત સંબંધમાં તીર્થમાળા તે પણ શ્રી પ્રભુજીના દર્શન–ભક્તિ નિમિત્તે સંઘો નીકળતાં સંઘ કાઢનાર સંઘવીને તીર્થમાળા પહેરાવવામાં આવતી એટલે તીર્થમાળા પણ પ્રભુજીની ભક્તિ નિમિત્તે થયેલ કાર્ય માટે પહેરાવવામાં આવતી જેથી તેની ઉછામણીનું દ્રવ્ય પણ દેવનું જ દ્રવ્ય ગણાય છે. તીર્થ-માળાદિ કહેતાં સર્વ પ્રકારની માળા સંબંધી સમજવું. વળી સં. ૧૯૯૦ ની સાલમાં અમદાવાદ મધ્યે સાધુ સંમે-લન મળેલ, ત્યારે પણ આ સંબંધી ઠરાવો થયેલ છે, તેમાં પણ તે દ્રવ્યને દેવદ્રવ્ય તરીકે જ નક્કી કરવામાં આવેલ છે.

---

( ૧૧ )

**ભાવનગર** શ્રાવણ સુદ ૬

લિ૦ આચાર્ય મહારાજ શ્રી **વિજયપ્રતાપસૂરિજી** મ. શ્રી તરફથી દેવગુરુ ભક્તિકારક સુશ્રાવક અમીલાલ રતિ-લાલ યોગ્ય ધર્મલાભ વાંચવા.

અત્રે ધર્મપસાયે શાંતિ છે. તમારો કાગળ મળ્યો. સમાચાર જાણ્યા. તમોએ ૧૪ સુપન, ઘોડીયા પારણાં તથા ઉપધાનની માળાની ઉપજ (ઘી)નું દ્રવ્ય કયા ખાતામાં લઈ જવાય એનો શાસ્ત્રાધારે મારી પાસે ખુલાસો માગ્યો, આવી ધાર્મિક બાબત તરફ તમારી જિજ્ઞાસા લાગણી બદલ ખુશી થાઉં

છું. પરંતુ તમારે ત્યાં ચાતુર્માસ આચાર્યાદિ સાધુઓ છે, તથા વેરાવળમાં કંઇક વર્ષોથી આ બાબતનો કેટલાએક આચાર્ય આવી ગયા તથા પંડિત મુનિરાજોના ઉપદેશ, ચર્ચા, વાટાઘાટ ચાલ્યા જ કરે છે, તે સંબંધમાં શાસ્ત્રાધારે તે દ્રવ્ય દેવદ્રવ્ય તરીકે જ છે એમ દાંડી પીટીને મુનિરાજો કહેતા આવ્યા છે અને કહે છે. કોઈ પોતાના ઘરનું કહેતા નથી. પણ શાસ્ત્રાધારે કહે છે એને શાસ્ત્રની શ્રદ્ધાથી માનનારા–સ્વીકારનારા ભવભીરૂ આત્માઓ તે મુજબ સ્વીકારી લે છે.

દઃ **ચરણવિજયજીના** ધર્મલાભ.

---

## ( ૧૨ )

શ્રી જૈન વિદ્યાશાળા, વિજાપુર [ગુજરાત]

લિ૦ આચાર્ય **કીર્તિસાગરસૂરિ, મહોદયસાગર** ગણિ વિ. ઠા. ૮.

શ્રી વેરાવળ મધ્યે દેવગુરુ–ભક્તિકારક શા. અમીલાલ રતિલાલભાઇ વગેરે.

યોગ્ય ધર્મલાભપૂર્વક જણાવવાનું કે તમારો પત્ર મળ્યો. વાંચી સમાચાર જાણી આનંદ થયો છે. અમો સર્વે સુખશાતામાં છીએ. તમો સર્વે સુખશાતામાં હશો. વિ. લખવાનું કે તમોએ લખ્યું કે સુપન, પારણાં ઘોડીઆ તથા શ્રી ઉપધાનની માળાની બોલીનું ઘી ક્યાં લઈ જવું ? તો જણાવવાનું જે પારણાં ઘોડીઆ, શ્રી ઉપધાનની ઉપજ કે ઘી દેવદ્રવ્ય ખાતામાં લઈ જવાય છે. સાધારણ ખાતામાં લઈ જવાતી

નથી. માટે ઉપધાન વગેરે ઘીની ઉપજ દેવદ્રવ્યમાં લઈ જવી એ જ ધર્મસાધન કરશો.

---

( ૧૩ )

પગથીઆનો ઉપાશ્રય, હાજા પટેલની પોળ,
**અમદાવાદ** શ્રાવણ સુદિ ૧૪

સુશ્રાવક અમીલાલ રતિલાલ યોગ ધર્મલાભપૂર્વક લખવાનું જે દેવ-ગુરુ પસાયથી અત્રે સુખશાતા છે. તારીખ ૧૦-૯-૫૪ નો લખેલો તમારો પત્ર મળ્યો. સમાચાર જાણ્યા, એ સંબંધમાં જણાવવાનું જે :—

ચૌદ સ્વપ્ન, પારણું ઘોડીઆં સંબંધીની તથા ઉપધાનની માળા આદિની ઉપજ દેવદ્રવ્યમાં જાય. સાધારણ ખાતામાં લઇ જવી ઉચિત નથી. આ બાબત રાજનગરના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મુનિ સંમેલનનો ઠરાવ સ્પષ્ટ કરે છે. એ જ ધર્મસાધનામાં ઉદ્યમશીલ રહેશો.

લિ૦ આ. **વિજયમનોહરસૂરિ**ના ધર્મલાભ.

---

( ૧૪ )

**તળાજા** તા. ૧૩-૮-૫૪

લિ૦ **વિજયદર્શનસૂરિ** આદિ.

તત્ર દેવગુરુ-ભક્તિકારક શા. અમીલાલ રતિલાલ યોગ્ય. વેરાવળ બંદરે ધર્મલાભપૂર્વક તમોએ ચૌદ સ્વપ્ન તથા

ઘોડિયા પારણાની તથા ઉપધાનની માળાની ઉપજ સાધારણ ખાતામાં લઈ જવી કે દેવદ્રવ્ય ખાતામાં લઈ જવી તે પૂછાવ્યું છે તે બાબતમાં જણાવવાનું કે પ્રામાણિક પરંપરા જે ચાલી આવતી હોય તેમાં ફેરફાર કરવો તે ઉચિત જણાતું નથી. તે પરંપરા તોડવામાં આવે તો બીજી પણ અનેક પ્રામાણિક પરંપરા તૂટી જવાનો ભય રહે છે. અત્યાર સુધી તે ઉપજ દેવદ્રવ્ય ખાતે જ લઇ જવામાં આવી છે માટે તે રીતે વર્તન કરવું એ જ ઉચિત જણાય છે.

જો કે ચૌદ સ્વપ્ન દર્શન પ્રભુની બાલ્ય અવસ્થાના કાળના છે. પરંતુ આપણે બાલ્ય માનીને કરવાનું નથી પરંતુ તે તીર્થંકર આ ભવમાં જ થવાના છે. એટલે બાલ્યવયરૂપ દ્રવ્ય નિક્ષેપો ભાવનિક્ષેપનું મુખ્ય કારણ માનીને શુભ કાર્ય કરવાના છે, એટલે ત્રિલોકાધિપતિ પ્રભુ ભગવંતને ઉદ્દેશીને જ સ્વપ્ન વિગેરે ઉતારવાનાં હોવાથી જે ઉદ્દેશીને કાર્ય કરવામાં આવે તે ઉદ્દેશમાં જ ખરચવું તે જ ઉચિત ગણાય. જેથી સ્વપ્નાદિનું ઘી ત્રિભુવનનાયક પ્રભુને ઉદ્દેશીને બોલવામાં આવે છે એટલે તેમાં જ તે ઉપજ ખર્ચાય તે ઉચિત ગણાય.

( પૂ૦ આ. મ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ. શ્રીના પટ્ટપ્રભાવક આચાર્ય મહારાજ શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મ. શ્રીજીનો અભિપ્રાય છે. )

( ૧૫ )

**ભુજ** તા. ૧૨–૮–૫૪

ધર્મપ્રેમી સુશ્રાવક અમીલાલભાઈ,

લિ૰ **ભુવનતિલકસૂરિ**ના ધર્મલાભ. પત્ર મળ્યો. જિન-દેવને આશ્રિત જે ઘી બોલાય તે સઘળું દેવદ્રવ્યમાં જ જવું જોઇએ એવા શાસ્ત્રીય પાઠો છે. દેવદ્રવ્ય સિદ્ધિની પુસ્તિકા વાંચી જવા ભલામણ છે. મુનિસંમેલનમાં ય ઠરાવ થયેલો હતો. દેવાશ્રિત સ્વપ્નાં, પારણું કે વરઘોડા આદિમાં બોલાતી બોલીઓનું દ્રવ્ય તેમજ માલારોપણની આવક આ સઘળુંય દેવદ્રવ્ય જ કહેવાય. અને તે દેવદ્રવ્ય સિવાય અન્ય કોઈ-પણ ખાતામાં તેનો ઉપયોગ ન જ થઈ શકે.

કોઇ વ્યક્તિઓ એમાં મતભેદ ધરાવે છે પણ તે અશાસ્ત્રીય અને અમાન્ય છે. દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાની આજ્ઞા છે, પણ હાનિ કરનારને મહાપાપી અને અનંતસંસારી થયાનું શાસ્ત્ર ફરમાન છે તો આજના સુવિહિત શાસ્ત્રવચન-શ્રદ્ધાળુ આચાર્ય મહારાજાઓનો આ જ સિદ્ધાંત છે અને ફરમાન છે કારણ કે ભવભીરૂ છે.

---

( ૧૬ )

**અમદાવાદ** શાહપુર, મંગલ પારેખનો ખાંચો
જૈન ઉપાશ્રય, સુદ ૧૪

ધર્મશ્રદ્ધાળુ સુશ્રાવક ભાઈ અમીલાલ રતિલાલભાઈ મુ. વેરાવળ. યોગ્ય ધર્મલાભ. તમારો પત્ર મળ્યો. સમાચાર સર્વે જાણ્યા.

ચૌદ સ્વપ્ન પારણું, ઉપધાનની માળાનું ઘી દેવદ્રવ્યમાં લઈ જવું એ જ વ્યાજબી છે. શાસ્ત્ર તેમજ પરંપરાના આધારોની હકીકત તો રૂબરૂમાં શાંતિથી સમજાવી શકાય. ધર્મભાવનામાં વૃદ્ધિ કરશો.

દઃ **ધર્મવિજયના ધર્મલાભ.**

( આ અભિપ્રાય પૂ૦ આ. મ. શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ. ના પટ્ટધર પૂ૦ આ. મ. શ્રી વિજયધર્મસૂરિજી મહારાજનો છે. )

---

( ૧૭ )

શ્રી જૈન જ્ઞાનવર્ધકશાળા, **વેરાવળ** શ્રા. વ. ૧૦

પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય આચાર્યદેવ શ્રીમદ્ વિજય-**અમૃતસૂરીશ્વરજી** મહારાજ તથા પૂ૦ મુનિરાજ શ્રી **પાર્શ્વવિજયજી** મહારાજ આદિ ઠાણા ૬ તરફથી.

દેવગુરુ-ભક્તિકારક સુશ્રાવક અમીલાલ રતિલાલ જૈન યોગ્ય. ધર્મલાભપૂર્વક જણાવવાનું જે તમારા તરફથી પત્ર મળ્યો. વાંચી વિગત જાણી. જવાબમાં જણાવવાનું જેઃ—

ચૌદ સુપન, પારણાં, ઘોડિયા તથા ઉપધાનની માળાની બોલીનું ઘી (ઉપજ) શાસ્ત્ર આધારે દેવદ્રવ્યમાં જ લેઈ જવાય. સાધારણમાં લઇ જવું શાસ્ત્ર આધારે તેમ જ પરંપરા પ્રમાણે બીલકુલ ગેરવ્યાજબી છે. આ માટે શાસ્ત્રીય પાઠો છે.

દઃ **જિનેંદ્રવિજયના ધર્મલાભ.**

---

( ૧૮ )

મુા. **લીંબડી** શ્રાવણ સુદ ૭

**ધર્મવિજય આદિ તરફથી.**

સુશ્રાવક અમીલાલ રતીલાલ મુા. વેરાવળ.

યોગ્ય ધર્મલાભ સાથે જણાવવાનું કે પત્ર મળ્યો. બીના જાણી ઉત્તરમાં જણાવવાનું કે સ્વપ્ન પારણાદિની બોલીનાં ઘીની ઉપજ શાસ્ત્રદષ્ટિએ દેવદ્રવ્યમાં જઇ શકે છે. તેમજ તીર્થમાળા ઉપધાનની માળાદિનાં ઘીની ઉપજ પણ દેવદ્રવ્યમાં જઈ શકે છે. તેનો શાસ્ત્રમાં પાઠ પણ છે. માટે દેવદ્રવ્યમાં લઇ જવું ઉચિત છે. ધર્મસાધનમાં ઉદ્યમ રાખશો.

દઃ **ધર્મવિજયના** ધર્મલાભ.

( આ અભિપ્રાય પૂ૦ આ. મ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન ઉપાધ્યાયજી ધર્મવિજયજી મહારાજનો છે. )

---

( ૧૯ )

**નાગપુર સીટી નં. ૨** ઈતવારી બઝાર,

જૈન શ્વે. ઉપાશ્રય તા. ૧૧-૮-૫૪

**ધર્મસાગર ગણિ** આદિ ઠા. ૩ તરફથી.

સુશ્રાવક દેવગુરુ-ભક્તિકારક શાહ અમીલાલ રતિલાલ વેરાવળ. ધર્મલાભપૂર્વક લખવાનું કે તમારો પત્ર તારીખ ૯-૮-૫૪ નો આજે મળ્યો. વાંચી બીના જાણી.

(૧) ચૌદ સુપનાં, પારણું ઘોડીયા તથા ઉપધાનની માળા આદિનું ઘી શાસ્ત્રીયરીતિયે તથા પરંપરા અને જ્ઞાનીઓની આજ્ઞા મુજબ દેવદ્રવ્યમાં જ લઇ જવાય. તેના માટે અમદાવાદ મુકામે સં. ૧૯૯૦ માં સમસ્ત શ્વે. મૂ૦ શ્રમણ સંઘે એકમતે સ્પષ્ટ નિર્ણય કરેલ છે. તે મંગાવી વાંચી લેવા. આ નિર્ણયનો છાપેલ પટ્ટક શેઠ આણંદજી કલ્યાણજી પેઢી અમદાવાદથી મળી શકશે. તેમાં સ્પષ્ટ છે કે પ્રભુ જિનેશ્વરદેવ સમક્ષ કે નિમિત્ત દેરાસર કે દેરાસરની બ્હાર ભક્તિ નિમિત્તે જે બોલી કે ઉપજની રકમ આવે તે દેવદ્રવ્ય ગણાય.

સુપન ઉતારવા તે તીર્થંકર ભગવાનનું ચ્યવન કલ્યાણક છે. અંજનશલાકા પ્રભાસપાટણમાં અમારા ગુરુદેવ પૂ૦ આ. શ્રી ચંદ્રસાગરસૂરિજી મહારાજ હસ્તક થયેલ. તેમાં પાંચે કલ્યાણકની આવક દેવદ્રવ્યમાં લેવાણી છે તો સુપના, પારણાઓ ચ્યવન જન્મ–મહોત્સવની પ્રભુ ભક્તિ નિમિત્તે બોલાએલ બોલી દેવદ્રવ્ય જ ગણાય. આમાં શંકાને સ્થાન નથી. છતાં સુપના તો ભગવાનની માતાને આવ્યા વગેરે કુટ દલીલો થાય છે તે જે કંઈ પ્રશ્નો પૂછવા ઘટે તે પૂછાવશો. તમામ ખુલાસા આપવામાં આવશે.

આના અંગે લગભગ બધા આચાર્યોનો એક જ અભિપ્રાય કલ્યાણ માસિકમાં શાંતાક્રુઝ સંઘ તરફથી પૂછાએલ પત્રોના જુવાબરૂપે પ્રસિદ્ધ પણ થયા છે. સિદ્ધચક્ર પાક્ષિકમાં પૂ૦ સ્વ૦ આગમોદ્ધારક શ્રી સાગરજી મહારાજાએ પણ દેવ દ્રવ્યમાં જવાનું જણાવેલ છે.

અમદાવાદ, સુરત, ખંભાત, પાટણ, મ્હેસાણા, પાલી-

તાણા વગેરે મોટા સંઘો પરંપરાથી દેવદ્રવ્યમાં લઈ જાય છે. ફક્ત મુંબઈનો આ ચેપી રોગ કેટલેક ઠેકાણે ફેલાયો હોય એ સંભવિત છે. પણ મુંબઈમાં પણ કેટલેક ઠેકાણે આઠ આની દશ આની કે અમુક ભાગ સાધારણમાં લઈ જાય છે પણ તે દેવદ્રવ્ય મંદિરનું સાધારણ એટલે તેમાંથી પૂજારી, મંદિરની રક્ષા માટે ભૈયા મંદિરનું કામ કરનાર ઘાટીના પગાર આદિમાં વપરાય છે ન કે સાધારણ એટલે બધે વપરાય તેવા અર્થમાં નહિ. આના અંગે જેને સમજવું હોય, પ્રભુ આજ્ઞા પ્રમાણે ધર્મ પાલવો હોય, વહીવટ કરવો હોય તો દરેક વાતના શંકાના સમાધાન યોગ્ય રીતે કરવામાં આવશે.

(૨) ઉપધાન અંગે તો શ્રમણ સંઘ સંમેલનનો સ્પષ્ટ ઠરાવ છે કે દેવદ્રવ્યમાં જાય તેને માટે શંકા છે જ નહિ. બધે તે મુજબ પ્રવૃત્તિ છે. મુંબઈમાં બે વર્ષથી ઠાણા અને ઘાટકોપરમાં તે રીતે ફેરવવા લઈ જવા પ્રયત્ન થયો છે; પણ ત્યાં સંઘમાં મતભેદ પડેલ છે. એટલે નિર્ણય કહેવાય નહિ.

એટલે ઉપરની બંન્ને બાબતોની આવક દેવદ્રવ્યમાં લઈ જવાય તે શાસ્ત્રાધારે તથા પરંપરાથી નિશ્ચિત છે. પછી મતિ કલ્પનાથી કોઈ સમુદાય મરજી મુજબ કરે તે વાસ્તવિક કહેવાય નહિ. सुज्ञेषु किं बहुना। ધર્મધ્યાન કરતા રહેશો.

લિ૦ **ધર્મસાગરના** ધર્મલાભ.

તા. કઃ-ગત વર્ષે અમારૂં ચોમાસું મુંબઈ આદીશ્વરજી ધર્મશાળા પાયધુની ઉપર હતું. સુપના, પારણાંની તમામ

આવક દેવદ્રવ્ય ખાતે લઈ જવાનો ચોક્કસ ઠરાવ કરી સંઘે અમારી નિશ્રામાં સુપના ઉતારેલ તે જાણશો. આ સંબંધી વધુ જે કાંઇ માહિતી જોઇએ તે સુખેથી લખશો. ભવભીરૂતા હશે તે આત્માઓનું કલ્યાણ થશે. સંઘમાં બધાને ધર્મ-લાભ કહેશો.

( આ અભિપ્રાય પૂ૦ આચાર્ય મ. શ્રી સાગરાનંદસૂરી-શ્વરજી મ. શ્રીના પ્રશિષ્યરત્ન વર્તમાનમાં ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજનો છે. )

---

( ૨૦ )

શ્રી નમિનાથજી ઉપાશ્રય,
મુંબઇ નં. ૩ તા. ૧૨-૮-૫૪

લિ૦ ધુરંધરવિજય ગણિ,

તત્ર શ્રી દેવગુરુ-ભક્તિકારક અમીલાલ રતિલાલ જૈન યોગ્ય ધર્મલાભ. તમારો પત્ર મળ્યો. અત્રે શ્રી દેવગુરુ પસાયે સુખશાંતિ છે. સ્વપ્નાદિની ઘીની ઉપજ અંગે પૂછાવ્યું તો અમારા ક્ષયોપશમ અનુસાર સુવિહિત ગીતાર્થ સમાચારીને અનુસરતા ભવ્યાત્માઓ તેને દેવદ્રવ્યમાં લઈ જાય છે, અમને પણ એ વ્યાજબી જણાય છે. બાકી વિશેષ ખુલાસો રૂબરૂ થાય. એ જ ધર્મારાધનમાં યથાસાધ્ય ઉદ્યમવંત રહેવું.

( આ અભિપ્રાય પૂ૦ આ. મ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ. શ્રીના પટ્ટાલંકાર પૂ૦ આ. મ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી

મ. શ્રી ના પટ્ટાલંકાર વર્તમાનમાં પૂ૦ આ. મ. શ્રી વિજય-ધર્મધુરંધરસૂરીશ્વરજી મ. નો છે. )

---

( ૨૧ )

રાજકોટ તા. ૮-૮-૫૪

**પં. કનકવિજય ગણિ** આદિ, ઠા. ૬ તરફથી તત્ર દેવગુરુ-ભક્તિકારક શ્રમણોપાસક સુશ્રાવક અમીલાલ રતિલાલ યોગ્ય ધર્મલાભપૂર્વક લખવાનું કે અત્રે દેવગુરુ કૃપાથી સુખ-શાતા છે. તમારો તા. ૪-૮-૫૪ નો પત્ર મળ્યો. જણાવવાનું કે સ્વપ્નાં, પારણું આ બંન્નેની ઉપજ દેવદ્રવ્ય ગણાય. અત્યાર સુધી સુવિહિત શાસનમાન્ય પૂ૦ આચાર્યદેવોનો એ જ અભિપ્રાય છે. શ્રી તીર્થંકર દેવોની માતા આ સ્વપ્નોને જુએ છે. માટે તે નિમિત્તે જે કંઈ બોલી બોલાય તે શાસ્ત્ર-દૃષ્ટિએ તથા વ્યવહારૂદૃષ્ટિએ તેની ઉપજ દેવદ્રવ્ય જ ગણાય.

સેનપ્રશ્ન ૩ જા ઉલ્લાસમાં પં. વિજયકુશલગણિકૃત પ્રશ્નના (૩૯ મા પ્રશ્નમાં પૂછેલું છે. તેના) જવાબમાં જણાવ્યું છે કે દેવને માટે આભૂષણ કરાવ્યા હોય તે ગૃહસ્થને તે આભૂષણો કલ્પે નહિ. કારણ અભિપ્રાય સંકલ્પ દેવનિમિત્તનો હોય તો ન કલ્પે.

તે રીતે સંઘ વચ્ચે જે સ્વપ્નાંઓ કે પારણું દેવ સંબંધી છે. તેને અંગે બોલી બોલે તો તે દ્રવ્ય સ્પષ્ટ રીતે સંકલ્પ દેવ સંબંધીનો હોવાથી દેવદ્રવ્ય ગણાય. ૧૯૯૦ માં સાધુ સંમેલન થએલું ત્યારે પણ મૌલિક રીતે પૂ૦ આચાર્યદેવોએ

સ્વપ્નાંનું દ્રવ્ય દેવદ્રવ્ય જ ગણાય. તેવો નિર્ણય આપેલો છે. તદુપરાંત ૧૯૯૦ ની સાલમાં શાંતાક્રુઝ (મુંબઇ) ના સંઘે એવો ઠરાવ કરવાનો વિચાર કરેલો કે સાધારણ ખાતામાં ખોટ રહે છે માટે સ્વપ્નાનું ઘી વધારી તેનો અમુક ભાગ સાધારણ ખાતે લઈ જવો તે અવસરે અમને આ હકીકતની ખબર પડી ત્યારે (શ્રી સંઘના નામની) વિદ્યમાન પૂ. આચાર્ય-દેવોની સેવામાં આ વિષે અભિપ્રાય સલાહ માંગવા પત્ર વ્યવહાર શ્રી સંઘને કરવા અમે સૂચના કરેલી. એ પત્ર વ્યવહારમાં જે જવાબો આપેલા તે બધા મારી પાસે હતા જે 'કલ્યાણ' ના દશમાં વર્ષમાં પ્રસિદ્ધ કરવા મોકલેલા તે તમે જોઇ શકશો. તેથી પણ સિદ્ધ થાય છે કે સ્વપ્નાની ઉપજ પારણાંની ~~ઉપજ~~ દેવદ્રવ્ય જ ગણાય. અને ઉપદેશ સપ્તતિકામાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે, દેવનિમિત્તનું દ્રવ્ય દેવ-સ્થાન સિવાય અન્ય સ્થાને વપરાય નહિં.

માળાનું દ્રવ્ય દેવદ્રવ્ય ગણાય છે. માળારોપણ અંગે ધર્મસંગ્રહમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે, ઐંદ્રી અથવા માલો પ્રત્યેક વર્ષે દેવદ્રવ્યની વૃદ્ધિ માટે ગ્રહણ કરવી. શ્રાદ્ધવિધિમાં પાઠ છે. માલાપરિધાપનાદિ જ્યારે જેટલી બોલીથી કર્યું તે સર્વ ત્યારે દેવદ્રવ્ય થાય છે તે રીતે શ્રાદ્ધવિધિના છેલ્લા પર્વમાં સ્પષ્ટ પ્રમાણ છે કે શ્રાવકોએ દેવદ્રવ્યની વૃદ્ધિને માટે માળોદ્ઘાટન કરવું તેમાં ઇંદ્રમાળા અથવા અન્યમાળા દ્રવ્યના ઉત્સર્પણ દ્વારા એટલે ઉછામણી કરવા દ્વારા માળા લેવી. આ બધા ઉલ્લેખોથી તેમજ દ્રવ્ય સપ્તતિકા ગ્રંથમાં

દેવને માટે સંકલ્પેલ વસ્તુ તે દેવદ્રવ્ય થાય છે તે પાઠ છે. દેવદ્રવ્યના ભોગથી કે તેનો નાશ થતો હોય ત્યારે છતી શક્તિએ ઉપેક્ષા કરવાથી દોષો લાગે છે. આને અંગે સ્પષ્ટતાથી વિશેષ રીતે ત્યાં બિરાજમાન પૂ. આ. મ. શ્રી વિજય-અમૃતસૂરીશ્વરજી મ. શ્રીની પાસેથી જાણી શકાશે.

પત્રદ્વારા કેટલો વિસ્તાર કરવો ?

(આ અભિપ્રાય પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામ-ચંદ્રસૂરિના પટ્ટાલંકાર આ. મ. શ્રી વિજયકનકચંદ્રસૂરિ મહારાજનો છે–પ્રકાશક)

---

( ૨૨ )

**સાદડી** શ્રા. સુદી ૭ શુક્રવાર પાટીકા ઉપાશ્રય.

શ્રાવક અમીલાલ રતિલાલ.

લી. મુનિ સબોધવિજયજી, ધર્મલાભ પૂર્વક જણાવવાનું કે પત્ર મલ્યો. વાંચી સમાચાર જાણ્યા છે.

સુપનના પૈસા દેવદ્રવ્યમાં જાય તેવી જાહેરાત ગયે વર્ષે શ્રી મહાવીર શાસનમાં અમારા પૂ. આ. મહારાજશ્રીના નામથી આવી ગઈ છે. બાકી જેમ અમારા પૂ. મહારાજશ્રી કરે તે પ્રમાણે અમે પણ માનીએ, શ્રાદ્ધવિધિ વિગેરે ગ્રંથોમાં દ્રવ્યસપ્તતિકા વગેરેમાં ચોકીનું જણાવ્યું છે. મુનિ સંમેલનમાં એક કલમ દેવદ્રવ્ય માટે નક્કી થયેલ છે. સહીઓ થયેલ છે. કિં બહુના.

---

## 'સ્વપ્નની ઉપજ દેવદ્રવ્યમાં જ જાય'

### એ મુજબ પૂ. પાદ શ્રી આત્મારામજી મહારાજનો સ્પષ્ટ શાસ્ત્રમાન્ય સુવિહિત પરંપરા પ્રમાણેનો અભિપ્રાય.

**નોંધ**–છેલ્લા કેટલાક વર્ષથી એવી હવા ઈરાદાપૂર્વક ફેલાવવામાં આવે છે કે, પૂ. પાદ આચાર્ય મ. શ્રી વિજયાનંદસૂરિ મહારાજશ્રીએ રાધનપુરમાં સ્વપ્નાની ઉપજ સાધારણમાં લઇ જવાનો આદેશ શ્રી સંઘને આપેલ. આ હકીકતનો અમારે પણ વિ. સં. ૨૦૨૨ના ચાતુર્માસમાં સખ્ત પ્રતિકાર કરવાનો અવસર આવેલો તે વખતે અમારી શુભ નિશ્રામાં શ્રી જૈનશાસનના અનુરાગી શ્રી સંઘે ઠરાવ કરીને રાધનપુરમાં સ્વપ્નની ઉપજ દેવદ્રવ્યમાં લઇ જવાનું ઠરાવેલ. ત્યારબાદ આજે તો સારાયે રાધનપુર શ્રી સંઘમાં સર્વાનુમતે સ્વપ્નાની ઉપજ દેવદ્રવ્યમાં જાય છે.

પણ પૂ૦ પાદ આત્મારામજી મહારાજજી જેવા શાસનમાન્ય સુવિહિત શિરોમણિ જૈન શાસનસ્થંભ મહાપુરુષના નામે કેવી કપોલકલ્પિત મનઘડંત વાતો વહેતી થાય છે, તે ખરેખર દુઃખદ છે, નીચે રજુ થયેલ તેઓશ્રીએ રચેલ 'ગપ્પ દીપીકા સમીર' નામના ગ્રંથમાંથી તેઓશ્રીએ જે સ્પષ્ટ રીતે જણાવેલ છે, તે ખૂબ મનનીય અને માર્ગદર્શક છે.

સ્થાનકવાસી સંપ્રદાયના આર્યા શ્રી પાર્વતીબાઈએ લખેલ 'સમકિત સાર' પુસ્તકની સમાલોચના કરતાં પૂ. પાદ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજે જે સ્વપ્નની ઉપજ બાબતમાં ખૂલાસો કરેલ છે, તેથી સ્પષ્ટ થાય છે કે તેઓશ્રીએ ફરમાવેલ છે કે "સ્વપ્નની ઉપજ દેવદ્રવ્યમાંજ જાય છે"

આ પુસ્તક પૂ. પાદ આત્મારામજી મ. શ્રીના આદેશથી તેઓશ્રીના પ્રશિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી વલ્લભવિજય મહારાજશ્રીએ સંપાદિત કરેલ છે. પાછળથી જેઓશ્રી પૂ. આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિ મ. શ્રી તરિકે પ્રસિદ્ધ થયેલ.

–સંપાદક

**प्रश्नः**-सुपने उतारणे, घी चडाना, फिर लिलाम करना, और दो तीन रुपैये मण बेचना, सो क्या भगवान का घी कोडा है सो लिखो।

**उत्तरः**-स्वप्न उतारणे घी बोलना, इत्यादिक धर्म की प्रभावना और जिनद्रव्य की वृद्धि का हेतु है, धर्म की प्रभावना करने सें प्राणी तीर्थंकर गोत्र बांधता है यह कथन श्री ज्ञातासूत्र में है, और जिनद्रव्य की वृद्धि करने वाला भी तीर्थंकर गोत्र बांधता है, यह संबोधसत्तरी शास्त्र में है और घी के बोलने वास्ते जो घी लिखा है तिस का उत्तर जैसे तुमारे आचारांगादि शास्त्र भगवान की वाणी दो वा च्यार रुपैये को बिकती है ऐसे घी का भी मोल पडता है।

—'સમકિત સારોદ્ધાર'માંથી.

---

## પૂ. પાદ આત્મારામજી મહારાજનો શ્રમણ સમુદાય પણ સ્વપ્નાની ઉપજ દેવદ્રવ્યમાં લઇ જવાના મતનો જ હતો ને છે. એક મહત્ત્વનો પત્રવ્યવહાર.

**નોંધ**—પૂ. પાદ વિસમીસદીના અજોડ શાસન પ્રભાવક જંગમ યુગપ્રધાનકલ્પ ન્યાયાંભોનિધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીના વિશાલ સુવિહિત સાધુ સમુદાયમાં પણ સ્વપ્ન દ્રવ્યની વ્યવસ્થાને અંગે તે કાલે શાસ્ત્રાનુસારી મર્યાદાનું પાલન કેટ-કેટલું કડક અને ચુસ્તપણે થયું હતું તે નીચેના પત્ર વ્યવહારથી સ્પષ્ટ જણાઈ આવે છે. પૂ. આત્મારામજી મ. શ્રીના શિષ્યરત્ન પૂ. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજશ્રીના શિષ્યરત્ન પૂ. વિદ્વાન મુનિપ્રવર શ્રી ચતુરવિજય મહારાજશ્રી કે જેઓ વિદ્વાન પૂ. મુનિવર શ્રી પૂણ્યવિજયજી મ. શ્રીના ગુરુવર થાય છે, તેઓશ્રી આ નીચે પ્રસિદ્ધ થયેલ પત્રમાં સ્પષ્ટપણે જણાવે છે કે, મારા સાંભળવામાં એમ આવ્યું નથી કે 'સ્વપ્નાના પૈસા ઉપાશ્રયમાં ખરચવામાં સંમતિ આપી હોય.'

આથી એ સ્પષ્ટ છે કે, સ્વપ્ન દ્રવ્યની ઉપજ કદિયે ઉપાશ્રયમાં વપરાય નહિં આજે એ પત્રને લખે ૫૭ વર્ષ થવા છતાં તેથી એટલું તો સમજી શકાય છે કે, ખુદ તે કાલે એટલે આજથી ૫૭ વર્ષ પહેલાં પણ પૂ. પાદ આ. મ. ની વિજયાનંદસૂરિજી મહારાજશ્રીના શ્રમણ સમુદાયમાં અરે ખુદ પૂ. આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજશ્રીના સમુદાયમાં પણ સ્વપ્ન દ્રવ્યની ઉપજ દેવદ્રવ્યમાંજ જતી હતી, ને જે શાસ્ત્રાનુસારી અને સુવિહિત પરંપરા માન્ય પ્રણાલી છે, અને જેને પૂ. વિદ્વાન મુનિરાજ શ્રી ચતુરવિજયજી મ. જેવા સાહિત્યકાર અને અનેક શાસ્ત્રગ્રંથોના સંપાદક–સંશોધક તથા પૂ. આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિ મહારાજશ્રીના આજ્ઞાવર્તી પણ માનતા હતા ને તે મુજબ વર્તતા હતા.

જે નીચે પ્રગટ થયેલ તેઓશ્રીનો પત્ર આપણને એ વાતની પ્રતીતિ કરાવે છે.

-સંપાદક

તા. ૬–૭–૧૭

**મુંબઇથી લિ. મુનિ ચતુરવિજયજી તરફથી.**

ભાવનગર મધ્યે ચારિત્રપાત્ર મુનિ શ્રી **ભક્તિવિજયજી** તથા યશોવિજયજી યોગ્ય અનુવંદના સુખશાતા વાંચશો. તમારો પત્ર મળ્યો. ઉત્તરમાં ક્રમથી નીચે પ્રમાણે.

પાટણના સંઘ તરફથી, કોઈ તમારા લખવા પ્રમાણે ઠરાવ થયો હોય તેમ અમારા સાંભળવામાં કે અનુભવમાં નથી. પરંતુ પોલીઆ ઉપાશ્રયે એટલે જતીના ઉપાશ્રયમાં બેસનારાઓ એ સ્વપ્નના ચડાવામાંથી અમુક ભાગ ઉપાશ્રય ખાતે લે છે. એમ સાંભલવામાં છે, જ્યારે પાટણના સંઘ તરફથી આવો (સ્વપ્નાની ઉપજ ઉપાશ્રયમાં લઇ જવા માટેનો) ઠરાવ થયો નથી, તો ગુરુજીની અનુમતિ–સંમતિ ક્યાંથી

હોય, તે સ્વયં વિચારી લેશો. વિઘ્નસંતોષી માણસો બીજાની હાનિ કરવા "यद्वा तद्वा" કોઈ બકે તેથી શું ? જો કોઈ પાસે મહારાજના હાથની લેખી કલમ નીકળે તો ખરી, નહિ તો લોકોનાં ગપ્પાં ઉપર વિશ્વાસ કરવો નહિં. મારા જાણવામાં તો કોઈ વખતે પણ એમ આવ્યું નથી, કે સ્વપ્નના પૈસા ઉપાશ્રયમાં ખરચવામાં સંમતિ આપી હોય. હાલ એજ.

દઃ ચતુરવિજય

---

## પૂ. આત્મારામજી મ.નાં જ આજ્ઞાવર્તી મુનિરાજશ્રીએ પણ સ્પષ્ટ જણાવેલ છે કે, સ્વપ્નની ઉપજ દેવદ્રવ્યમાં જ જાય

**નોંધ**–બીજો મહત્ત્વનો પત્ર અહિં પ્રસિદ્ધ થઈ રહેલ છે; જે પણ ખૂબજ ઉપયોગી હકીકત પર પ્રકાશ પાડે છે, પૂ. આ. મ. શ્રી વિજયાનંદસૂરિજી મ. શ્રી અપરનામ પૂ. આત્મારામજી મહારાજશ્રીના સમુદાયમાં તેમના જ ખુદના હસ્ત દીક્ષિત પ્રશિષ્યરત્ન પૂ. શાંતમૂર્તિ મુનિરાજ **હંસવિજયજી** મહારાજ કે જેઓ પૂ. આ મ. શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજશ્રીના શ્રદ્ધેય તથા આદરણીય હતા. તેઓશ્રીએ પાલનપૂર શ્રી સંઘે તેમને પૂછેલ પ્રશ્નોના જવાબમાં જે જે વાતો શાસ્ત્રીય પ્રણાલી અને ગીતાર્થ મહાપુરૂષોને માન્ય રીતે જણાવી છે, તે આજે પણ તેટલીજ મનનીય અને આચરણીય છે. જેમાં દેવદ્રવ્યની વ્યવસ્થા, જ્ઞાનદ્રવ્ય તથા સ્વપ્નની ઉપજ આદિની શાસ્ત્રાનુસારી વ્યવસ્થાને અંગે તેઓશ્રીએ કેટ-કેટલું સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન આપેલ છે, તે ભારતભરના શ્રી સંઘોને અનંત ઉપકારી પરમ તારક શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞાની આરાધનાના આરાધક ભાવને અખંડિત રાખવા માટે ખૂબજ જાગૃત બનવા પ્રેરણા આપી જાય છે. સર્વ કોઈ સહૃદય ભાવે આ પ્રશ્નોત્તરીને વિચારે. **–સંપાદક**

શ્રી પાલણપુરના સંઘને માલુમ થાય કે, તમોએ આઠ બાબતોનો ખુલાસો લેવા મને પ્રશ્ન કરેલ છે, તેનો ઉત્તર મારી સમજ પ્રમાણે આપની આગળ નિવેદન કરૂં છું.

પ્રશ્ન–૧ પૂજા વખતે ઘી બોલાય છે તેની ઉપજ શેમાં વાપરવી ?

ઉત્તર– પૂજાના ઘીની ઉપજ દેવદ્રવ્ય તરીકે જીર્ણોદ્ધારાદિ કામમાં વાપરી શકાય છે.

પ્રશ્ન–૨ પડિક્કમણાનાં સૂત્રો નિમિત્તે ઘી બોલાય છે, તેની ઉપજ શેમાં વાપરવી ?

ઉત્તર– પ્રતિક્રમણ સૂત્રો સંબંધી ઉપજ જ્ઞાન ખાતે પુસ્તકાદિ લખાવવાના કામમાં વાપરી શકાય છે.

પ્રશ્ન–૩ સુપનાના ઘીની ઉપજ શેમાં વપરાય ?

ઉત્તર– આ બાબતના અક્ષરો કોઇ પુસ્તકમાં મારા જોવામાં આવ્યા નથી, પણ શ્રી સેનપ્રશ્નમાં અને શ્રી હીર-પ્રશ્ન નામના શાસ્ત્રમાં ઉપધાનમાલા પહેરવાના ઘીની ઉપજ દેવદ્રવ્યમાં ગણેલી છે. તે શાસ્ત્રના આધારે કહી શકું છું કે, સુપનાની ઉપજ દેવદ્રવ્ય તરીકે ગણવી, આ બાબતમાં મારો એકલાનો જ એવો અભિપ્રાય છે, તેમ ન સમજવું. શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજનો તથા ઉપાધ્યાયજી વીર-વિજયજી મહારાજનો તથા પ્રવર્તક કાંતિવિજયજી મહારાજ વિગેરે મહાત્માઓનો પણ તેવો જ અભિપ્રાય છે કે, સુપ-નાની ઉપજ દેવદ્રવ્ય તરીકે ગણવી.

પ્રશ્ન–૪ કેસર–સુખડના વહેપારની ઉપજ શેમાં વાપરવી ?

ઉત્તર– પોતાના પૈસાથી મંગાવી કેસર-સુખડ વેચી હોય તેમાં થયેલો નફો પોતાની ઇચ્છા હોય તેમાં ખર્ચી શકાય. પણ કોઇ અજાણ માણસ દેરાના પૈસાથી ખરીદી ગયેલ ન હોય તેવી ખાતરી હોવી જોઇએ.

પ્રશ્ન–પ દેવદ્રવ્યમાંથી પૂજારીને પગાર અપાય કે કેમ ?

ઉત્તર–પૂજા કરાવવી એ પોતાના લાભ માટે છે. પરમાત્માને તેની દરકાર નથી, વાસ્તે પૂજારીનો પગાર દેવદ્રવ્યમાંથી આપી શકાય નહિ. કદાપિ કોઈ વસ્તી વિનાના ગામમાં બીજું સાધન કોઈ રીતે બની શકે નહિ તો ચોખા પ્રમુખની ઉપજમાંથી આપી શકાય છે.

પ્રશ્ન–૬ દેવકી જગ્યામાં પેટી રખાય કે નહિ ?

ઉત્તર– પેટીમાં સાધારણ અને નાવાના પાણી સંબંધી ખાતું ન હોય તો રાખી શકાય, પણ કોઇ અજાણ માણસ દેવદ્રવ્યને કે જ્ઞાનદ્રવ્યને બીજા ખાતામાં ભૂલથી નાખે નહિ તેવો પૂરતો બંદોબસ્ત હોવો જોઇએ. સાધારણનું ખાતું હોય તો એ દેવલની જગ્યામાં ઉપજેલું દ્રવ્ય શ્રાવક-શ્રાવિકાને કેવી રીતે ખપી શકે તે વિચારવા જેવું છે.

પ્રશ્ન– ૭ નારીયેલ, ચોખા, બદામ, શેમાં વપરાય ?

ઉત્તર– નારીએલ, ચોખા, બદામની ઉપજ દેવદ્રવ્ય ખાતે જમા થવી જોઇએ.

પ્રશ્ન–૮ આંગીનો વધારો શેમાં વાપરવો ?

ઉત્તર– આંગીમાંથી વધારો કાઢવો વ્યાજબી નથી, કારણ કે તેમાં કપટક્રિયા લાગે છે. વાસ્તે જેણે જેટલાની આંગી

કરાવવાનું કહ્યું હોય તેટલા પૈસા ખરચી તેના તરફથી આંગી કરાવવી જોઇએ.

સદ્‌ગૃહસ્થો! જે ખાતું ડૂબતું હોય તે તરફ ધ્યાન દેવાની ખાસ આવશ્યકતા છે, વાસ્તે હાલમાં સાધારણ ખાતાની બૂમ પડે છે, તેથી તેને તરતું કરવાની ખાસ જરૂર છે, તેથી પુણ્ય કરતી વખતે યા હરેક શુભ પ્રસંગે શુભ ખાતે અવશ્ય રકમ કાઢવા, કઢાવવા તજવીજ કરવી. તેથી આ ખાતું તરતું થઇ જશે. અને તેની બૂમ કદિ પણ આવશે નહીં, એ જ શ્રેય છે.

લિ૦ હંસવિજય

---

## સ્વપ્નાની ઉપજ દેવદ્રવ્યમાં જ જવી જોઇએ

તેમજ માલારોપણની ઉપજ પણ તે દેવદ્રવ્યમાં જ જવી જોઇએ તે વિષે પૂ. સાગરાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીનું સ્પષ્ટ શાસ્ત્રાનુસારી ફરમાન—

**નોંધ**–સ્વપ્નાની ઉપજ વિષે તથા ઉપધાન તપના માલારોપણની ઉપજ વિષે શ્રી સંઘને સ્પષ્ટ રીતે માર્ગદર્શન આપવાના જ એક ઉદ્દેશથી પૂ. પાદ આચાર્ય ભગવંત શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીએ જે 'સાગર સમાધાન' ગ્રંથમાં ફરમાવેલ છે, તે પ્રત્યેક ધર્મારાધકે સમજવા જેવું છે. **–સંપાદક**

પ્રશ્ન–૨૯૭ ઉપધાનમાં પ્રવેશ અને સમાપ્તિ અવસરે માળાની બોલાતી ઘીની ઉપજ જ્ઞાનખાતામાં નહિ લઇ જતા દેવદ્રવ્યમાં કેમ લઈ જવાય છે?

સમાધાન-ઉપધાન એ જ્ઞાનારાધનનું અનુષ્ઠાન છે, અને તેથી જ્ઞાન ખાતામાં તે ઉપજ જઇ શકે-એમ કદાચ માનતા હો. પણ ઉપધાનમાં પ્રવેશથી માંડીને માળ પહેરવા સુધીની ક્રિયા સમવસરણરૂપ નંદિ આગળ થાય છે. ક્રિયાઓ પ્રભુ સન્મુખ થતી હોવાથી તે ઉપજ દેવદ્રવ્યમાં લઈ જવી જોઇએ.

પ્રશ્ન-૨૯૮ સ્વપ્નાની ઉપજ અને તેનું ઘી દેવદ્રવ્યના ખાતામાં લઈ જવાની શરૂઆત અમુક વખતથી થઈ છે, તો ફેરફાર કેમ ન થઈ શકે ?

સમાધાન-અર્હંત્ પરમાત્માની માતાએ સ્વપ્નાં દેખ્યાં હતાં એટલે વસ્તુતઃ તેની સર્વ ઉપજ દેવદ્રવ્યમાં જ જવી જોઇએ. અર્થાત્ દેવાધિદેવને ઉદ્દેશીને જ આ ઉપજ છે. ધ્યાનમાં રાખવું કે ચ્યવન, જન્મ, દીક્ષા એ કલ્યાણકો પણ શ્રી અરિહંત ભગવાનનાં જ છે. ઈન્દ્રાદિકોએ શ્રી જિનેશ્વર ભગવાનની સ્તુતિ પણ ગર્ભાવતારથી જ કરેલી છે. ચૌદ સ્વપ્નોનાં દર્શન અર્હદ્ ભગવંત કૂખે આવે ત્યારે જ તેઓની માતાને થાય છે. ત્રણ જગતમાં અજવાળું પણ એ ત્રણેય કલ્યાણકોમાં થાય છે. માટે ધર્મીષ્ઠોએ ભગવાન ગર્ભાવસ્થાથી જ ગણવાના છે.

—' સાગર-સમાધાન ' માંથી

## સ્વપ્નની ઉપજ દેવદ્રવ્યમાં જ જવી જોઇએ

**એ ઠરાવ વડોદરા શ્રી સંઘે સર્વાનુમતે કર્યો છે. ઠેઠ ૫૪ વર્ષ પહેલાનો એ પ્રસંગ.**

**નોંધ–** આ પુસ્તક પ્રસિદ્ધ થઇ રહેલ છે. ૧૯૭૪ ની સાલમાં ને દેવદ્રવ્યને અંગે ને તેમાંયે સુપનાની બોલી દેવદ્રવ્યમાં લઇ જવાની શાસ્ત્રાનુસારી સુવિહિત પ્રણાલી પણ વર્ષોથી ચાલી આવે છે. છતાં વર્ષો પહેલાં એવી ચળવળ શરૂ થયેલી. અને પોતાના ઘરના ખર્ચમાં કાપ ન મુકવો પડે, જે ધર્માદા ખાતામાંથી જ દેરાસરજી તથા ઉપાશ્રય અને બીજા પણ પોતાના ઉપયોગમાં આવતા ખાતાઓનું પરભાર્યું ખર્ચ નીકળી જાય તો ઠીક એવી કૃપણ તથા અનુદાર મનોવૃત્તિવાળા દિલની ટુંકી વૃત્તિથી પ્રેરાઇને અમુક વર્ગે સ્વપ્નાદિની ઉપજ સાધારણમાં લઈ જવાની પ્રવૃત્તિ ચલાવી, જેમાં કેટલોક તેવી વૃત્તિનો વર્ગ ભળવા લાગ્યો.

તે અવસરે પૂ. પાદ શાસનમાન્ય સુવિહિત મહાપુરુષોએ તેનો સખ્ત વિરોધ કરવો શરૂ કર્યો જેથી શાસ્ત્રવિરોધી પ્રવૃત્તિ જમાનાના નામે આગળ ન વધે; આવોજ એક પ્રસંગ વડોદરામાં ઈ. સ. ૧૯૨૦ માં બનેલો તે વખતે ત્યાં બિરાજમાન પૂ. પાદ સુવિહિત શાસનમાન્ય મુનિવરોએ તેનો જે વિરોધ કરેલો તેનો અહેવાલ તે વખતના પત્રમાં પ્રગટ થયેલ જે અત્રે પ્રસિદ્ધ થઈ રહેલ છે. જેથી આ વિષયમાં સ્પષ્ટ ખ્યાલ આવી શકે.

–સંપાદક

### વડોદરા જૈન સંઘમાં થયેલો ઠરાવ

તારીખ ૩-૧૦-૧૯૨૦

**વડોદરામાં શ્રી પર્યુષણપર્વમાં દેવદ્રવ્ય સંબંધી મહેસાણા સંઘ તરફથી આવેલ જાહેર વિનંતીને અંગે પ્રશ્ન થતાં પં. શ્રી મોહનવિજયજીએ "દેવદ્રવ્ય" શાસ્ત્રાધાર આગમોક્ત**

છે, એ વિષે શાસ્ત્રપાઠોથી બે કલાક વ્યાખ્યાન આપી એ મૂળ રિવાજને કાયમ રાખવા સૂચવ્યું હતું તેથી દેવદ્રવ્યની આવકના અંગે ચાલતા આવતા રિવાજો શાસ્ત્રાધાર હોવાથી અસ્ખલિતપણે કાયમ રાખવા અને દેવદ્રવ્ય સંબંધી દેવ નિમિત્તે બોલાતી ઉપજ એ દેવદ્રવ્ય છે તેથી તેમાં ફેરફાર કરવો નહિ, તેમ ઇતરને ભલામણ કરવાનો ઠરાવ થયો હતો. તેમજ છાણીમાં રહેલ તેઓશ્રીના શિષ્ય મુનિ પ્રતાપવિજયજીના નેતૃત્વ નીચે તેવો જ ઠરાવ થયો હતો.

'દૈનિક પત્રના અહેવાલમાંથી'

---

## સ્વપ્નાદિની ઉપજ દેવદ્રવ્યમાં જ જાય

### ત્રણેય શ્રમણ સંમેલનમાં સર્વાનુમતે થયેલ શાસ્ત્રાનુસારી નિર્ણયો:—

**નોંધ**-દેવદ્રવ્યદિની વ્યવસ્થા તેમજ બીજા પણ ધર્માદા ખાતાઓની ઉપજ તથા તેનો સદ્વ્યય ઈત્યાદિની શાસ્ત્રાનુસારી વ્યવસ્થાને અંગે શ્રી સંઘોને શાસ્ત્રીય રીતે સુવિહિતમાન્ય પ્રણાલિકા પ્રમાણે માર્ગદર્શન આપવાની જેઓને શિરે મહત્ત્વની જવાબદારી છે, તે જૈનધર્મના ને જૈનશાસનના સંરક્ષક પૂ. આચાર્ય ભગવંતોએ છેલ્લા વર્ષોમાં ત્રણ શ્રમણ સંમેલનોમાં જે મહત્ત્વના માર્ગદર્શક ઠરાવો દ્વારા શ્રી સંઘને જે સ્પષ્ટ અને સચોટ શાસ્ત્રાનુસારી માર્ગદર્શન આપેલ છે, તે મહત્ત્વનાં ને ઉપયોગી નિર્ણયો અત્રે પ્રસિદ્ધ થઈ રહેલ છે, જે હંમેશને માટે ભારતવર્ષના શ્રી સંઘોને દરેક રીતે પ્રેરણાદાયી છે, ને તેનો અમલ કરવાની તેઓને શિરે ફરજીયાત રીતે જવાબદારી છે, તદુપરાંતઃ શ્રી સંઘોએ દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય કે બીજી જિનમંદિર, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, તથા સાધારણખાતા આદિના નાણાની ઉપજ

તથા તેનો સદ્વ્યય કરવાનો શાસ્ત્રાનુસારી રીતે કયો અધિકાર છે? ને શ્રમણપ્રધાન શ્રી સંઘોએ સુવિહિત શાસ્ત્રાનુસારી પ્રણાલીને વફાદાર રહીને પૂ. પાદ પરમગીતાર્થ સુવિહિત આચાર્ય ભગવંતાદિની આજ્ઞાનુસાર બધીયે ધાર્મિક સ્થાવર–જંગમ મિલકતોનો વહિવટ, વ્યવસ્થા તેમજ સંરક્ષણ, સંવર્ધન કરવાં જોઈએ તે હકીકતને અનુલક્ષીને શ્રી શ્રમણ સંઘ સંમેલને કરેલા ઉપયોગી નિર્ણયો પણ અહિં પ્રસિદ્ધ થઇ રહેલ છે, જેથી તે રીતે અમલ કરવાને માટે ફરજીયાત રીતે શ્રી શ્રાવક સંઘોને આ દ્વારા સૂચિત થાય છે. –સંપાદક

## વિ. સં. ૧૯૯૦ માં રાજનગર (અમદાવાદ) માં મળેલ શ્રમણ સંમેલને દેવદ્રવ્યને અંગે કરેલ મહત્ત્વનો નિર્ણય.

૧. દેવદ્રવ્ય–જિનચૈત્ય તથા જિનમૂર્તિ સિવાય બીજા કોઇપણ ક્ષેત્રમાં ન વપરાય.

૨. પ્રભુના મંદિરમાં કે મંદિર બહાર ગમે તે ઠેકાણે પ્રભુના નિમિત્તે જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય.

૩. ઉપધાન સંબંધી માળા આદિકની ઉપજ દેવદ્રવ્યમાં લઇ જવી યોગ્ય ગણાય છે.

૪. શ્રાવકોએ પોતાના દ્રવ્યથી પ્રભુની પૂજા વિગેરેનો લાભ લેવો જ જોઈએ. પરંતુ કોઈ સ્થળે અન્ય સામગ્રીના અભાવે પ્રભુની પૂજા આદિમાં વાંધો આવતો જણાય, તો દેવદ્રવ્યમાંથી પ્રભુપૂજા આદિનો પ્રબંધ કરી લેવો. પણ પ્રભુની પૂજા આદિ તો જરૂર જ થવી જોઇએ.

૫. તીર્થ અને મંદિરના વહીવટદારોએ તીર્થ અને મંદિર સંબંધી કાર્ય માટે જરૂરી મિલ્કત રાખી બાકીની

મિલ્કતમાંથી તીર્થોદ્ધાર અને જીર્ણોદ્ધાર તથા નવીન મંદિરો માટે યોગ્ય મદદ આપવી જોઈએ. એમ આ મુનિ સંમેલન ભલામણ કરે છે.

વિજયનેમિસૂરિ, જયસિંહસૂરિજી, વિજયસિદ્ધિસૂરિ,
આનન્દસાગર, વિજયવલ્લભસૂરિ, વિજયદાનસૂરિ,
વિજયનીતિસૂરિ, મુનિ સાગરચંદ, વિજયભૂપેન્દ્રસૂરિ.

શ્રી રાજનગર જૈન સંઘ. કસ્તુરભાઇ મણીભાઇ
વંડાવીલા તા. ૧૦-૫-૩૪

---

## શ્રી શત્રુંજય તીર્થની પુનિત છાયામાં સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં વિરાજમાન શ્રી શ્રમણ સંઘે કરેલા નિર્ણયો.

શ્રી સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં વિરાજમાન સમસ્ત જૈન શ્વેતાંબર શ્રમણ સંઘ, વિ. સં. ૨૦૦૭ વૈશાખ સુદિ ૬ શનિવારથી વૈ. શુ. ૧૦ બુધવાર સુધી રોજ બપોરે બાબુ પન્નાલાલની ધર્મશાળામાં મળી, વિ. સં. ૧૯૯૦ માં રાજનગરમાં ભરાયેલ અખિલ ભારતવર્ષીય શ્રી જૈન શ્વેતાંબર મુનિ સંમેલને કરેલ " ધર્મમાં બાધાકારી રાજસત્તાના પ્રવેશને આ સમ્મેલન અયોગ્ય માને છે. " એ ૧૧ મા નિર્ણય ઉપર પૂર્વાપર વિચારણા કરી, સર્વાનુમતે નીચે મુજબ નિર્ણય કરે છે.

આ શ્રમણસંઘ માને છે કે-વિ. સં. ૧૯૯૦ માં મુનિ સંમેલને પટ્ટકરૂપે જે નિર્ણયો તૈયાર કર્યા છે તેના છેલ્લા બાર ઠરાવોને વિશેષ અમલમાં લાવવા માટે જૈન શ્રમણ

સંઘના આગેવાન વિચારક આચાર્યો તથા મુનિવરોના સમ્મેલનની તુરત અગત્ય છે. તો અમદાવાદ, પાનસર, પાલીતાણા કે યોગ્ય સ્થાનમાં તુરત મળે એવો સક્રિય પ્રયત્ન કરવો જોઇએ.

આ શ્રમણ સંઘ માને છે કે, જૈનોની જે જે સંસ્થાઓ, સાતક્ષેત્રો, ધર્મસ્થાનો, દેરાસરો અને ઉપાશ્રયો વિગેરે છે તે દરેક પોતપોતાના અધિકાર મુજબ શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘના માલિકીના છે, તેના વહીવટદારો તે શ્રમણ સંઘના શાસ્ત્રીય આદેશ પ્રમાણે કામ કરનાર સેવાભાવી સદ્‌ગૃહસ્થો છે. વહીવટદારોને શાસ્ત્રાજ્ઞા તથા સંઘની મર્યાદાને બાધક આવે એવું કંઈ પણ કરવાનો હક્ક નથી. તેમજ સરકારને પણ સંઘનો હક ઉઠાવી વહીવટદારોને જ સંસ્થાઓના સીધા માલીક માની તે દ્વારા પોતાનો હક્ક જમાવાની જરૂર નથી. છતાંય વહીવટદારો કે સરકાર એવું અનુચિત પગલું ભરે તો તેઓને તેમ કરતા રોકવા માટે પોતાના અધિકાર મુજબ સક્રિય પ્રયત્ન કરવો.

સ્થળ :-

બાબુ પન્નાલાલની ધર્મશાળા

વિ. સં. ૨૦૦૭, ચૈ. સુ. ૧૦ બુધ તા. ૧૬-૫-૫૧

ભગવાન શ્રી મહાવીર કેવલજ્ઞાન કલ્યાણક

પત્ર વ્યવહાર:

આ. મ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ.

ઠે૦ પંજાબી જૈન ધર્મશાલા, પાલીતાણા (સૌરાષ્ટ્ર)

લી૦

શ્રી પાલીતાણાસ્થિત સમસ્ત શ્રમણ સંઘવતી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મ. ની આજ્ઞાથી પં. સમુદ્રવિજય.

આ. શ્રી કીર્તિસાગરસૂરિ, દઃ પોતે
આ. શ્રી વિજયમહેન્દ્રસૂરિ, દઃ પોતે
આ. વિજયહિમાચલસૂરિ, દઃ પોતે
આ. વિજયભુવનતિલકસૂરિ દઃ પોતે
આ. વિજયચંદ્રસાગરસૂરિ, દઃ પોતે

વિ. સં. ૨૦૧૪ સન ૧૯૫૭ ના ચાતુર્માસમાં શ્રી રાજનગર (અમદાવાદ) રહેલા શ્રી શ્રમણસંઘે ડેલાના ઉપાશ્રયે ભેગા થઈ સાતક્ષેત્રાદિ ધાર્મિક વ્યવસ્થાનું શાસ્ત્રો અને પરંપરાના આધારે દિગ્દર્શન નક્કી કર્યું તેની નકલ.

## દેવદ્રવ્ય

૧. જિનપ્રતિમા, ૨. જૈન દેરાસર.

દેવદ્રવ્યની વ્યાખ્યાઃ—

પ્રભુના મંદિરમાં કે મંદિર બહાર ગમે તે ઠેકાણે પ્રભુના પાંચ કલ્યાણકાદિ નિમિત્તે તથા માળા પરિધાપનાદિ દેવદ્રવ્ય વૃદ્ધિના કાર્યથી આવેલ તથા ગૃહસ્થોએ સ્વેચ્છાએ સમર્પણ કરેલ ઈત્યાદિ દેવદ્રવ્ય કહેવાય.

# ખંડ: ૨ જો

## સ્વપ્નની ઉપજ દેવદ્રવ્યમાં જ જાય એ હકીકત શાસ્ત્રાનુસારી સુવિહિત મહાપુરુષોએ સ્વીકારેલી અને ઉપદેશેલી છે.

**નોંધઃ—** પૂ. પાદ ન્યાયાંભોનિધિ વીસમી સદીના અદ્વિતીય શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ **વિજયાનંદસૂરીશ્વરજી** મહારાજશ્રીના નામે તેમના જ સમુદાયના સાધુમહાત્માઓ તરફથી જ્યારે એમ કહેવામાં આવે છે કે, 'તેઓશ્રીએ સુપનાની ઉપજ સાધારણ ખાતામાં (ને તે ખાતું એટલે જેમાં શ્રાવક-શ્રાવિકાના અંગત ઉપયોગમાં લેવાનો પણ સમાવેશ થાય તેમાં) લઈ જવાનું જણાવેલ છે, ને તેવી પ્રવૃત્તિને ઉત્તેજન આવેલ છે- આ જાતના ભ્રામક પ્રચારની સામે તેઓશ્રીમદ્‌ના સમુદાયના ને તેઓશ્રીમદ્‌ની પાટ પરંપરામાં આવેલા પૂ. પાદ વ્યાખ્યાન વાચસ્પતિ પરમશાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજશ્રીએ 'જૈન પ્રવચન'માં જે સત્તાવાર ને સચોટ પ્રતિકાર કરીને પૂ પાદ આચાર્યદેવ શ્રીમદ્‌ **વિજયાનંદસૂરીશ્વરજી** મહારાજશ્રી અપરનામે પૂ આત્મારામજી મહારાજશ્રી સ્વપ્નની ઉપજ દેવદ્રવ્યમાં જ લઈ જવાની શાસ્ત્રીય માન્યતામાં માનનારા હતા. તે પ્રતિપાદન કરેલ છે. 'જૈનપ્રવચન'માં પ્રસિદ્ધ થયેલ તે લખાણ અક્ષરશઃ અત્રે ઉદ્ધૃત કરીને રજૂ થાય છે.

**સંપાદક—**

પૂ. પાંચાલદેશોદ્ધારક, ન્યાયામ્ભોનિધિ, સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયાનન્દસૂરીશ્વરજી (આત્મારામજી) મહારજનો–

**સ્વપ્ન–દ્રવ્ય અંગેનો સ્પષ્ટ અભિપ્રાય :**

**"स्वप्न उतारणे घी बोलना इत्यादिक धर्मकी प्रभावना और जिनद्रव्यकी वृद्धिका हेतु है।"**

ભગવાનની માતાને આવેલાં ચૌદ સ્વપ્ન આદિની ઉછામણીની આવક, દેવદ્રવ્ય ખાતે જતી અટકાવવાને માટે, અને તે આવકને અથવા તો તે આવકના અમુક ભાગને સાધારણ દ્રવ્ય ખાતે લઈ જવાને માટે હમણાં પૂ. પાંચાલદેશોદ્ધારક, ન્યાયાંભોનિધિ. સ્વ. આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજાના નામનો ઉપયોગ કરાઇ રહ્યો છે; પરંતુ એ સ્વ. મહાપુરુષ 'સ્વપ્નની ઉછામણીની ઉપજ દેવદ્રવ્ય ખાતે લઇ જવી જોઇએ.' એમ માનતા હતા.

વિ. સં. ૧૯૪૮માં શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર તરફથી "ઢુંઢક હિતશિક્ષા અપર નામ ગપ્પદીપિકા સમીર" નામની એક પુસ્તિકા અમદાવાદના 'યુનિયન પ્રીન્ટીંગ પ્રેસ'માં છપાવીને પ્રગટ કરાઈ હતી;અને એ પુસ્તિકામાં ૮૬ મા પાના ઉપર એ સ્વ. મહાપુરૂષનો સ્વપ્ન દ્રવ્ય સંબંધી સ્પષ્ટ અભિપ્રાય જાહેર થયેલો છે.

એ પુસ્તિકાને અન્તે જણાવવામાં આવ્યું છે કે—

“इत्याचार्याष्टाधिकसहस्रश्रियायुक्ता श्रीमद्विजयानंदसूरीश्वरस्यापरनाम्ना श्रीमदात्मारामहामुनेर्ज्येष्ठशिष्यः श्रीमल्लक्ष्मीविजयः तच्छिष्यः श्रीमद्हर्षविजयः तल्लघुशिष्येन वल्लभाख्यमुनिना कृता। गप्पदीपिकासमीरनाम्ना ग्रंथः॥”

આથી જણાઈ આવે છે કે— એ પુસ્તિકા સ્વ. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે બનાવેલી છે; અને એ પુસ્તિકામાં તેમણે સ્થાનકવાસી સ્વ. સ્વામી અમરસિંહજીએ પૂ. સ્વ. આ. મ. શ્રીમદ્ વિજયાનન્દસૂરીશ્વરજી મહારાજાને પૂછેલા સો પ્રશ્નોનો સંગ્રહ કરેલો છે. એ પ્રશ્નોત્તરમાં નવમો પ્રશ્નોત્તર નીચે જણાવ્યા મુજબનો છેઃ—

प्र० ९ सुपने उतारणे, घी चडाना, फिर लिलाम करना और दो तीन रुपैये मण बेचना, सो क्या भगवान् का घी कौडा है सो लिखो.

उ० ९ स्वप्न उतारणे घी बोलना इत्यादिक धर्मकी प्रभावना और जिन द्रव्यकी वृद्धिका हेतु है. धर्मकी प्रभावना करने सें प्राणी तीर्थंकर गोत्र बांधता है यह कथन श्री ज्ञातासूत्रमें है. और जिनद्रव्यकी वृद्धि करनेवाला भी तीर्थंकर गोत्र बांधता है यह कथन श्री संबोधसत्तरी शास्त्रमैं है. और घीके बोलने वास्ते जो घी लिखा है तिसका उत्तर जैसे तुमारे आचारांगादि शास्त्र भगवान्की वाणी दो वा च्यार रुपैयेकों बिकती है ऐसे घीका भी मोल पडता है.

ઉપરના ઉત્તરમાં, પૂ. સ્વ. આ. મ. શ્રીમદ્ વિજયાનન્દસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજાએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે— 'સ્વપ્ન ઉતારવાં અને તેની ઉછામણી બોલવી, એમાં હેતુ ધર્મની પ્રભાવના છે અને દેવદ્રવ્યની વૃદ્ધિનો છે.'

આ હેતુને સ્પષ્ટપણે જણાવ્યા પછીથી તેઓશ્રીએ ફરમાવ્યું છે કે, 'ધર્મની પ્રભાવના કરવાથી પ્રાણી શ્રી તીર્થંકર નામકર્મ ઉપાર્જે છે. એવું કથન શ્રી જ્ઞાતાસૂત્રમાં છે અને દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાવાળો પણ શ્રી તીર્થંકર નામકર્મ ઉપાર્જે છે એવું કથન શ્રી સંબોધ સિત્તરી શાસ્ત્રમાં છે.' આ રીતિએ સ્વપ્ન ઉતારવાનું, તેની ઉછામણી બોલવાનું અને તે ઉછામણીનું દ્રવ્ય દેવદ્રવ્ય ગણાય તેનું વિધાન કર્યા પછીથી, સ્વપ્નનું લિલામ કરવું અને તેને બે ત્રણ રૂપિયે મણ વેચવાં' એ વગેરે કહીને 'સ્વપ્ન ઉતારવાં અને ઉછામણી બોલવી એ વગેરે ધર્મ પ્રભાવનાની અને દેવદ્રવ્યની વૃદ્ધિ પ્રવૃત્તિની મશ્કરી કરનારા પ્રશ્નકારને તેઓશ્રીએ સમજાવ્યું છે કે— 'જેમ તમારા આચારાંગાદિ શાસ્ત્ર-ભગવાનની વાણી બે અથવા ચાર રૂપિયામાં વેચાય છે, તેમ ઉછામણીના ઘીનું પણ મૂલ્ય પડે છે.'

એટલે, પૂ. આ. મ. શ્રી વિજયાનન્દસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજાને નામે એમ કહેવું કે,— 'તેઓશ્રી

સ્વપ્નની ઉપજ સાધારણ ખાતે લઈ જવામાં સમ્મત હતા.' એ સત્યથી વેગળું છે. જો કોઇએ પણ તેઓશ્રીના નામથી દોરવાઈ જઇને સ્વપ્નની ઉપજને સાધારણ ખાતામાં લઇ જવાની પ્રવૃત્તિ કરી હોય અગર તેવી શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિને સમ્મતિ આપી હોય, તો તેમણે પોતાની તે પ્રવૃત્તિને અગર પોતાની તે સમ્મતિને પાછી ખેંચી લેવી જોઇએ અને થઈ ગયેલી ભૂલ સુધારી લેવી જોઇએ.

ઉપરનો પ્રશ્નોત્તર કયા સંજોગોમાં નિર્માયો, તેનું બ્યાન ઉક્ત 'ગપ્પદીપિકાસમીર' માં વિસ્તારથી આપવામાં આવ્યું છે.

વિ. સં. ૧૯૩૮માં પૂ. આ. મ. શ્રીમદ્ વિજયાનન્દસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજા અમૃતસર શહેરમાં પધાર્યા હતા. તે વખતે એ શહેરમાં સ્થા. સ્વામી અમરસિંહજી પણ વિદ્યમાન હતા. એ વખતે એકવાર સ્થા. સ્વામી અમરસિંહજીએ શ્રાવકોની પાસે વાત કરી કે— 'જે પ્રશ્ન આત્મારામજી મને કરશે તેનો ઉત્તર હું શાસ્ત્રાનુસારે આપીશ.' આ વાત પૂ. આ. મ. શ્રી વિજયાનન્દસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજાના જાણવામાં આવતાં, તેઓશ્રીએ સં. ૧૯૩૮ ના ચૈત્ર સુદિ ૩ ને શુક્રવારે ૨૧ પ્રશ્નો લખીને બીકાનેર નિવાસી છોગમલ્લજી સિપાણીની સાથે સ્થા૦ સ્વામી અમરસિંહજીને લખી મોકલ્યા હતા.

જ્યારે શ્રાવક છોગમલ્લજી એ ૨૧ પ્રશ્નો લઈને સ્થા. સ્વામી અમરસિંહજીની પાસે ગયા, ત્યારે તેમણે છોગમલ્લજીને એમ કહ્યું કે, 'અમારા પ્રશ્નોના ઉત્તર આત્મારામજી આપે અને આત્મારામજીના પ્રશ્નોના ઉત્તર હું આપું; પરન્તુ એક હાથમાં ઉત્તર લઈશું અને બીજી હાથમાં ઉત્તર આપીશું.' શ્રાવક છોગમલ્લજીએ કહ્યું કે 'એ બરાબર છે. આપ પ્રશ્નો લખી આપો.' આથી સ્થા. સ્વામી શ્રી અમરસિંહજીએ ચૈત્ર સુદિ પાંચમે ૧૦૦ પ્રશ્નો લખીને પૂ. આ. મ. શ્રીમદ્ વિજયાનન્દસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજાને મોકલી આપ્યા.

સ્થા. સ્વામી અમરસિંહજીના ૧૦૦ પ્રશ્નો પોતાને મળતાંની સાથે જ, પૂ. આ. મ. શ્રીમદ્ વિજયાનન્દસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજે એ પ્રશ્નોના ઉત્તર પોતાના મોટા શિષ્ય પૂ. મુનિરાજ શ્રી લક્ષ્મીવિજયજી મહારાજ પાસે લિપિબદ્ધ કરાવ્યા અને ચૈ. સુદિ ૭ ના રોજ સ્થા. સ્વામી અમરસિંહજીને મોકલ્યા; પરન્તુ સ્થા. સ્વામી અમરસિંહજીએ પોતાના ૧૦૦ પ્રશ્નોના એ ઉત્તર લીધા પણ નહિ અને પૂ. આ. મ. શ્રીમદ્ વિજયાનન્દસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજાએ તેમને પૂછાવેલ ૨૧ પ્રશ્નોના ઉત્તર તેમણે આપ્યા પણ નહિ.

એ પછી સ્થા. સ્વામી અમરસિંહજીએ પૂછેલા ૧૦૦ પ્રશ્નો અને પૂ. આ. મ. શ્રીમદ્ વિજયાનન્દસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજાએ આપેલા એ ૧૦૦ પ્રશ્નોના ૧૦૦ ઉત્તરો પ્રસિદ્ધિમાં કેવા પ્રકારે આવ્યા, તેના સંબંધમાં 'ગપ્પદીપિકા સમીર'ના કર્તા સ્વ. આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિજી (તે વખતે મુનિ શ્રી વલ્લવિજયજી) મહારાજ એ પુસ્તિકાના ૧૨૬ મા પાને જણાવે છે કે,—

" महाराजश्रीके दीए उत्तर संबंधी बात मैंने किसी श्रावकके मुखसे सुणी के संवत १९३८ में महाराजश्रीके तथा अमरसिंह ढुंढकके परस्पर प्रश्नोत्तर हुए थे तब मैने महाराजश्रीको अर्ज़ गुजारी के मैं वे प्रश्न देखने चाहता हुं तब महाराजश्रीने कृपा करके मंगवा के मेरेकुं दीए मैंने वे सर्व प्रश्नोत्तर बांच कर फिर अर्ज गुजारी के आप हुकम दो तो मेरी इच्छा है कि इस 'गप्पदिपिका समीरमें वह सर्व प्रश्नोत्तर दाखल कर देउं. तब महाराजजीने फरमाया कि कुछ जरूर नहि है, तेरेको चाहिये तो तुं अपने पास रख ले. मैंने फेर अर्ज करी के मेरी इच्छा तों जरूर छपवानेकी है क्योंकि इन प्रश्नोत्तर सें बहोत भव्य प्राणीयोंको लाभ प्राप्त होगा. तब मेरे पर कृपा करके फरमाया कि तेरी मरजी. अब मैंने यहां रजू कर दीए हैं. सो वांचनेवालोंने दीर्घ दृष्टिके साथ अवलोकन कर लेने. "

**ઉપરના લખાણુથી વાચકો એ પણ જોઇ શકશે કે– તે વખતે સ્વ. આ. મ. શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી મહારાજનો અભિપ્રાય પણ એ જ હતો કે 'ભગવાનની માતાને આવેલાં સ્વપ્ન આદિની ઉછામણીમાં જે દ્રવ્ય ઉત્પન્ન થાય તે દેવદ્રવ્ય ગણાય.**

(વિ. સં. ૨૦૨૧ માગશર સુદિ ૯ રવિવાર તા. ૧૩–૧૨–૬૪ પેજ ૩૬૧ ૬૨) (જૈન પ્રવચન વર્ષ ૩૫ અંક ૪૧)

**નોંધ:**—'જૈનપ્રવચન'ના ઉપરોક્ત લખાણથી એ હકીકત સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે કે, તેમાં પ્રસિદ્ધ થયેલ પૂ. પાદ આચાર્ય મહારાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીના મંતવ્યને લિપિબદ્ધ કરીને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરનાર આ. મ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજશ્રી પૂ. પાદ શ્રી આત્મારામજી મ.શ્રીના વિદ્યમાનકાલમાં યાવત્ વિ. સં. ૧૯૪૮માં આ ગપ્પ દીપિકા સમીર પુસ્તક પ્રસિદ્ધ થયેલ ત્યાં સુધી તો શાસ્ત્રાનુસારી માન્યતા પ્રમાણે સ્વપ્નાની ઉપજને દેવદ્રવ્યમાં લઈ જવાની માન્યતાવાળા હતા. તેમજ સ્વપ્ન ઉતારવા આદિ પ્રવૃત્તિ દેવદ્રવ્યની વૃદ્ધિને માટે છે, તેમ માન્યતા ધરાવનારા હતા; તે વસ્તુ આ આ પુસ્તકની પ્રસિદ્ધિ માટે તેમણે લખેલ પીઠિકાના લખાણથી સ્પષ્ટ પણે જણાઇ આવે છે.

**ત્યાર બાદ વિ. સં. ૧૯૯૦ રાજનગર શ્રમણ સંમેલનમાં પણ તેઓશ્રીએ ઠરાવ નં. ૨ માં પોતાની સહી કરી છે. તે ઠરાવ નં. ૨ ની પેટા કલમ ૧–૨, તથા ૩ આ મુજબ છે.**

(૧) દેવદ્રવ્ય જિનચૈત્ય તથા જિનમૂર્તિ સિવાય બીજા કોઇપણ ક્ષેત્રમાં ન વપરાય.

(૨) પ્રભુના મંદિરમાં કે બહાર ગમે તે ઠેકાણે પ્રભુના નિમિત્તે જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય.

(૩) ઉપધાન સંબંધી માલા આદિકની ઉપજ દેવદ્રવ્યમાં લઇ જવી યોગ્ય જણાય છે.

ઉપરોક્ત ઠરાવની નીચે 'વિજયવલ્લભસૂરિ' એ રીતે વલ્લભસૂરિ મહારાજે પોતાની સહી કરી છે.

ને તે સહીની નીચે આ મુજબના લખાણ પછી કસ્તુરભાઇ મણિભાઈની સહી છે, તે લખાણ આ મુજબ છે.

"અખિલ ભારતવર્ષ જૈનશ્વેતાંબર મુનિ સંમેલને સર્વાનુમતે આ પટ્ટકરૂપે નિયમો કર્યા છે. તેનો અસલ પટ્ટક શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીને સોંપ્યો છે."

કસ્તુરભાઇ મણિભાઇ

શ્રી રાજનગર જૈન સંઘ વંડાવીલા તા. ૧૦-૫-૩૪"

ઉપરોક્ત મુનિસંમેલનના ઠરાવથી સ્પષ્ટ છે કે, આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ સ્વયં વિ. સં. ૧૯૯૦

સુધી "પ્રભુના મંદિરમાં કે બહાર ગમે તે ઠેકાણે પ્રભુના નિમિત્તે જે જે બોલી બોલાય તે દેવદ્રવ્ય છે તે રીતની શાસ્ત્રાનુસારી માન્યતાવાલા જરૂર હોવા જોઇએ. ને તેથી એ પણ સમજી શકાય છે કે સુપના પણ પ્રભુના નિમિત્તેના હોવાથી તેની બોલીને દેવદ્રવ્ય તરીકે માનતા હોવા જોઇએ ને દેવદ્રવ્ય જિનચૈત્ય કે જિનમૂર્તિ સિવાય બીજા કોઇપણ ક્ષેત્રમાં ન વપરાય તેમ તેઓશ્રી પ્રામાણિક શાસ્ત્રાનુસારી માન્યતાવાળા હોવા જોઈએ. એમ આપણે અનુમાન કરી શકીએ છીએ, છતાં જો કે તે પહેલાં પણ તેઓએ દેવદ્રવ્યની જૈન સંઘમાં આવેલી ચર્ચા વખતે સ્વપ્નાની ઉપજને સાધારણ ખાતામાં લઈ જવાની જે શાસ્ત્રાનુસારી પરંપરાવિરૂદ્ધ શાસ્ત્રવિરૂદ્ધ ઝુંબેશ ચાલેલી તેમાં પણ સમ્મતિ આપેલી હતી. પણ ગમે તે કારણે તેઓશ્રીને પોતાની ક્ષતિ સમજાઇ હોય તેથી આ વિષયમાં તેઓશ્રીએ જે રીતે રાજનગર શ્રમણ સંમેલનના ઠરાવ નં. ૨ ના પેટા ઠરાવ નં. ૧–૨–૩ માં પોતાની સહિ કરેલી છે. તે પરથી આપણને આમ માનવાને સ્પષ્ટ કારણ મલે છે.

પણ ત્યારબાદ ગમે તે કારણે તેઓશ્રીએ શાંતાક્રુઝ જૈન સંઘના પ્રમુખ સુશ્રાવક જમનાદાસ મોરારજીને જે જવાબ આપેલ છે તે તેઓશ્રીના પલટાએલા માનસનો આપણનેપરિ-

ચય થાય છે. તેઓશ્રીની અને સંઘના પ્રમુખ શ્રી જમનાદાસ મોરારજીભાઇનો પત્ર વ્યવહાર અત્રે અમે રજુ કરીએ છીએ.

—સંપાદક

## શાંતાક્રુઝ શ્રી સંઘના પ્રમુખ શ્રી જમનાદાસ મોરારજી જે. પી. એ આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજશ્રીને લખેલ બે પત્રો.

પત્ર (૧)

તા. ૨૦-૯-૩૮

સવિનય વંદનાપૂર્વક લખવાનું કે, અત્રેનો શ્રી સંઘ સંવત ૧૯૯૩ની સાલ સુધી સુપનની ઘીની બોલીના રૂા. ૨।। મણ ૧ ના લેતા હતા, અને તેને અંગે થયેલી આવક દેવદ્રવ્યમાં લેતા હતા. પણ સાધારણ ખર્ચને પહોંચી વળવા માટે ચાલુ સાલમાં વિચાર કરી એક ઠરાવ કર્યો કે સુપનની ઘીની બોલીના મણ ૧ ના રૂા. ૨।। છે. તેના બદલે હવેથી મણ ૧ ના રૂા. ૫ કરવા. જેમાંથી હંમેશની માફક રૂપીઆ ૨।। દેવદ્રવ્યમાં લઈ જવા, અને રૂા. ૨।। સાધારણ ખર્ચને પહોંચી વળવા માટે સાધારણ ખાતામાં લઈ જવા, ઉપર મુજબનો કરેલ ઠરાવ શાસ્ત્રના આધારે અથવા પરંપરાએ બરાબર ગણાય કે કેમ તે માટે આપનો અભિપ્રાય જણાવવા મહેરબાની કરશોજી. કે જેથી તે ફેરફાર કરવાની અગત્ય હોય તો સવેળા કરી

**શકાય.** શ્રી સુરત, ભરૂચ, વડોદરા, ખંભાત, અમદાવાદ, મહેસાણા, પાટણ, ચાણસ્મા, ભાવનગર કે અન્ય બીજા શહેરોમાં કેવી પ્રણાલિકા છે ? અને તે શહેરોના શ્રી સંઘ કેવી રીતે ઉપયોગ સુપનની બોલીના ઘીની ઊપજનો કરે છે, તે માટેનો આપનો અનુભવ જણાવવા મહેરબાની કરશોજી.

શ્રી સંઘના ઉપરના ઠરાવ મુજબ શ્રી સુપનની બોલીના ઘીની ઉપજ શ્રી દેવદ્રવ્ય અને સાધારણમાં લઇ જાય તો, શ્રી સંઘ દોષિત થાય કે કેમ, તે માટે આપશ્રીનો અભિપ્રાય જણાવશોજી.

સંઘના પ્રમુખ,

**જમનાદાસ મોરારજીના**

**સવિનય વંદન.**

(આ પત્રનો ઉત્તર (૧) તરત ન આવતાં શાંતાક્રુઝ સંઘે બીજો પત્ર લખેલ જે આ મુજબ છે. સંપા૦)

## શાંતાક્રુઝ શ્રી જૈન સંઘે લખેલ બીજો પત્ર.

સવિનય વંદના સહ લખવાનું કે અત્રેના શ્રી સંઘે સુપનાની ઘીઈની બોલીના રૂા. ૨॥ નો દર ગયા વરસ સુધી હતો. જે શ્રાવક અત્રે દેવદ્રવ્યમાં લેતા હતા પણ સાધારણ ખર્ચને પહોંચી વળવા માટે શ્રી સંઘે વિચાર કરી એક ઠરાવ કીધો કે અસલના રૂા. ૨॥ આવે તે હંમેશની માફક દેવદ્રવ્યમાં લઇ જવા અને રૂા. ૨॥ વધારી જે ઉપજ આવે તે સાધા-

રણ ઉપજમાં લઈ જવા. ઉપર મુજબ કરેલો ઠરાવ-શાસ્ત્રના આધારે બરાબર છે કે કેમ તે માટે આપનો અભિપ્રાય જણાવવા મહેરબાની કરશોજી. શ્રી સુરત, ભરૂચ, વડોદરા, ખંભાત, અમદાવાદ, મહેસાણા, પાટણ, ચાણસ્મા, ભાવનગર વિગેરેના શ્રી સંઘો સુપનની બોલીની ઊપજની રકમનો કેવી રીતે ઉપયોગ કરે છે તે આપના ધ્યાનમાં હોય તો જણાવશોજી.

## શાંતાક્રુઝ જૈન સંઘના પત્રનો આ. મ. શ્રી વિજયવલ્લભસુરિજી મહારાજે આપેલ જવાબ

તા. ૨૮-૯-૧૯૩૮

વંદેશ્રી-વીરમાનંદમ્

અંબાલાસીટી (પંજાબ)

વિજયવલ્લભસૂરિ આદિના તરફથી—

શ્રી મુંબઇ શાંતાક્રૂઝ સુશ્રાવક શેઠ જમનાદાસ મોરારજી જોગ ધર્મલાભ. તા. ૨૦-૯-૩૮ નો તમારો પત્ર મલ્યો સમાચાર જાણ્યા તમોએ જે બાબત લખી તે પ્રથા જ અર્વાચીન છે તો પછી એનો ઉલ્લેખ શાસ્ત્રોમાં હોય જ ક્યાંથી? અને એજ માટે એનો બધેય સ્થળે એક સરીખો રિવાજ જોવામાં આવતો નથી! જે સ્થળના શ્રી સંઘે પ્રથમથી અથવા તો જરૂરત સમજી પાછળથી જે ઠરાવ કર્યો હોય ત્યાંનો શ્રી સંઘ તે પ્રમાણે વર્તી શકે છે, એ મુજબ તમો શ્રી સંઘ મળી જે ઠરાવ કરો તે પ્રમાણે ચાલવામાં અમારી સમજ

**મુજબ તમને પૂરતો હક છે. એટલું તો જરૂર આજકાલની પ્રવૃત્તિ મુજબ થવું જોઇએ કે શ્રી સંઘના ચોપડામાં એ ઠરાવ લખી લેવો અને વર્તમાનમાં શ્રી સંઘમાની દરેક વ્યક્તિ અથવા તો શ્રી સંઘના મુખિયાઓની સહિઓ કરાવી-લેવી. ચોપડામાં જ લખાણુ થાય તેમાં અંતમાં એ પણુ લખવું. યોગ્ય છે કે- કાળાંતરે જરૂરત સમજી શ્રી સંઘ આ ઠરાવમાં અદલ બદલ સુધારો વધારો કરવા ધારે તો કરી શકે છે. શ્રી સંઘની સત્તા છે."**

**નોંધઃ—** શાંતાક્રૂઝ શ્રી સંઘને આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે આપેલ જવાબમાં તેઓશ્રીનું એ કહેવું છે કે, " સંઘ જ્યારે જે વખતે જે જરૂરીયાત સમજીને જે દ્રવ્યનો જ્યાં ઉપયોગ કરવાનું ઠરાવે **ત** કરવાની તેને **સત્તા** છે" આ લખાણુ દ્વારા સંઘને એ સત્તા મલી જાય છે કે ભગવાનના ભંડારમાં પણુ આવેલા ચોખા, **પૈસા** તેમાં કોઈપણુ વસ્તુનો કે જે ભગવાનની ભક્તિ માટે ભક્તોએ એ સમર્પિત કરેલ હોય તેનો પણુ પોતાના ઉપયોગમાં તેઓ બચત ઉપયોગમાં લઈ શકે તો કોઈ નિયમ મર્યાદા કે વ્યવસ્થા રહે નહિ ને અતિપ્રવૃત્તિ થઇ જાય તો સંઘ**માં** કોઇ વ્યવસ્થા જેવું કે શાસ્ત્રીય નિયમન જેવું પણુ ન રહે આ જ હકીકતને હૃદયમાં લઇને શાંતક્રૂઝ **જૈન સં**ઘ તરફથી પ્રમુખ સુશ્રાવક જમનાદાસ મોરારજી જે. પી. એ તે વખતે આ. મ. શ્રી વિ. વલ્લભસૂરિજી **મ.**શ્રીના પત્રનો જે સ્પષ્ટ અને રીતસરનો ઉત્તર આપ્યો છે તે ખરેખર મનનીય અને જૈન સંઘની શાસ્રાનુસારી મર્યાદાના પાલ-

નની નિષ્ઠાપૂર્વકની વફાદારીને સુસંગત અને સુશ્રાવકની અવસરોચિત્ત ફરજને અનુરૂપ છે.

સંપાદક—

## શાંતાક્રુઝ શ્રી સંઘે આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિજી મ. શ્રીના પત્રનો આપેલો અવસરોચિત પ્રત્યુત્તર

સવિનય વંદના પૂર્વક લખવાનું કે, આપશ્રી તરફથી તા. ૨૮–૯–૩૮ નો લખેલ પત્ર મળ્યો, તે માટે આપના અત્યંત આભારી છીએ.

આપશ્રીએ જણાવ્યું કે શ્રી સંઘ જે ઠરાવ કરે તે મુજબ વર્તી શકાય તો એ સંબંધમાં આપશ્રીને નમ્રતાપૂર્વક અરજ છે કે, જે પ્રભુભક્તિ નિમિત્ત એટલે આરતી પૂજા વિગેરે માટે જે ઘીની બોલી બોલવામાં આવે છે, તે દેવદ્રવ્યમાં દરેક ઠેકાણે જાય છે, અને શ્રી પ્રભુ મહાવીર માતુશ્રીની કુક્ષીમાં આવ્યા એ કલ્યાણકનો પ્રસંગ છે અને માતુશ્રીએ તીર્થંકર પોતાની કુક્ષીમાં આવતા પોતે મહાસ્વપ્ન જોયાં તો સ્વપ્નને લગતો મહોત્સવ સુશ્રાવકો પર્યુષણમાં કરે છે તે નિમિત્તે સુશ્રાવકો જે ઘી બોલે, તે બોલીની ઉપજની નિમિત્ત શ્રી પ્રભુસિવાય બીજુ કાંઇ નથી, તેવા સંજોગોમાં તે બોલીની ઉપજ શ્રાવકો સાધારણમાં લઈ જાય એટલે સાધારણના પૈસા શ્રાવકો અનેક પ્રકારમાં વાપરે છે, અને તેવા પ્રકરણમાં દાખલા તરીકે નાવાના ઉના પાણી, સાધુસંતો સાથે માણ-

સને મોકલવા હોય તેને લાગતો ખર્ચ ને પોષ્ટ માટે ટીકીટો આપવી તેવા અનેક શ્રાવકોને ઉપયોગમાં આવે તેવી રીતે કરવામાં આવે છે, તો આ ઘીની બોલીની ઉપજ અથવા તેનો ભાગ સાધારણ ખાતામાં લઇ જવા માટે કાંઈપણ દોષ લાગે કે નહિ તેનો સ્પષ્ટ અભિપ્રાય કૃપા કરી આપશોજી. વધુમાં વિશેષમાં આપશ્રીને નમ્રતાપૂર્વક અરજ કરૂં છું કે શ્રી ઢુંઢક હિત શિક્ષા અપરનામ ગપ્પ દીપીકા સમીર સં. ૧૯૪૮ ની સાલમાં છપાએલી છે તેમા પરમકૃપાળુ શ્રી આત્મારામજી મહારાજશ્રીએ જે જવાબ આપેલા છે. તેમાં પા-૮૬ મે પ્રશ્ન ૯ ના ઉત્તરમાં જવાબ આપ્યો છે તે તરફથી આપશ્રીનો અભિપ્રાય મેળવવા માટે આપશ્રીની રજા લઉં છું.

વિશેષ આપશ્રીને અરજ કરવાની કે આપશ્રીના પ્રત્યુત્તરમાં છેલ્લી બે લીટીમાં જણાવ્યું છે કે કાળાન્તરે જરૂરીયાત સમજી શ્રી સંઘ ઠરાવમાં અદલ બદલ કરી સુધારા વધારા કરી શકે? તો થોડી થોડી જરૂરીયાતોમાં સંઘ ફેરફારો કર્યા કરશે તો તે પ્રમાણે જુદા જુદા સ્થળે તેના જુદા જુદા મનફાવતા અર્થ કરી ઠરાવો કરશે તો તેમાં ભવિષ્યમાં અનેક દોષોના ભાગી શ્રાવકો થાય તે આપશ્રીને નથી લાગતું?

કૃપા કરી આપશ્રી સંપૂર્ણ વિચાર કરી જવાબ આપવા મહેરબાની કરશોજી.

# ખંડ : ૩ જો.

## શાસ્ત્રાનુસારી પ્રણાલીનો નિડરતાપૂર્વક પ્રચાર કરવો જરૂરી છે.

**નોંધ :** ઉપરોક્ત લખાણોથી એ વાત સિદ્ધ થાય છે કે, સ્વપ્ન ઉતારવાની પ્રથા જ્યારથી શરૂ થઈ ત્યારથી એ હકીકત નિશ્ચિત થયેલી છે કે સ્વપ્નની બોલીમાં જે દ્રવ્ય બોલાય તે દેવદ્રવ્ય જ ગણાય ને એમાં એ હકીકત સ્વતઃસિદ્ધ છે કે, પ્રભુના નિમિત્તે પ્રભુભક્તિના લક્ષ્યથી જે બોલી શ્રી જિનમંદિરમાં કે ઉપાશ્રયમાં યા કોઈપણ સ્થળે બોલાય તેની ઉપજ દેવદ્રવ્ય જ ગણાય. સેનપ્રશ્ન જેવા પ્રામાણિક ને સુવિહિત પરંપરા માન્ય પ્રાચીન ગ્રંથમાં પણ માલાની ઉપજને જ્ઞાનદ્રવ્ય કે સાધારણ દ્રવ્યમાં નહિ લઈ જવાનું જણાવીને પૂ૦ સુવિહિત શિરોમણિ આચાર્ય ભગવંત શ્રી **વિજયસેનસૂરીશ્વરજી મહારાજે** "માલાની ઉપજને દેવદ્રવ્યમાં જ લઈ જવાનું" સ્પષ્ટ વિધાન કરેલ છે.

**સેનપ્રશ્નના બીજા ઉલ્લાસમાં પં૦ શ્રી આનંદવિજયજી ગણિએ પ્રશ્ન કરેલ છે કે 'માલા સંબંધી સોનું, રૂપું કે સુતર વગેરે દ્રવ્ય તે દેવદ્રવ્ય ગણાય કે સાધારણ દ્રવ્ય ગણાય ?' તેના જવાબમાં પૂ૦ આ. મ. શ્રી વિજયસેનસૂરિજી મહારાજે સ્પષ્ટ રીતે જણાવેલ છે કે, 'તે સર્વ દેવદ્રવ્ય ગણાય.'** ( સેનપ્રશ્ન : ભાષાંતર પેજ ૬૯ ) **જયારે આ રીતે ભગવાનની સમક્ષ બોલાતી માલાનું દ્રવ્ય દેવદ્રવ્ય ગણાય તો ભગવાનના નિમિત્તે જે દ્રવ્ય બોલાય તે તો સ્પષ્ટપણે**

**દેવદ્રવ્ય ગણાય તેમાં વિશેષ સ્પષ્ટતાની જરૂર ન હોઇ શકે. તદુપરાંત તે બીજા ઉલ્લાસમાં આગળ વધતાં પં૦ શ્રી કનકવિજયજી ગણિકૃત પ્રશ્નના ઉત્તરમાં પૂ૦ આ. શ્રી વિજય સેનસૂરિ મ. શ્રી સ્પષ્ટપણે ફરમાવે છે કે, 'દેવદ્રવ્ય ફક્ત દેવના કાર્યમાં જ વપરાય.'** (સેનપ્રશ્ન ઉલ્લાસ બીજો પેજ ૮૮ ગુજરાતી અનુવાદ)

**નોંધ :** આ બન્ને પ્રશ્નોત્તરો પરથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે, સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે, ને તેનો ઉપયોગ ફક્ત દેવની ભક્તિ નિમિત્તેના કાર્ય સિવાય બીજે ન જ થઈ શકે. ને તે પણ જિનમંદિર, જિનમૂર્તિ, તથા જીર્ણોદ્ધારાદિના જ કાર્યમાં થાય અથવા દેવનિમિત્તના કાર્યમાં થાય. પણ પોતાના માટે પ્રભુ પૂજા કરવા માટે કેસર–સુખડ આદિમાં કે પૂજારી આદિને આપવા માટે તેવા પ્રકારના કારણના અપવાદ સિવાય ન જ થાય. જ્યાં તીર્થ આદિ સ્થળોમાં જિનપૂજા આદિ માટે દેવદ્રવ્યનો ન છૂટકે ઉપયોગ કરવો પડે તે વાત જુદી, બાકી દેવદ્રવ્યનો ઉપયોગ તો પોતાને પ્રભુપૂજાના કાર્યમાં ન લેવાય.

માલાની ઉપજની જેમ સ્વપ્નદ્રવ્ય પણ દેવદ્રવ્ય જ ગણાય એ શાસ્ત્રમાન્ય હકીકતને હવે વધુ પિષ્ટપેષણ કરવાની જરૂર ખરી? હાથમાં રહેલા કંકણને જોવા માટે આરિસાની જરૂરત રહે છે શું?

**તદુપરાંત :** રાધનપુરમાં વર્ષોથી એવી અશાસ્ત્રીય પ્રણાલી શરૂ થયેલ. જેના પરિણામે સુવિહિત આચાર્યદેવ આદિ મહાપુરુષો શ્રી પર્યુષણ મહાપર્વમાં સ્વપ્ન વાંચન બાદ સ્વપ્ન ઉતારવાની વેળાયે સ્વપ્નદર્શન સમયે પોતે હાજર જ ન રહે, તેમ બનતું, કારણ કે સંઘના કેટલાક કદાગ્રહવાલા ભાઇઓની જડતાના કારણે સ્વપ્નની ઉપજ સાધારણમાં લઈ જવાતી હતી. જેને અંગે પૂ૦ ભવભીરૂ સુવિહિત મહાપુરુષોએ ખૂબ જ વિરોધ કરેલો. છેવટે સ્વપ્ન–દર્શનની વેળાયે હાજર નહિ રહેવારૂપ અસહકાર કરેલ. પરિણામ વિ. સં. ૨૦૨૨ માં શાસ્ત્રવિહિત સુવિહિત મહાપુરુષોએ ફરમાવેલ જ આવ્યું.

જૈનશાલામાં વિ. સં. ૨૦૨૨ના ચાતુર્માસમાં અમે અલગ સ્થાને સ્વપ્ન ઉતારવાનું નક્કી કરેલ, ને તેની ઉપજ દેવદ્રવ્યમાં જ ને તે પણ પ્રારંભમાં રાધનપુરના જિનાલયમાં જીર્ણોદ્ધાર આદિમાં ઉપયોગ કરવા માટે ઠરાવેલ. શરૂઆતમાં સખ્ત વિરોધ વચ્ચે પણ શાસ્ત્રાનુસારી સુવિહિત પરંપરાને શિરોધાર્ય કરનારા શાસનપ્રેમી શ્રી સંઘની મક્કમતાના કારણે તે પ્રયત્ન સફલ થયેલ, ને છેવટે થોડા સમય બાદ સમસ્ત રાધનપુર જૈન સંઘે સર્વાનુમતે સ્વપ્નની ઉપજ દેવદ્રવ્યમાં લઈ જવાનું નક્કી કરેલ.

શાસનપ્રેમી શ્રી સંઘે જે પ્રવૃત્તિ મક્કમતાથી ને અડગતાથી પ્રારંભેલ, જો કે તેને અંગે શરૂઆતમાં ખૂબ જ વિરોધનો વાવંટોળ સહન કરવો પડેલ, પણ પરિણામ શાસ્ત્રાનુસારી સુવિહિત પરંપરામાન્ય પ્રણાલી પ્રમાણે જ આવેલ.

રાધનપુરમાં વિ. સં. ૨૦૨૨ના ચાતુર્માસમાં સ્વપ્નની ઉપજ કેટલાયે વર્ષો બાદ પ્રથમવાર જ દેવદ્રવ્યમાં લઈ જવાની જે શાસ્ત્રીય પ્રણાલીનો શુભ પ્રારંભ થયો તે સમયના વાતાવરણને સ્પષ્ટ કરતો જે અહેવાલ રાધનપુર નિવાસી શ્રી શાસનપ્રેમીએ 'કલ્યાણ' માસિકના નવેમ્બર ૧૯૬૬ના અંકમાં પ્રસિદ્ધ કરેલ છે તેનું અક્ષરશઃ અવતરણ અત્રે ઉદ્ધૃત કરવામાં આવે છે–**સંપાદક.**

## શાસ્ત્રાનુસારી સુવિહિત પ્રણાલીનો હિંમતપૂર્વક નીડરતાથી પ્રચાર કરવો આજે જરૂરી છે

**શ્રી શાસનપ્રેમી. રાધનપુર.**

**ચાલુ વર્ષમાં રાધનપુર ખાતે ચાતુર્માસાર્થે બિરાજમાન પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રી (વર્તમાન આ. વિ. કનકચંદ્રસૂરિજી મ.) એ હિમ્મત તથા મક્કમતાથી રાધનપુરમાં કેટલાયે વર્ષોથી ઘૂસી ગયેલી સ્વપ્નાની**

ઉપજને સાધારણ ખાતે લઈ જવાની અનિષ્ટ ને શાસ્ત્ર સિદ્ધાંત વિરોધી કુપ્રથાનો મક્કમતાથી સામનો કરી, વિજય તથા સાગરગચ્છના વહિવટદારોને તથા શ્રી સંઘને શાસ્ત્રાનુસારી સુવિહિત પ્રણાલીના સમર્થનમાં વ્યાખ્યાનની પાટ પરથી પૂ. આત્મારામજી મહારાજના લખાણ, પૂ. આ. મ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ.ના લખાણ, પૂ. શાંતમૂર્તિ મુનિરાજે શ્રી હંસવિજયજી મ.ના લખાણ, તથા પૂ. આ. મ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ. પૂ. આ. મ. શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મ. પૂ. આ. મ. શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મ. પૂ. આ. મ. શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મ. પૂ. આ. મ. શ્રી ઋદ્ધિસાગરસૂરિજી મ. પૂ. આ. મ. શ્રી કીર્તિસાગર સૂરીશ્વરજી મ. પૂ. આ. મ. શ્રી વિજયકનકસૂરીશ્વજી મ. પૂ. આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. પૂ. આ. મ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. આદિ લગભગ તપગચ્છના બધાયે આચાર્ય ભગવંતોના પત્રવ્યવહાર, તેમજ ૧૯૯૦ નો રાજનગર મુનિ સંમેલનનો ઠરાવ ઇત્યાદિ પ્રમાણો, દલીલો, યુક્તિઓથી સ્વપ્નાની ઉપજ દેવદ્રવ્યમાં જ જવી જોઇએ તે સચોટ ને નીડરતાપૂર્વક જણાવેલ.

પરિણામે રાધનપુર જૈન સંઘમાં ૧૨ આની ઉપર વર્ગે કેટલાયે વર્ષે સર્વ પ્રથમ સ્વપ્ના ઉતારીને તેની બોલી દેવ દ્રવ્યમાં લઈ જવાનો નિર્ણય કર્યો ને તે મુજબ પૂ. પંન્યાસજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ચતુર્વિધ સંઘની હાજરીમાં સ્વપ્ના ઉતર્યા, ને તેની છેલ્લા કેટલાયે વર્ષોથી નહિ

થતી સારામાં સારી દેવદ્રવ્યની ઉપજ થઇ, ને સંઘે તે દેવ દ્રવ્યમાં લઇ જઇ રાધનપુર ખાતે ખર્ચ કરવાનો નિર્ણય કર્યો. જો કે અમુક આગ્રહી માનસ ધરાવનારા વર્ગે પૂ. મુનિરાજશ્રીની ગેરહાજરીમાં સ્વપ્ના ઉતારી તેની બોલી કેવળ પોતાના કદાગ્રહને પોષવા તે સાધારણમાં લઇ જવાની પોતાની શાસ્ત્રવિરોધી વાતને પકડી રાખી.

રાધનપુર ખાતે આજથી ૧૦ વર્ષ પહેલાં આજ રીતે પૂ. પંન્યાસજી મહારાજશ્રીની સચોટ પ્રેરણાથી કેટલાયે વર્ષોથી નહિ નીકળતી રથયાત્રા પર્યુષણપર્વની આરાધનાના ઉદ્યાપનરૂપે ભાદરવા સુદિ ૫ ના ભક્તિભાવિત ભાગ્યશાલી-ઓએ હાથે પ્રભુજીના રથને ખીંચીને કાઢેલ. તે વખતે પણ અમુક એ આની વર્ગનો પણ વિરોધ હતો, પણ ત્યારબાદ હવે તો તે રથયાત્રા સમસ્ત રાધનપુર જૈન સંઘ ઉમળકા ભેર ભા. સુ. ૫ ના ધામધૂમપૂર્વક કાઢે છે.

ને વિજયગચ્છ તથા સાગરગચ્છ સંઘના વહિવટદારો તે રથયાત્રા મહોત્સવને દરેક રીતે ઉજવે છે. આ વર્ષે પણ પાંચ રથો સાથે રથયાત્રા નીકળેલ. સાગરગચ્છ જૈન સંઘની પેઢીએ રથયાત્રા કાઢેલઃ ને રૂા. ૧૪૦૦ ની દેવદ્રવ્યની તેમાં ઉપજ થયેલી. ભક્તિભાવિત ભાગ્યશાલીઓએ રથોને પોતાની કાંધેથી ઉપાડીને રથયાત્રામાં પ્રભુભક્તિનો લાભ લીધેલ. એક પણ રથને બળદો જોડેલ નહિ.

તે જ રીતે આ વર્ષે પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ હિંમતપૂર્વક રાધનપુર સંઘમાં વર્ષોથી ચાલી આવતી અશાસ્ત્રીય કુપ્રથાનો વિરોધ કરી, શાસ્ત્રાનુસારી પ્રણાલી શરૂ કરવા જે મક્કમતા રાખી છે, ને રાધનપુર સંઘમાં અમુક તત્ત્વોએ તેમની સામે વિરોધનો વાવંટોળ ઉભો કરવા પ્રયત્નો કરેલ, છતાં શાસનપ્રેમી સંઘે ને પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ જે શાંતિ, ડહાપણ, ખેલદિલી ને કુનેહ તથા વિચક્ષણતાથી શાંતિપૂર્વક તેમાં અભૂતપૂર્વ સફલતા પ્રાપ્ત કરી તે ખરેખર એક ચમત્કાર જ કહી શકાય.

રાધનપુર ખાતે આટલો વિશાલ વર્ગ આ રીતે શાંતિપૂર્વક ઉલ્લાસ ને ઉત્સાહના વાતાવરણ વચ્ચે ચતુર્વિધ સંઘ સાથે બેસીને સ્વપ્ના ઉતારીને દેવદ્રવ્યમાં લઇ જવાની શાસ્ત્રમાન્ય પ્રણાલી પાડવામાં સફળ બનશે તે કોઇ સ્વપ્ને પણ ન માની શકે ને ન સંભવી શકે તે હકીકત બની છે. પૂ. પંન્યાસજી મહારાજશ્રી તથા શાસનપ્રેમી શ્રી સંઘની અગ્રગણ્ય વ્યક્તિઓની ધગશ, હિંમત તેમજ નીડરતાનું જ આ સફલ પરિણામ છે.

રાધનપુર ખાતે થયેલી આ શુભ શરૂઆતને અમદાવાદ ખાતે બિરાજમાન પૂ. ગચ્છાધિપતિ આ. મ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજે, મુંબઇ ખાતે બિરાજમાન પૂ આ. મ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજે, તે રીતે પૂ. પં. મ. શ્રી મુક્તિવિજયજી ગણિવરે, પૂ. પં. મ. શ્રી રવિવિજયજી ગણિવરે પોતાના હાર્દિક શુભાશિષો પાઠવીને બિરદાવેલ છે.

તદુપરાંતઃ આ પ્રણાલી હંમેશને માટે ચાલુ રાખવા રાધનપુર સંઘને પ્રેરણા પાઠવેલ છે, વિશેષમાં અમદાવાદ ખાતે બિરાજમાન પૂ. આ. મ. શ્રી વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના વિદ્વાન પ્રભાવક શિષ્યરત્ન પૂ. પંન્યાસજી મ. શ્રી સુજ્ઞાનવિજયજી ગણિવરશ્રીએ–કે જેઓશ્રીએ શેષ કાળમાં વૈશાખ મહિનામાં રાધનપુર ખાતે પધારી, આ કુપ્રથાનો સદંતર બહિષ્કાર કરવા સંઘને મક્કમતાપૂર્વક નીડરતાથી પ્રેરણા કરેલ, તેઓશ્રીનો પણ શુભ સંદેશ આ પ્રસંગે પ્રાપ્ત થયેલ છે.

તેમાં તેઓશ્રીએ પૂ. પંન્યાસજી મહારાજશ્રીને આ પ્રણાલીની શુભ શરૂઆત કરવા માટે અભિનંદન પાઠવતાં જે જણાવેલ છે, તે તેઓશ્રીના ગુણાનુરાગી માનસ ને શાસનમાન્ય પ્રણાલીના પ્રચાર માટેની ધગશને સ્પષ્ટ કરે છે, તેઓશ્રી જણાવે છે કે, ‘આપશ્રીએ રાધનપુર ખાતે જે સાહસ કરીને માર્ગરક્ષણનો ભગીરથ પ્રયત્ન નીડરપણે લીધો તે માટે આપશ્રીને ઘણો જ ધન્યવાદ ઘટે છે. આપશ્રીનો પ્રયત્ન શાસનદેવની કૃપાયે ઘણો જ સફળ બન્યો છે. આવું લક્ષ આપનાર આપશ્રીજી જેવા વિરલ પુરૂષો હોઇ શકે છે. દાક્ષિણ્યતામાં ખીંચાઈ શ્રાવકોને સારા લાગી વાહ વાહ બોલાવનારા આજે ઘણા ભાગે શાસનની યથાર્થ પ્રણાલિકાઓને ગુમાવતા જાય છે. પૂજ્ય આપશ્રીજી હવે શાસન પક્ષને મક્કમ બનાવી નક્કર કરવાનું પુરતું કરશોજી, એ આશા પણ અસંભવિત નથી’ તા. ૭–૧૦–૬૬ (વિ. સં. ૨૦૨૨)

તે જ રીતે પાટણ-સાગરના ઉપાશ્રય ખાતે બિરાજમાન સરળ સ્વભાવી સિદ્ધાંતનિષ્ઠ પૂ. આ. મ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજે તથા તેઓશ્રીના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ત્રૈલોકયસાગરજી મહારાજે પણ રાધનપુરમાં આ શરૂ થયેલી શાસ્ત્રીય પ્રણાલીને બિરદાવતાં જે ગુણાનુરાગીપણું ને શાસ્ત્રસિદ્ધાંતનિષ્ઠા વ્યક્ત કરી છે, તે ખરેખર પ્રશંસનીય છે. તેઓશ્રી જણાવે છે કે, 'સુપનના પૈસા ફેરવાવ્યા તે બહુ જ સુંદર કાર્ય થયું છે. પરંતુ આ વર્ષ માટે કે કાયમ માટે તે જણાવશો. અત્રે ૨૫ ટકા જ્ઞાનમાં, ૨૫ ટકા ઉપાશ્રયમાં જાય છે, મહેનત ઘણી કરી... પરંતુ આ જે દેવદ્રવ્યમાં તોટો પડે તે ગમે ત્યાંથી મેળવીને જીર્ણોદ્ધારમાં ભરપાઇ કરી દેવા તેવું સંઘમાં જણાવીને વ્યાખ્યાન વાંચ્યું છે, એટલે અમારા નિમિત્તે ટોટો પડશે નહિ. વરઘોડાની પ્રણાલિકા ચાલુ કરી તે પણ બહુ જ ઉત્તમ કાર્ય કર્યું છે. શાસનની શોભાની અભિવૃદ્ધિ છે, આવાં કાર્યો કરી શાસનસેવા બજાવો.' એજ.

ભા. વ. ૨ સાગરનો ઉપાશ્રય, પાટણ.

એક પર સમુદાયના ને સાગરથી ભિન્ન વિજયશાખાના સાધુએ મક્કમતા રાખી, વર્ષોથી ચાલી આવતી શાસ્ત્રવિરોધી પ્રણાલીનો નીડરતાથી વિરોધ કરી, શાસ્ત્રાનુસારી પ્રથા હિમ્મતપૂર્વક શરૂ કરી તે માટે પૂ. આચાર્ય ભગવંત શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી જેવા મહાપુરુષ તે કાર્યને ને તે કાર્યની શુભ શરૂઆત કરનાર પૂ. પંન્યાસજી મહારાજને જે રીતે

હૃદયના ઉમળકાથી વગર નિમંત્રણે પોતાની મેળે બિરદાવે છે, શુભાશિષ પાઠવી પીઠ થાબડે છે, તે જ કહી આપે છે કે જૈનશાસન જયવંતુ વર્તે છે.

તેઓશ્રીએ પણ મક્કમતાપૂર્વક આ વર્ષે પાટણ સાગરના ઉપાશ્રયે જે સ્વપ્નાની ઉપજ સાધારણમાં અમુક ટકા જતી હતી, ને કેટલાયે વર્ષોથી ચાલી આવતી આ પ્રથાને ત્યાં ચાતુર્માસ કરનારા પૂ. મુનિ ભગવંતોએ નભાવી, તેનો મક્કમતાથી સામનો કરી, આ વર્ષ માટે તો દેવદ્રવ્યના ભક્ષણના પાપથી સંઘને બચાવી ભગીરથ પુરૂષાર્થ કરી સફળતા પ્રાપ્ત કરી છે.

ને જ્યારે રાધનપુર ખાતે વિજયગચ્છ સંઘ તથા સાગરગચ્છ સંઘ બન્ને સંઘના વહિવટદારો સ્વપ્નાની ઉપજ એક ૧૦ આની સાધારણમાં લઇ જાય છે, ને એક ૧૬ આની સાધારણમાં લઈ જાય છે. ને તે સાધારણ એટલે ઉપાશ્રયમાં ખરચાય છે, સાધુ-સાધ્વીના વૈયાવચ્ચમાં, ઉપાશ્રયના માણસને આપવામાં જાય ઇત્યાદિ દ્વારા ચતુર્વિધ સંઘ દેવદ્રવ્યના ભક્ષણના મહાન દોષનો ભાગીદાર બને છે, તે તેઓશ્રીની જાણમાં આવતાં, તેઓશ્રીએ આ વખતે નીડરતાપૂર્વક રાધનપુરના વિજયગચ્છ સંઘના વહિવટદારો ને સાગરગચ્છ સંઘના વહિવટદારોને જે સ્પષ્ટ, સચોટ તથા શાસ્ત્રાનુસારી પત્ર લખેલ છે, તે તેઓશ્રીની શાસનનિષ્ઠા ને સુવિહિત પરંપરા માટેની ધગશ જણાઈ આવે છે.

વિજયગચ્છ સંઘના કાર્યવાહકોને પત્ર લખતાં તેઓશ્રી સ્પષ્ટપણે જણાવે છે કે,

'ત્યાં સુપનના પૈસાનો અમુક ભાગ સર્વ સામાન્ય સાધારણમાં જાય છે તે અયોગ્ય છે. કારણ કે, સુપનના પૈસાનો થોડો ભાગ પણ સર્વ સામાન્ય સાધારણમાં જાય તેવું સેંકડે એક ગામ પણ મળવું મુશ્કેલ છે. માટે બહુ જ વિચાર કરજો.'

'અમદાવાદમાં બધે જીર્ણોદ્ધારમાં જાય છે. વીજાપુર, સાણંદ, ઊંઝા, ડીસા, ભાવનગર, સિહોર, રાજકોટ, માટુંગા, બોરીવલી, દાદર, સાયન, ભાયખલા, મ્હેસાણા વ. મોટા મોટા શહેરોમાં પણ દેવદ્રવ્યમાં જાય છે, અને કોઇ જગ્યાએ અમુક ભાગ સાધારણમાં જાય છે, પરંતુ તે સાધારણ સર્વ સામાન્ય નહિં. પરંતુ દેરાસરના સાધારણમાં જાય છે, એટલે કેસર-ઘી-પૂજારીનો પગાર વ. માં જાય છે. એટલે આ શાસનની પ્રણાલિકા એકધારી ચાલી આવે છે, તેમાં આવી જવું તે હિતકારી છે.'

'ગયા વર્ષમાં વિજાપુર ખાતે અમારી અને કૈલાસસાગરજીની નિશ્રામાં ઘણા વર્ષોથી ઊલટી ચાલતી પ્રણાલિકા ફેરવાવીને સુપનના પૈસા દેવદ્રવ્યમાં કાયમી લઇ જવા તેવો ઠરાવ કર્યો હતો. આ વર્ષે અમોએ અત્રે પણ વ્યાખ્યાનમાં જાહેર કર્યું હતું, અને દેવદ્રવ્યને જેટલું નુકશાન પડે તેટલું ભરપાઇ કરાવી આપવું. તેવું નક્કી કરીને જ વ્યાખ્યાન ચાલુ કર્યું હતું.'

તેમાં ૨૫ ટકાની બાંહેધરી ટ્રસ્ટીઓએ લીધી હતી, ને ૨૫ ટકાની મેં લીધી હતી. તેથી આ વર્ષે સુપન નિમિત્તે દેવદ્રવ્યને એક લાલ પાઈનું પણ નુકશાન થયું નથી.'

અને આ બાબતમાં અઠવાડિયું લગભગ વ્યાખ્યાન ચલાવ્યું હતું. મુખ્ય ટ્રસ્ટીઓના પરિણામ ફેરવવાના થયા છે, પરંતુ સંઘનું કામ હોવાથી એક આગિયા સો મણ જવારનો નાશ કરે તેમ થતું હોવાથી ધીરે ધીરે લાઈન પર આવી જશે.'

તમારે પણ ખોટી ચાલતી પ્રણાલિકા ફેરવી સારા માર્ગે આવી જવું, અને સર્વના ભેગા ભળી જવું તે યોગ્ય છે.

પડતાના દાખલા લેવા નહિ, દાખલા તો ચડતાના જ લેવાય."

દઃ ત્રૈલોકયસાગરના ધર્મલાભ.

ભા. વ. ૧૦ (વિ. સં. ૨૦૨૨) પાટણ સાગરનો ઉપાશ્રયઃ

તે જ રીતે તેઓશ્રીએ રાધનપુર સાગરગચ્છ સંઘના વહિવટદારોને પણ હિમ્મતપૂર્વક આ શાસ્ત્રવિરોધી પ્રણાલીનો સદંતર બહિષ્કાર કરી દેવદ્રવ્યના ભક્ષણના મહાપાપથી સ્વયં બચી સંઘને બચાવવા માટે જે પત્ર લખેલ છે તે પણ અનેક રીતે પ્રેરક ને શાસનપ્રેમી સંઘને શાસ્ત્રાનુસારી પ્રણાલીમાં સ્થિર રાખનાર છે.

તેઓશ્રી જણાવે છે કે,

'ત્યાં સુપનના પૈસાનો અમુક ભાગ સર્વ સામાન્ય સાધારણમાં જાય છે, તે જાણી ઘણું જ દુઃખ થયું છે. હીરાની ખાણ જેવા તમારા ક્ષેત્રમાં આ શોભે નહિં. કદાચ એમ થાય કે ઘણાં વર્ષથી ચાલે છે અને હવે ફેરવીએ તો આપણું નાક જાય પણ એ ભ્રમણા છે.

'ગૌતમસ્વામી પણ ભૂલની માફી માગવા એક ગૃહસ્થ પાસે ગયા હતા. તેમને તો લાભ જોઇતો હતો. પાપભીરૂ હતા. પાપની શંકાવાળું કાર્ય મહાપુરૂષો પણ કરતા નથી. માટે સર્વ સામાન્ય સાધારણમાં લઈ જવા તે અયોગ્ય છે.'

'કારણ કે, સુપનના પૈસાનો થોડો ભાગ પણ સર્વ સામાન્ય સાધારણમાં જાય તેવું સેંકડે એક ગામ પણ મળવું મુશ્કેલ છે. માટે બહુ જ વિચાર કરજો. કડવું ઔષધ લાગી મા જ પાય. પરંતુ પરિણામે સુખને આપનાર છે. પીઠ થાબડનાર ઘણા મળશે. પણ દુ ખમાં ભાગ પડાવનાર કોઇ ઉભું નહિં રહે.'

'અમદાવાદમાં બધે જીર્ણોદ્ધારમાં જાય છે. વીજાપુર, મહેસાણા, સાણંદ, ઊંઝા, ડીસા, ભાવનગર, રાજકોટ, શિહોર, માટુંગા, કપડવંજ, સાયન, બોરીવલી, દાદર, ભાયખલા વ. મોટા મોટા શહેરાદિમાં દેવદ્રવ્યમાં જાય છે. અને કોઈ જગ્યાએ અમુક ભાગ સાધારણમાં જાય છે, પરંતુ તે સાધારણ સર્વ સામાન્ય નહિં, પણ દેરાસરના સાધારણમાં જાય છે. એટલે કેસર-ઘી પૂજારીનો પગાર વ. માં જાય છે."

એટલે આ શાસનની પ્રણાલિકા એકધારી ચાલી આવે છે, તેમાં આવી જવું તે હિતકારી છે. પડતાના દાખલા કોઈ દિવસ લેવાય નહિં. દાખલા તો ઉંચાના જ લેવાય.

ગયા વર્ષમાં વિજાપુર ખાતે અમારા અને આ. કૈલાસસાગરસુરિની નિશ્રામાં ઘણા વર્ષોથી ઉલટી ચાલતી પ્રણાલિકા ફેરવાવીને સુપનના પૈસા દેવદ્રવ્યમાં કાયમી લઈ જવા તેવો ઠરાવ કરાવ્યો હતો.

આ વર્ષે (પાટણ-સાગરના ઉપાશ્રયે) અમે પણ વ્યાખ્યાનમાં જાહેર કર્યું હતું. અને દેવદ્રવ્યને જેટલું નુકશાન પડે તેટલું ભરપાઈ કરાવી આપવું તેવું નક્કી કરીનેજ વ્યાખ્યાન ચાલુ કર્યું હતું. તેમાં ૨૫ ટકાની બાહેંધરી ટ્રસ્ટીઓએ લીધી હતી, અને ૨૫ ટકાની મેં લીધી હતી. તેથી આ વર્ષે અમારા નિમિત્તે સુપન સંબંધી દેવદ્રવ્યને એક લાલ પાઇનું પણ નુકશાન પહોંચ્યું નથી. અને આ બાબતમાં અઠવાડિયું લગભગ વ્યાખ્યાન ચલાવ્યું હતું. મુખ્ય ટ્રસ્ટીઓના પરિણામ ફેરવવાના થયા છે'

'પરંતુ સંઘનું કામ હોવાથી એક આગીયો સો મણ જવારનો નાશ કરે તેમ થતું હોવાથી ધીરે ધીરે લાઈન પર આવી જશે. તમારે પણ ખોટી ચાલતી પ્રણાલિકા ફેરવી સારા માર્ગ ઉપર આવી જવું જોઇએ. અને સર્વના ભેગા ભળી જવું જોઇએ તે જ યોગ્ય છે.'

'અહીંયા એક ભયંકર પાપ બીજું પણ પ્રવેશ કર્યું છે. તે છેલ્લા જૈનમાં મેં આપેલ છે તે લેખ બરાબર વાંચી જવા જેવો છે. એ પાપ ત્યાં તો નહિ હોય એવી મને ખાત્રી છે. જો હોય તો મને જણાવશો'

પૂ. આ. શ્રીકીર્તિસાગરસુરિજી મહારાજના તરફથી

દઃ મુનિ ત્રૈલોકચસાગરના ધર્મલાભ

ભા. વ ૧૦ સાગરનો ઉપાશ્રય પાટણ.

આ રીતે શાસનમાન્ય ને સુવિહિત પરંપરાનુસારી સ્વપ્ના તથા પારણાની ઉપજ દેવદ્રવ્યમાં જવી જોઈએ તે પ્રણાલીનો રાધનપુર જૈન સંઘે જે હિમ્મત તથા મક્કમતાપૂર્વક પૂ. સમર્થ વક્તા પંન્પાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણીવરશ્રીના સચોટ ઉપદેશ ને નીડરતાપૂર્વકની પ્રેરણાથી શુભ પ્રચાર ને તેની સુંદર શરૂઆત કરી છે, તો હવે તે પ્રણાલીને હંમેશને માટે શ્રી સંઘ જાળવી રાખે, ને રાધનપુર ખાતે શેષકાળમાં તથા ચાતુર્માસમાં પધારતા પૂ. પાદ સુવિહિત આચાર્યદેવાદિ મુનિ ભગવંતો આ શાસ્ત્રાનુસારી પ્રણાલીના પ્રચાર માટે ને તેને વેગ મળે તથા શાસનપ્રેમી સંઘને પ્રોત્સાહન મળે તે રીતે ઉપદેશ આપતા રહે, મક્કમતાથી સચોટ પ્રેરણા કરતા રહે તો જરૂર આશા છે કે હજુ જે ચાર આની વર્ગ ને તેમાં બન્ને ગચ્છના સંઘની પેઢીના વહિવટદારો આજે જે રીતે પૂ. આચાર્યદેવાદિ સુવિહિત ભગવંતોથી નિરપેક્ષ રહી પોતાની મનસ્વી રીતે શાસ્ત્ર, શાસન તથા સુવિહિત પરંપરાને ઇરાદાપૂર્વક અવગણી બે-પાંચ વ્યક્તિની લાગવગ કે શરમથી દોરવાઈ જે અશાસ્ત્રીય અને વર્તમાન તપાગચ્છના લગભગ સઘળાયે પૂ. પાદ સુવિહિત આચાર્ય ભગવંતોની આજ્ઞાવિરૂદ્ધ સ્વપ્નાની ઉપજ દેવદ્રવ્યના બદલે સાધારણમાં તે પણ ચતુર્વિધ સંઘના ઉપયોગમાં આવે તે સાધારણમાં લઇ જવાની કુપ્રથાને વળગી, સમસ્ત સંઘને દેવદ્રવ્ય ભક્ષણના મહાપાપના ભાગીદાર બનાવી રહ્યા છે, તે સર્વને સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય ને તેઓ સન્માર્ગે વળે! તે માટે આજે શાસ્ત્રીય પ્રણાલીનો હિમ્મતથી મક્કમતાપૂર્વક નીડરપણે પ્રચાર કરવાની સર્વ કોઇ શાસનપ્રેમી ધર્માત્માઓની ફરજ છે.

(તા. ૨૦-૧૧-'૬૬ ના કલ્યાણ માંથી સાભાર.)

**નોંધ :-** પ્રારંભમાં મેં જણાવેલ છે તેમ રાધનપુરના વિ. સં. ૨૦૨૨ના ચાતુર્માસમાં શ્રી સુવિહિત પરંપરામાં માનનાર શાસ્ત્રાનુસારી શ્રદ્ધા ધરાવનાર શ્રી શાસનપ્રેમી શ્રી સંઘની મક્કમતાથી થોડા વર્ષો બાદ વિજયગચ્છ તથા સાગરગચ્છના જે સંઘોએ સ્વપ્નાની ઉપજ દેવદ્રવ્યમાં લઇ જવાનો શાસ્ત્રાનુસારી નિર્ણય કરીને વર્ષોથી ચાલી આવતી સંસાર-વર્ધક પાપપરંપરાનું નિમિત્ત કુપ્રથાનો મક્કમતાથી ત્યાગ કર્યો તે માટે જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે.

જ્યારે રાધનપુરના ચાતુર્માસમાં પૂ. પાદ પરમતારક પરમગુરુદેવોની પુણ્યમયી કૃપાદૃષ્ટિથી સ્વપ્નાની ઉપજને સાધારણમાં લઇ જવાની કુપ્રથાનો અમે વિરોધ કરીને શાસનપ્રેમી શ્રી સંઘને હિમ્મત આપીને જુદા સ્થાને સ્વપ્ન દર્શન- સ્વપ્ન ઉતારવાનું શુભ કાર્ય કરવા પ્રેરણા આપેલ તેના વિરોધમાં રાધનપુરમાં કેટલાક કદાગ્રહી ભાઇઓએ જાહેરમાં વિરોધ કરવા માટે હેંડબીલ કાઢેલ છે જે આ મુજબ અક્ષરશઃ અમે ઉદ્ધૃત કરીને તેનો જવાબ પણ ત્યારબાદ રજૂ કરીએ છીએ.

સંપાદક.

## રાધનપુરની પત્રિકા

તા. ૬-૯-૬૬

## શ્રી રાજનગર સાધુ સંમેલનનો સુપનના ઘી માટેનો અસલ ઠરાવ

**જે ગામમાં જે પ્રમાણે સુપનાનું બોલીનું ઘી લેઇ જવાતું હોય ત્યાં તે પ્રમાણે લઈ જવું.**

**ઉપર મુજબનો ઠરાવ ૩૧ માર્ચ ૧૯૩૪ સં. ૧૯૯૦ ચૈત્ર વદ ૧ શનીવારના રોજ અખીલ હિન્દ મુનિ સંમેલનમાં થયો હતો. એટલે સુપનનું ઘી દેવદ્રવ્યમાં લઇ જવા બાબતમાં જે પ્રચાર મુનિ સંમેલનના નામે રાધનપુરમાં કરવામાં આવે**

છે તે જૈન સંઘ સંગઠ્ઠનનું ખંડન કરવા જેવું છે તેની અમો શ્રી સંઘને જાણ કરીએ છીએ.

રાધનપુરમાં પણ શ્રી સાગર સંઘે સં. ૧૯૪૩ ભાદરવા સુદ ૧ રોજ સુપનાનું ઘી સાધારણમાં લઈ જવાનો સર્વાનુમતે ઠરાવ કરેલ છે, અને પૂજ્ય આત્મારામજી મહારાજે આ આ ઠરાવ કરવામાં કંઇ ખોટું નથી. અને શ્રી સંઘ ઠરાવ કરી શકે છે એમ અભિપ્રાય આપેલો છે. એટલે સુપનાનાં ઘી બાબતમાં જ્યાં સુધી અસલ ઠરાવ હોય ત્યાં સુધી કંઇ ફેરફાર થઈ શકે નહિ. સિવાય કે અખીલ હિન્દુસ્તાનનો શ્રી સંઘ આ પ્રમાણે ઠરાવ કરે અગર તો પૂજ્ય આચાર્યદેવો સર્વાનુમતે નિર્ણય આપે. આજે પણ કેટલાય શહેરો અને ગામોમાં આ સુપનાના ઘી બાબતમાં જુદા જુદા ઠરાવો અમલમાં છે.

આથી રાધનપુરમાં દરેક જૈન ભાઇ–બહેનોને નમ્ર વિનંતિ છે કે રીવાજ પ્રમાણે સાગરગચ્છ અને વિજયગચ્છમાં સુપન ઉતરવાના છે તો સૌ પોતપોતાના સંઘમાં જઇ આનંદપૂર્વક સુપનનું ઘી બોલે અને સંઘમાં શાંતિ જળવાય તેમ વર્તે તેવી અમારી ભાવભીની અપીલ છે.

લિ. સંઘના સેવકો

| | |
|---|---|
| રતીલાલ પ્રેમચંદ શાહ | દેવેન્દ્ર બાપુલાલ શાહ |
| હિંમતલાલ ભુદરદાસ પટવા | ડૉ. ચીમનલાલ ભુદરદાસ |
| મુક્તિલાલ લેરચંદભાઇ | કીરતીલાલ સીવલાલ પારી |
| હરગોવનદાસ ચીમનલાલ પટવા | રતીલાલ મણીલાલ પટવા |
| શેઠ વિઠ્ઠલદાસ ધરમચંદ | અરવીંદલાલ માણેકલાલ ભણસાલી |

**નોંધ:-** રાધનપુર શ્રી સંઘમાં જ્યારે અમે આ રીતે સુવિહિત મહાપુરૂષોએ માન્ય કરેલ કલ્યાણકારી પ્રણાલી પ્રમાણે વિ. સં. ૨૦૨૨ના ચાતુર્માસમાં પર્યુષણા મહાપર્વમાં સ્વપ્નાની ઉપજ દેવદ્રવ્યમાં લઇ જવાનો મક્કમ નિર્ણય કરેલ, તેના વિરોધરૂપે ઉપરોક્ત હેન્ડબીલ પર્યુષણાપર્વની આરાધનાના દિવસોમાં લગભગ પ્રસિદ્ધ થયેલ, તે સમયે અમારે તો આરાધના કરવી હતી, ને શાસનપ્રેમી શ્રી સંઘને શાંતિથી સુવિહિત પરંપરામાન્ય કલ્યાણકર આરાધના કરાવવી હતી. જેથી રાધનપુર સંઘનું વાતાવરણ ડહોળાઈ ન જાય, ને નિરર્થક આરાધનાના વાતાવરણમાં વિક્ષેપ ન પડે, માટે સામે જવાબ આપીને હેંડબીલબાજીમાં ન પડવાનું નક્કી કરેલ, છતાંયે અસત્યનો પ્રતિકાર કરવો એ પણ સત્યની રક્ષા ને શાસ્ત્રાનુસારી સિદ્ધાંતની રક્ષા દ્વારા આરાધના જ છે, તે અમારી પૂર્ણપણે નીડરતાપૂર્વકની માન્યતા હતી.

જેથી આ જુઠ્ઠાણાનો પ્રતિકાર થાય તો ઇચ્છનીય છે, એમ અમને લાગેલું. ખરેખર જૈનશાસન જયવંતુ વર્તે છે. તે સત્યની પ્રતીતિ કરાવનાર પ્રસંગ તે વખતે એ બનેલ કે, પાટણ (ગુજરાત) સાગરગચ્છના ઉપાશ્રયમાં તે સમયે વિ. સં. ૨૦૨૨ના ચાતુર્માસાર્થે બિરાજમાન પૂ. આચાર્ય મહારાજ શ્રી કીર્તિસાગરસૂરિ મહારાજશ્રીએ રાધનપુરના ભાઈઓના નામે પ્રસિદ્ધ થયેલ તે જુઠ્ઠાણાથી ભરેલી પત્રિકાનો સચોટ, સ્પષ્ટ તથા નીડર તથા શાસ્ત્રાનુસારી પ્રતિકાર કરીને જૈનશાસનના સનાતન સિદ્ધાંતની રક્ષા સાથે શાસનમાન્ય સુવિહિત પરંપરાનુસારી શાસ્ત્રીય પ્રણાલીનો પ્રચાર કરવા દ્વારા શાસનપ્રેમી સંઘને જે પ્રેરણા તથા માર્ગદર્શન આપવાનું એક ધર્માચાર્ય તરીકે અનુપમ શાસનપ્રભાવક કાર્ય કરેલ તેની જેટલી અનુમોદના–પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. તેઓશ્રીએ રાધનપુરના ભાઈઓના હેંડબીલનો જે જવાબ હેંડબીલ દ્વારા આપેલ તે આ મુજબ હતો

—સંપાદક

## અસલ ઠરાવના નામે ફેલાવેલી ભ્રમણાઓનો સચોટ જવાબ

**આચાર્ય કીર્તિસાગરસૂરિ આદિ ઠાણા ૩.**

**સાગરનો ઉપાશ્રય પાટણ          ૨૦૨૨ આસો વદ ૧૧**

રાધનપુર મધ્યે સુશ્રાવક રતિલાલ પ્રેમચંદ આદિ ભાઈઓને યોગ્ય ધર્મલાભ.

અત્રે દેવગુરુધર્મ પસાયે શાન્તિ છે. ત્યાં આત્મિક શાન્તિ હશે ? હો !

તમારા તરફથી તા. ૬-૯-૬૬ના રોજ બહાર પાડેલ અસલ ઠરાવ તા. ૧-૧૧-૬૬ના રોજ મારા હાથમાં આવ્યો વાંચી ઘણું જ દુઃખ થયું. કારણ કે, :- તમારી પત્રિકામાં રાજનગર સાધુ સંમેલનના નામે હલાહલ જુઠવાળું લખાણ બહાર પાડેલ છે. મેં પોતે પટ્ટક મંગાવીને વાંચી જોયો. તેમાં ૧૧ મુદ્દાઓ ચર્ચ્યા છે. તેમાં બીજો મુદ્દો દેવદ્રવ્ય સંબંધી છે તે આ પ્રમાણે છે :-

**કલમ બીજીમાં પ્રભુના મંદિરમાં કે મંદિર બહાર ગમે તે ઠેકાણે પ્રભુના નિમિત્તે જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય.**

૧ પ્રશ્ન :- સુપનના સ્વપ્ન શાથી આવ્યા ?

ઉત્તરઃ- ભગવાન ગર્ભમાં આવવાથી સુપનના સ્વપ્ન આવ્યા છે.

૨ પ્રશ્ન :- પારણું કોનું ?

ઉત્તર :- ત્રિશલાનું નહિ ? નંદિવર્ધનનું નહિ ? પરંતુ પ્રભુનું પારણું છે.

અવળે માર્ગે ચાલનારને જે પાપ થાય છે તેના કરતા **અનેક ઘણું પાપ અવળી વાત રજુ કરનારને લાગે છે.** આ તો ઉત્સૂત્ર પ્રરૂપણા કહેવાય. આગળ જતાં શ્રી આત્મારામજીનું જે મંતવ્ય બતાવ્યું છે તે પણ સાહિત્ય જોતાં અસત્ય ઠરે છે. કારણ કે-

અમૃતસરમાં અમરસિંહ સ્થાનકવાસી સાધુએ ૧૦૦ પ્રશ્નો પૂછેલા છે. તેના જવાબો આત્મારામજી મહારાજે આપેલા છે, અને તેમના શિષ્ય લક્ષ્મીવિજયજી મહારાજે એ સંગ્રહ કરેલા છે. અને આચાર્ય વલ્લભસુરિજીએ 'ઢુંઢક હિતશિક્ષા' પુસ્તકમાં પાના ૮૪ ઉપર પ્રગટ કરેલ છે. તેમાં પ્રશ્ન ૯ માં પૂછ્યું છે કે, 'તમો સુપન ઉતારો છો ? અને લીલામ કરો છો તે શા માટે ?' તેના ઉત્તરમાં શ્રી આત્મારામજી મહારાજે જણાવ્યું છે કે, '**શાસનની શોભા માટે અને દેવદ્રવ્યની વૃદ્ધિ માટે**' અમો સુપન ઉતારીએ છીએ' તેમની માન્યતાને આચાર્ય કમલસૂરિ, ઉપાધ્યાય વીરવિજયજી મહારાજ, પ્રવર્તક કાંતિવિજયજી મહારાજ, મુનિ હંસવિજયજી મહારાજ, મુનિ ચતુરવિજયજી મહારાજ, શિષ્યો પ્રાશષ્યો માનતા આવ્યા છે. તે તેમના પત્રોથી સાબીત થાય છે, તે પત્રો અમારી પાસે છે. **(જેને જોવા હોય તેને માટે ખુલ્લા છે)**

વળી તમો નીચે લખો છો કે, 'આચાર્યો સર્વાનુમતે નિર્ણય આપે તો જ ઠરાવ ફેરફાર કરી શકાય.' એ તમારી કલમથી પણ તમે પોતે જ બંધાઇ જાઓ છો. કારણ કે તમોએ ઠરાવ ૧૯૪૩ની સાલમાં કર્યો છે તે જણાવો છો, તો પૂ. આત્મારામજી મહારાજ કાલધર્મ પામ્યા પછી ૧૯૯૦ની સાલમાં રાજનગર સંમેલનમાં આચાર્યોનો સર્વાનુમતે ઠરાવ થયેલો છે કે, '**પ્રભુ નિમિત્તે જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય.**' તેથી આગળની માન્યતાઓ, અભિપ્રાયો પુરાવાઓ પ્રણાલિકાઓ રદ થાય છે અર્થાત્ કેન્સલ થાય છે અને પટ્ટક પ્રમાણ બને છે. માટે તમારી કલમથી પણ તમારે ફેરફાર કરવો જોઇએ, **એક નાનો બાળક સમજે એવી વાત છે, પરંતુ ભવભીરૂતા વિના સમજાય નહિ.**

પત્રિકામાં છેલ્લે છેલ્લે લખ્યું છે કે, 'આજે પણ કેટલાએ શહેર અને ગામોમાં જુદા જુદા રિવાજો છે.' તે પણ વધુ પડતું લખાણ છે, કારણ કે, ભારતમાં જૈનોની વસ્તિવાળાં જેટલાં શહેરો અને ગામો છે તે ગણુતરી કરતાં સુપન પારણાના પૈસા-જ્ઞાનખાતામાં-ઉપાશ્રયમાં કે સર્વ સામાન્ય સાધારણમાં જતા હોય તેવાં શહેર અને ગામો સો ગામે પાંચ ગામ પણ મળવા મુશ્કેલ છે. વળી સજ્જન માણસો પડતાના દાખલા કોઇ દિવસ લેતાં નથી. ડાહ્યો માણસ ઝેર ખાવાની ઈચ્છા કરે નહિ.

અવળી પ્રરૂપણા સમ્યક્ત્વનો નાશ કરનાર છે, ભવભ્રમણને વધારનાર છે. મરીચી એક જ વાક્ય જુઠું બોલ્યા કે સંસાર

વધી ગયો. હિતદૃષ્ટિએ આ લખાણ લખાઇ રહ્યું છે માટે ભૂલનું પ્રાયશ્ચિત કરી માફી માગી શુદ્ધ થવું એ જ હિતકારી છે. અને કલ્યાણકારી છે. અમોએ અત્રે પર્યુષણમાં સ્વપ્ન નિમિત્ત જે દેવદ્રવ્યને નુકશાન પડતું હતું તે ભરપાઇ કરવાપૂર્વક વ્યાખ્યાનમાં જાહેરાત કરવાપૂર્વક પર્વ ઉજવ્યાં હતાં.

માટે હજી સંઘે વિચાર કરી જુની પ્રણાલિકા ફેરવવી યોગ્ય છે. ગઈ સાલે અમારી (આચાર્ય ભગવંતની) નિશ્રામાં વિજાપુરમાં ઘણા વખતથી ઉંધી ચાલતી પ્રણાલિકા ફેરવાવીને સુપનના પૈસા કાયમી દેવદ્રવ્યમાં લઈ જવા તેવો ઠરાવ કરાવ્યો હતો. ત્યાં સંઘના બાર આની ભાગે સુપન જુદા ઉતારી દેવદ્રવ્યની વૃદ્ધિ કરી તે પ્રશંસનીય અનુમોદનીય છે.

દઃ મુનિ ત્રૈલોકયસાગરના ધર્મલાભ.

**નોંધ** :– રાધનપુરના કેટલાક ભાઈઓના જવાબમાં તે ભાઈઓએ ફેલાવેલ ભ્રમણાને સચોટ ને શાસ્ત્રાનુસારી પ્રતિકાર પૂ. આ. મ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજશ્રી તરફથી તેમના વિદ્વાન ધર્મ ધગશવાળા સત્યપ્રિય મુનિરાજ શ્રી ત્રૈલોકયસાગરજી મહારાજે ઉપરોક્ત હેંડબીલ દ્વારા આપેલ. બાદ તે જ હકીકતનું વિશેષ સ્પષ્ટીકરણ કરતી ન્હાની પુસ્તિકા પણ તેમણે પ્રગટ કરેલ. જેમાં તેઓએ આ જ હકીકતનું સમર્થન કરતું જે મનનીય લખાણ તે પુસ્તકના પ્રારંભમાં મૂકેલ છે.

જેમાંનો કેટલોક ભાગ તો ઉપરોક્ત પત્રિકામાં ઉલ્લેખાયેલ હકીકતનું પુનરાવર્તન છે. છતાં પણ તે અવતરણ ઉપયોગી ને પ્રાસંગિક હોવાથી અત્રે ફરી રજૂ કરવાનું ઉચિત માનીને અત્રે મૂકીએ છીએ.

–સંપાદક

# રાધનપુરની પત્રિકાનો જડબાતોડ જવાબ

## આચાર્ય કીર્તિસાગરસૂરિ આદિ.

સાગરનો ઉપાશ્રય પાટણ. ૨૦૨૨નો આસો.

ઉપરની પત્રિકા તા. ૧-૧૧-૬૬ના રોજ મારા હાથમાં આવી, વાંચી ઘણું જ દુઃખ થયું. કારણ કે પત્રિકામાં સંમેલનના પટ્ટકના નામે હળાહળ જુઠવાળું લખાણ છે. પટ્ટક મંગાવી વાંચ્યો, તેમાં ૧૧ મુદ્દાઓ છે. બીજો મુદ્દો દેવદ્રવ્ય સંબંધી છે. તેની બીજી કલમ આ પ્રમાણે છે :-

**પ્રભુના મંદિરમાં કે મંદિર બહાર ગમે તે ઠેકાણે પ્રભુના નિમિત્તે જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય' અવળે માર્ગે ચાલનારને પાપ લાગે તેના કરતાં અનેક ઘણું પાપ અવળી વાત રજુ કરનારને લાગે છે. આ તો ઉત્સૂત્ર પ્રરૂપણા કહેવાય.**

આગળ જતાં શ્રી આત્મારામજી મ૦ નું જે મન્તવ્ય બતાવ્યું છે તે પણ સાહિત્ય જોતાં અસત્ય ઠરે છે. કારણ કે અમૃતસરમાં અમરસિંહ સ્થાનકવાસી સાધુએ ૧૦૦ પ્રશ્નો પૂછેલા છે તેના જવાબો આત્મારામજીએ આપેલા છે અને તેમના શિષ્ય લક્ષ્મીવિજયજી મહારાજે સંગ્રહ કરેલ છે અને આ. વલ્લભસૂરિએ ઢુંઢક હિતશિક્ષા પુસ્તકમાં પાના ૮૩ ઉપર પ્રગટ કરેલ છે. તેમાં પ્રશ્ન નવમામાં પૂછ્યું છે કે 'તમો સુપન ઉતારો છો, લીલામ કરો છો તે શા માટે?' તેના જવાબમાં આત્મારામજીએ જણાવ્યું છે કે શાસનની

શોભા માટે અને દેવદ્રવ્યની વૃદ્ધિ માટે સુપન અમો ઉતારીએ છીએ.

તેમની આજ્ઞાને આચાર્ય કમલસૂરિ, ઉપાધ્યાય વીરવિજયજી, પ્રવર્તક કાન્તિવિજયજી, મુનિ હંસવિજયજી, મુનિ ચતુરવિજયજી વગેરે શિષ્યો પ્રશિષ્યો પાળતા આવ્યા છે. તે તેમના પત્રોથી સાબીત થાય છે. તે પ્રત્રો અમારી પાસે છે. (**જેને જોવા હોય તેને માટે ખુલ્લા જ છે.**)

**તે પત્રોનો આ નમુનો:-**

ભાવનગરથી મુનિ ભક્તિવિજયજીએ લખેલ પત્રનો જવાબ આપતાં મુંબઈથી મુનિ ચતુરવિજય લખે છે કે- 'પાટણ સંઘ તરફથી તમારા લખવા પ્રમાણે ઠરાવ થયો હોય તેમ અમારા સાંભળવામાં કે અનુભવમાં નથી પરંતુ પોળીયાના ઉપાશ્રયે એટલે જતીના ઉપાશ્રયમાં બેસનારાઓ એ સ્વપ્નાની આવકમાંથી અમુક ભાગ ઉપાશ્રય ખાતે લે છે એમ સાંભળવામાં છે.'

'જ્યારે પાટણના સંઘથી આવો ઠરાવ થયો નથી તો ગુરુની અનુમતિ—સંમતિ કયાંથી હોય? તે સ્વયં વિચારી લેશો. વિઘ્નસંતોષી માણસો બીજા કોઇની હાનિ કરવા યદ્વા તદ્વા કરે તેથી શું? જો કોઈ પાસે મહારાજના હાથની લેખિત કલમ નીકળે તો ખરી, નહિ તો લોકોના ગપ્પા ઉપર વિશ્વાસ કરવો નહિ.'

'મારા જાણવામાં તો કોઇ વખતે પણ એમ આવ્યું નથી કે સ્વપ્નાના પૈસા ઉપાશ્રયમાં ખરચવામાં સંમતિ આપી

હોય. દઃ મુનિ ચતુરવિજય. (તા. ૭-૬-૧૭ ના પત્રમાં) તેમજ મુનિ શ્રી હંસવિજયજીને પાલણપુરના સંઘે આઠ પ્રશ્નો પૂછેલા તેમાં ત્રીજા પ્રશ્નમાં પૂછ્યું કે, સુપનાના ઘીની ઉપજ શેમાં વપરાય? જવાબ— આ બાબતના અક્ષરો કોઇ પુસ્તકમાં મારા જોવામાં આવ્યા નથી, પણ સેનપ્રશ્ન અને હીરપ્રશ્ન નામના શાસ્ત્રમાં **ઉપધાન માળા પહેરવાના ઘીની ઉપજ દેવદ્રવ્યમાં ગણેલી છે.** તે શાસ્ત્રના આધારે કહી શકું કે સુપનાની ઉપજ દેવદ્રવ્ય તરીકે ગણવી.

'આ બાબતમાં મારા એકલાનો જ એવો અભિપ્રાય છે એમ ન સમજવું. પૂ. આચાર્યશ્રી કમલસૂરિ તથા ઉપાધ્યાય શ્રી વીરવિજયજી તથા પ્રવર્તક શ્રી કાન્તિવિજય વગેરે મહાત્માઓનો પણ તેવો જ અભિપ્રાય છે કે **સુપનાની ઉપજ દેવદ્રવ્ય તરીકે ગણવી.**'

વળી તમો આગળ જતાં લખો છો કે, 'આચાર્યો સર્વાનુમતે જો નિર્ણય આપે તો જ ઠરાવ ફેરફાર કરી શકાય. એ તમારી કલમથી પણ તમે પોતેજ બંધાઈ જાઓ છો કારણ કે, તમોએ ઠરાવ ૧૯૪૩ની સાલમાં કરેલો છે, અને આત્મારામજી મહારાજ કાલધર્મ પામ્યા પછી ૧૯૯૦ની સાલે સંમેલનમાં આચાર્યોનો સર્વાનુમતે ઠરાવ થયેલો છે કે, **'પ્રભુ નિમિત્ત જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય'** તેથી આગળની માન્યતાઓ, અભિપ્રાયો પુરાવાઓ, પ્રણાલિકાઓ **કેન્સલ થાય છે. અને** પટ્ટક **પ્રમાણ બને છે.**

(વધુમાં સર્વ આચાર્યોની સંમતિ વિના તમે ઠરાવ પણ કરી શકતા નથી એ પણ તમારી પ્રથમની ભૂલ જ છે અને નહિ ફેરવવા રૂપ આ બીજી ભૂલ થઈ રહી છે.)

માટે તમારી કલમથી પણ તમારે ફારફેર કરવો જોઇએ. એક નાનો બાળક સમજે એવી વાત છે. પરંતુ પાપભીરૂતા વિના સમજાય નહિ.

અંતમાં લખ્યું કે આજે કેટલાએ શહેર અને ગામોમાં જુદા જુદા રીવાજો છે. તે પણ વધુ પડતું લખાણ છે. કારણ કે ભારતમાં જૈનોની વસ્તીવાળાં જેટલાં શહેર અને ગામો છે તે ગણુતરી કરતાં સુપનના પૈસા ઉપાશ્રય જ્ઞાન કે સર્વસામાન્ય સાધારણ ખાતામાં જતાં હોય તેવાં શહેર અને ગામ સો ગામે પાંચ ગામ પણ મળવા મુશ્કેલ છે.

કોઈ એમ કહે કે અમુક જગ્યાએ તો આમ ચાલે છે તો કહેવાનું એ છે કે ભાઈઓ! પડતાના દાખલા કોઈ દિવસ લેવાય નહિ, દાખલા તો ચઢતાના લેવાય. નીચે જનાર પડતાના દાખલા લે, પરંતુ જેને ઉંચે જવું છે તે તો ચડતાના જ દાખલા લે.

અવળી પ્રરૂપણા સમ્યક્ત્વનો નાશ કરનાર છે. મરીચી એક વાકય જુઠું બોલ્યા કે તેનો સંસાર વધી ગયો. આ હિતદૃષ્ટિએ લખાઇ રહ્યું છે, માટે ભૂલની માફી માગી શુદ્ધ થવું કલ્યાણકારી છે.

અમોએ પણ અત્રે પર્યુષણમાં સ્વપ્ન-પારણા નિમિત્તે જે દેવદ્રવ્યને નુકશાન પડતું હતું તે ભરપાઈ કરવા પૂર્વક

વ્યાખ્યાનમાં જાહેરાત કરી સુપન ઉતારવા સમયે ભાગ લીધો હતો.

ચાલુ સાલે રાધનપુરના સંઘના બાર આની ભાગે જુદા સુપના ઉતારી કાયમી દેવદ્રવ્યમાં રકમ લઈ જવી તેવો નિર્ણય જે કર્યો છે તે પ્રશંસનીય છે.

ગઈ સાલે અમારી નિશ્રામાં વિજાપુરમાં ઘણા વખતથી ઉંધી ચાલતી પ્રણાલિકા ફેરવાવીને સુપનના પૈસા કાયમી દેવદ્રવ્યમાં લઈ જવા તેવો નિર્ણય કરાવ્યો હતો.

તે જ પ્રમાણે મુંબઈ લાલબાગમાં પણ આ. રામચન્દ્રસૂરિના સદુપદેશથી સુપનની બોલીના પૈસા કાયમી દેવદ્રવ્યમાં લઈ જવા તેવો નિર્ણય કરાવ્યો હતો.

૨૦૨૦ ની સાલમાં મલાડમાં પણ પંન્યાસ સુદર્શનવિજયજીના સદુપદેશથી સુપનની બોલી ઉપર નાખેલો સરચાર્જ કાયમ માટે કેન્સલ કરાવેલ હતો.

તે જ પ્રમાણે પાર્લા (ઇર્લાબ્રીજ) અને મલાડમાં બોલી ઉપર નાખેલા સરચાર્જો પણ તેમણે જ કેન્સલ કરાવેલ છે.

દઃ મુનિ ત્રૈલોક્યસાગર.



**નોંધ :-** પૂ. આચાર્ય મ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજે રાધનપુરના કેટલાક ભાઈઓએ ફેલાવેલી ભ્રમણાનો જેમ સ્પષ્ટ ને સચોટ પ્રતિકાર ઉપરોક્ત હેંડબીલ તથા પુસ્તિકા દ્વારા કરેલ, તે જ રીતે શાસનમાન્ય સુવિહિત પરંપરાનુસારી પ્રણાલી પ્રમાણે સ્વપ્નની ઉપજને દેવદ્રવ્યમાં લઈ જવાની શાસ્ત્રીય માન્યતા ધરાવનાર ગીતાર્થ પૂ. આચાર્યાદિ મહાપુરુષોએ પણ રાધનપુરના રતિલાલ પ્રેમચંદ આદિ ભાઈઓના તે હેંડબીલનો જે જવાબ સ્પષ્ટ ને સચોટપણે આપીને શાસનમાન્ય સુવિહિત શાસ્ત્રીય પ્રણાલીને જે પુષ્ટિ આપી છે: તે માટે તે સુવિહિત મહાપુરુષોની અપૂર્વ અને અનુપમ શાસનના સત્યની રક્ષા કરવા માટેની તેમજ સ્વપ્નની ઉપજ દેવદ્રવ્યમાં જવી જોઈએ તે શાસ્ત્રાનુસારી પ્રણાલીને અખંડપણે જાળવી રાખવા માટેની ધર્મધગશની જેટલી ઉપબૃંહણા કરીએ તેટલી ઓછી છે.

તે તે સુવિહિત મહાપુરૂષોના રાધનપુરના હેંડબીલના જવાબ આપતા તેનો સચોટ તથા નીડર પ્રતિકાર કરનારા આપેલા અભિપ્રાયો જે પૂ. આ. મ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ. શ્રી તરફથી પ્રસિદ્ધ થયેલ પુસ્તિકામાં પ્રગટ થયેલ હતા.

**સંપાદક-**

## પૂ. આચાર્યદેવાદિના અભિપ્રાયો :-

### ( ૧ )

### પૂ. આ૦ વિજયશાન્તિચંદ્રસૂરિજી મ. અમદાવાદ.

**સારંગપુર, આસો વદિ ૭.**

**રાધનપુરના સંઘે છપાવેલ પત્રિકાના મુદ્દા જુઠ્ઠા છે, તેની પૂરવાર માટે અમોએ એક પૂર્વાપર દાખલા સાથે પત્રિકા તૈયાર કરી છે.**

પૂ૦ આત્મારામજી તથા આ૦ વલ્લભસૂરિજીએ સૂપનાની ઉપજ **દેવદ્રવ્યમાં** લઇ જવાનું માનતા હતા. તેવું સ્પષ્ટ પ્રમાણ પૂરવાર દાખલાથી આ પત્રિકામાં આપવા ભાવના છે.

સાથેસાથે સંમેલનના કાયદાનો ભંગ પૂ. આત્મારામજી અને આ૦ વલ્લભસૂરિજીના નામે તેઓ ન કરી શકે.

**લી૦ પંન્યાસ સુજ્ઞાનવિજય.**

( ૨ )

**પૂ. આચાર્ય કૈલાસસાગરસૂરિજી મ. સીહોર.**

આસો વદ ૭

સૂપનાની ઉપજ માટે શ્રી મુનિસંમેલનનો ઠરાવ નીચે મુજબ છે.

“પ્રભુના મંદિરમાં કે મંદિર બહાર ગમે તે ઠેકાણે પ્રભુજીના નિમિત્તે જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય.”

ઉપરના ઠરાવ પ્રમાણે જ વર્તન રાખવું જોઇએ, તેથી વિરૂદ્ધઆચરણ શાસ્ત્ર તથા પરંપરાની આજ્ઞા વિરુદ્ધ જ ગણાય.

રાધનપુર સંઘના ભાઇઓએ કરેલ જાહેરાત તે બિલકુલ મુનિસંમેલનને **સંમત નથી.**

( ૩ )

**પૂ. પંન્યાસજી મ૦ શ્રી કંચનવિજયજી મ. ધાનેરા**

આસો વદ ૭

તમે જે રાધનપુર પત્રિકા સામે વિરોધ બતાવ્યો તે બરોબર છે અને અમે તે બાબતમાં સંમત છીએ.

રાધનપુર ધર્મપુરી તરીકે કહેવાતા શહેરમાં પટ્ટક અને પૂ. આત્મારામજી મહારાજના બ્હાના નીચે અનર્થ કરી રહ્યા છે, જેથી તેઓના માટે બનતું સાધુભગવંતોએ કરી તેઓને સ્થાને લાવવા જરૂરી છે.

( ૪ )

**પૂ. પં૦ મ. શ્રી રાજેન્દ્રવિજયજી મ. (મારવાડ) જાવાલ**

આસો વદ ૭

રાધનપુરના હેન્ડબીલમાં મુનિ સંમેલનના અસલ ઠરાવને નામે જે પહેલી લીટી છે તે તદ્દન ખોટી છે, એવો ઠરાવ થયો જ નથી.

( ૫ )

**પૂ. પં૦ મ. શ્રી પ્રભાવવિજયજી મ. ઉણુ** આસો વદ ૭

રાધનપુરની પત્રિકા વાંચીને દીલગીરી સાથે જણાવાનું કે, રાધનપુર જેવા ધાર્મિક ક્ષેત્ર માટે તો આ ઠરાવ કે અ વૃત્તિ લાંછનરૂપજ ગણાય.

જે મુનિસંમેલને ઠરાવ કર્યો હતા તેમાં આત્મારામજી મહારાજના વિજયવલ્લભસૂરિ મહારાજ તેમજ મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી વિ. મુનિવર્યો હાજર જ હતા, તે સર્વેની સમક્ષ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અનુસરીને જ ઠરાવો કરાયા છે. એટલે આપણે તેમજ દરેક સંઘોને તે સંમેલનના ઠરાવો અનુસાર વર્તવું જોઈએ એ જ ઉચિત છે, શાસનદેવ સૌને સદ્બુદ્ધિ આપો એજ અંતરેચ્છા.

( ૬ )

## પૂ. આચાર્ય મ. વિ. ભુવનતિલકસૂરિજી મ.

મુંબઇ-દાદર. આસો વદ ૮

શ્રી પ્રભુજીના પાંચેય કલ્યાણક સંબંધી બોલીયો જયાં જયાં બોલાય તે સર્વે બોલીયો દેવદ્રવ્ય ગણાય, પ્રભુના નિમિત્તે સ્વપ્નાં આવ્યાં હોવાથી સ્વપ્નાં-પારણું વિ૦ નું દ્રવ્ય દેવદ્રવ્ય ગણાય છે, અને તે દેવદ્રવ્યમાં લઈ જવા પ્રયાસ કરવો જોઇએ. મુનિસંમેલનમાં એવા જ ભાવનો ઠરાવ થયેલો છે, રાધનપુરના કેટલાક ભાઇઓએ જે ઠરાવ બહાર પાડયો છે તે વિરૂદ્ધ છે, તેનો મારો વિરોધ છે.

( ૭ )

## પૂ. પંન્યાસજી મ. શ્રી અશોકવિજયજી મ.

ડેલાનો ઉપાશ્રય, અમદાવાદ. આસો વદ ૮

અત્રે સર્વે ઉપાશ્રયમાં જે સુપનની બોલી બોલાય છે તે સર્વે રકમ દેવદ્રવ્યમાં જાય છે, અને અત્રેની આણંદજી કલ્યાણજીની જીર્ણોદ્ધાર કમીટીમાં તે રકમ સોંપવામાં આવે છે.

બહાર પણ પ્રભુના નિમિત્તે જે જે બોલી બોલાય છે તે સઘળું દેવદ્રવ્યમાં જાય છે.

મુનિસંમેલનના પટ્ટકમાં પણ એજ પ્રમાણે ઠરાવ છે. આપશ્રી સુપનની ઉપજ સાધારણમાં લઈ જનાર પ્રત્યે વિરોધ દર્શાવો છો તે યોગ્ય જ છે.

( ૮ )

## પૂ. ગણીવર્ય શ્રી અભયસાગરજી મ. કપડવંજ.

આસો વદ ૮

રાધનપુરનું હેન્ડબીલ વાંચી ખુબ જ દુઃખ થયું, અભિનિવેશને કારણે જીવો કાળ દોષથી કેવી બળતી બેહુદી વાતોનો પ્રચાર કરે છે, શાસનદેવને પ્રાર્થના છે કે તેઓને મોહની નિદ્રામાંથી જાગ્રત કરે, ખુબજ અનિચ્છનીય આવા ખોટા પ્રયત્નમાંથી પોતાની જાતને પાછી ફેરવે.

( ૯ )

## પૂ. પંન્યાસજી મ. શ્રી રાજવિજયજી મ. મહેસાણા

આસો વદ ૯

રાધનપુર સંઘના સભ્યો તરફથી બહાર પડેલ હેન્ડબીલ વાંચ્યું. તેઓએ હડહડતું જુઠું લખાણ લખીને બીજા સંઘોને ભ્રમમાં નાખવાનો બાલિશ પ્રયત્ન કર્યો છે. ૧૯૯૦ માં સાધુ સંમેલનમાં સર્વાનુમતે સુપનાદિની જે બોલી મંદિર કે મંદિર બહાર પ્રભુના નિમિત્તે બોલાય તે સઘળું દેવદ્રવ્યમાં જાય તે પ્રમાણે સર્વ આચાર્યોની સહીથી પટ્ટક બહાર પડેલ છે, સુપનાદિ બોલીનું બધું દ્રવ્ય દેવદ્રવ્યમાં જાય છે તેજ સાચું છે, સાધારણમાં લઇ જવાનો રાધનપુરના તે ભાઇઓનો આગ્રહ ખોટો છે.

પૂ. આત્મારામજી મ.ના નામે ભયંકર જુઠું લખાણ લખીને બીજાઓને ઉન્માર્ગે દોરવાનો ભ્રામક પ્રયાસ કર્યો છે.

( ૧૦ )

**પંન્યાસ નિપુણમુનિ મહુવા. આસો વદ ૯**

શ્રમણસંઘે રાજનગરે કરેલ ઠરાવમાં અમો સૌ સંમત છીએ.

( ૧૧ )

**પૂ. પંન્યાસજી મંગલવિજયજી મ. પાદરલી (મારવાડ) આસો વદ ૯**

રાધનપુરની પત્રિકા વાંચી જણાવવું જરૂરનું છે કે કંટકબહુલ શાસનમાં સ્વાર્થી સુધારાકારીઓ-આપ્ત પુરૂષોની મર્યાદાનો નાશ કરે છે, અજ્ઞાની આપમતિના ટોળા સંઘ બની-પ્રામાણિક પુરુષોની ન્યાયદ્રષ્ટિનો લોપ કરે છે, અને શાસનની-સંઘની છિન્નભિન્ન દશા કરી દીધી છે, છતાં પ્રભુનું શાસન જયવંતુ એકવીસ હજાર વર્ષનું છે તે ગીતાર્થ સંવેગી શ્રમણસંઘની આગેવાનીવાળો સંઘ તેજ સાચો પ્રામાણિક સંઘ છે, એટલે ભવભીરૂને તર્કવાદમાં પક્ષવાદમાં ન પડતાં સ્વાર્થપરાયણ માણસોની દયા સાથે સ્વદયાથી જીવવું અને ગૌતમસ્વામી કે સિદ્ધસેનદિવાકરસૂરિ જેવી વ્યક્તિ પ્રમાદ-વશથી ભૂલ કરે પણ ભવભીરૂ હોવાથી આગ્રહી ન જ બને, ત્યારે વર્તમાન તર્કવાદી છાપા દ્વારા જેમ તેમ પ્રચાર કરે અને આપ્તમર્યાદાનો નાશ કરવા અભિમાન રાખે. આ કૃષ્ણપક્ષિયાનો જ પ્રચાર કંટકબહુલ રૂપ છે.

પ્રભુના ચ્યવન કલ્યાણકારક રૂપે ચૌદ સ્વપ્નના ઓચ્છવ-પૂર્વપુરૂષોયે માની અમદાવાદનો સંઘ આજ સુધી દેવદ્રવ્યમાં જ લઇ જીર્ણોદ્ધારમાં ખરચ કરે છે.

ડેલાના ઉપાશ્રયથી પ્રાયઃ પંન્યાસજી મ. રૂપવિજયજી ના સમયમાં દેવદ્રવ્યની વૃદ્ધિનો હેતુ ચ્યવન કલ્યાણુક મનાવી ચ્યવન કલ્યાણુક અને જન્મ કલ્યાણુક ઉજવાય છે, અને તે ડેલાની મર્યાદા પ્રમાણે અમદાવાદનો સંઘ પૂર્વમર્યાદામાંજ આરાધક થયો છે, માટે ભવભીરૂને **મહાજનો યેન ગતઃ સ પન્થાઃ** હોય.

( ૧૨ )

**પૂ. આચાર્ય મ. પ્રતાપસૂરિજી મ.** શાન્તાક્રુઝ મુંબઈ

આસો વદ ૯

રાધનપુરના ભાઈઓ કે કોઈપણુ વ્યક્તિ મનઃકલ્પિત વાતો સંસારની ગમે તે કરે, પણુ શાસ્ત્ર–આગમ તેમાંય કેવલી ભગવંતનાં આગમશાસ્ત્ર અને તેની આજ્ઞાએ ગીતાર્થ ભગવંતોની પરંપરા–આચરણુા મુજબ આરાધક ભવ્ય આત્મા તો વર્તે છે–વર્તવું જોઈએ, **એમાં પોતાની કલ્પના –ડહાપણુ જરાયે કામ ન આવે,** અને જુદા જુદા બીનપાયાના પૂરાવા ભલતા નામે આપતા હોય તો પોતાના આત્માને ઠગે છે. તેની આપણુા જ્ઞાની ભગવંતો દયા ચાહવાનું કહે છે.

હું પૂજ્ય વડીલ ગુરુઓની ધારણુાના આધારે સ્વપ્ન એટલે તીર્થંકરદેવની માતાને આવેલ ચૌદ સ્વપ્નની ઉપજ તેમજ પારણુાની ઉપજ જે એક પાઈ પૈસો કે લાખો રૂ. થાય તે પુરેપુરી દેવદ્રવ્ય ખાતામાંની છે એમ માનું છું,

કહું છું, અને તેમાં મારી સમજ મુજબ મક્કમપણે ફારફેર કરનારને પડકારૂં છું, પણ કોઇક આરાધના તરફ નજર ન કરતા હોય અને પોતાની સત્તા વહીવટને મરજી મુજબ ચલાવનાર ન માને ત્યાં પણ હું તો જરા પણ તેમાં સહમત નથી.

( ૧૩ )

**પૂ. ચિદાનંદમુનિજી મ. વાપી.** આસો વદ ૧૦

આ કાળમાં ઘણા ભારેકર્મી જીવો વક્ર અને જડ ગુણના પ્રતાપે શ્રી દેવદ્રવ્ય જેવા પવિત્ર દ્રવ્યનો દુરુપયોગ કરી શાસનની આશાતનાનું મહા ભયંકર પાપ વહોરી રહ્યા છે, શાસનદેવ, તેઓના આત્માને સદ્બુદ્ધિ આપો, આ તકે આપણી ફરજ છે કે શક્તિ ફોરવી **તેઓને આ પાપથી અટકાવવા જોઇએ.**

( ૧૪ )

**પૂ. પંન્યાસજી મ. શ્રી ભદ્રંકર વિજયજી મ.** (આ૦ લબ્ધિસૂરિજી મ ના) **સોલાર.** આસો વદ ૧૦.

રાધનપુરના ભાઇઓએ મુનિ સંમેલનના નામે સુપનાનું ઘી સાધારણમાં લઇ જવાનો ઠરાવ શોધી કાઢયો છે, એ ઠરાવોની કોપી જોતાં એવો ઠરાવ થયો જ નથી, પણ લોકોને વ્હાલા થવા માટે રાધનપુરના આ ભાઇઓએ આ મનઘડંત ઠરાવ કરેલ છે તે જાણશો.

( ૧૫ )

પૂ. આચાર્ય મ. વિજય દેવેન્દ્રસૂરિ મ. ભુજ (કચ્છ)
આસો વદ ૧૦

રાધનપુરની પત્રિકા વાંચતા અમોને પણ દુઃખ થાય છે કે આવા રાધનપુર જેવા ધર્મધુરી નગરીના શ્રાવકો પૂ. આત્મારામજી મ૦ સા૦ ના નામે જે પત્રિકામાં લખ્યું છે, અને જે ઠરાવનું લખ્યું છે એ વ્યાજબી નથી. આવા મહાપુરૂષના નામે આવું ખોટું લખવું એ રાધનપુર જેવા ધર્મનગરીના શ્રાવકોને શોભે નહિં, માટે તે ભૂલ સુધારી લેવી જોઇએ.

( ૧૬ )

સિદ્ધાંતમહોદધિ આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિ મ.
દશાપોરવાડ, સોસાયટી અમદાવાદ. આસો વદ ૧૧

રાધનપુરવાળાએ સંમેલના ઠરાવ તરીકે છાપેલા અક્ષરો ખોટા છે, સંમેલને એવો ઠરાવ કર્યો જ નથી ઉલ્ટું ઉપધાનમાલ આદિ ઉપજ દેવદ્રવ્યમાં લેવાનું ઠરાવી "આદિ" પદથી સ્વપ્નદ્રવ્ય—દેવદ્રવ્યમાં લેવાનું સૂચિત થાય છે.

બાકી રાધનપુરના અમુક માણસો પૂ. આત્મારામજી મ.ના નામે સ્વપ્નદ્રવ્ય સાધારણમાં લેવાનું ચલાવે છે તે પણ દંભ છે.

( ૧૭ )

પૂ. આચાર્ય મ. યશોદેવસૂરિ મ. માલેગામ (મહારાષ્ટ્ર)
આસો વદ ૧૧

૧૯૯૦ માં અમદાવાદમાં અખીલ ભારતીય મુનિ-

સંમેલન મળ્યું હતું, અને તેમણે પટ્ટક રૂપે જે ઠરાવો કરેલા છે, તેમાં દેવદ્રવ્ય સંબંધી જે ઠરાવો છે તે ઠરાવના શબ્દોથી વિરૂદ્ધ છે. જેથી રાધનપુરનું હેન્ડબીલ બહાર પાડનાર રતીલાલ પ્રેમચંદ વિ૦ **શ્રમણ સંમેલનનો પુરેપુરો દ્રોહ કરેલો મને લાગે છે, અને તેથી તેઓ ઘોર પાપના ભાગી પણ બનતા લાગે છે.**

( १८ )

પૂ પંન્યાસજી સુદર્શનવિજયજી મ. ઇર્લાબ્રીજ
(વીલેપારલા મુંબઇ) આ. વ. ११

પૂ. આત્મારામજી મહારાજના નામથી જે વાત રજુ કરવામાં આવી તે પ્રથમ પ્રબુદ્ધ જીવનમાં પણ છપાઇ છે, અને તેના પ્રશ્નકારમાં પ્રબુદ્ધ જીવનના ११-१-६५ના અંકમાં સુબોધચંદ્ર નાનાલાલે આચાર્ય વલ્લભસૂરિએ બહાર પાડેલ ઢુંઢકહિતશિક્ષા નામના પુસ્તકમાંથી પૂ. આત્મારામજી મ. ના શબ્દો ટાંકયા છે, જેમાં સ્પષ્ટ લખ્યું છે કે—'સપને ઉતારણે, ઘી બોલના ઈત્યાદિક ધર્મકી પ્રભાવના ઔર જિન-દ્રવ્યકી વૃદ્ધિકા હેતુ હૈ.' આટલા સ્પષ્ટ વિધાન પછી તેમના નામે ખોટો પ્રચાર કરવામાં કેવલ પોતાનો હઠાગ્રહ જ કામ કરે છે એમ મને લાગે છે.

( १९ )

પૂ. આ. જયંતસૂરિ મ. તથા પૂ. આ. વિક્રમસૂરિ મ.
ધૂલીયા (ખાનદેશ) કા. સુ. ૨

રાધનપુરથી તા. ૬-૯-૬૬નું (રાજનગર સાધુ સંમેલનનો સુપનાના ઘી માટેનો અસલ ઠરાવ) નામના હેન્ડબીલમાં

રાજનગર મુનિ સંમેલનનો ઠરાવ લખવામાં આવ્યો છે તે બિલકુલ ઉપજાવી કાઢેલ છે, દેવદ્રવ્યની વિપરીત આવાં લખાણો છપાવી જનતાને ઉંધે માર્ગે લઈ જવાનો દુષ્ટ પ્રયત્ન શાસનની પ્રાપ્તિ દુર્લભ કરાવે છે.

સંમેલનનો તે ઠરાવ પ્રભુના નિમિત્તે જે જે બોલી બોલાય તે દેવદ્રવ્ય કહેવાય.

જ્યારે સ્વપ્નની બોલી સાક્ષાત્ પ્રભુ નિમિત્તે થાય છે, માટે દેવદ્રવ્યની તરફેણ કરવી જોઈએ.

( ૨૦ )

પૂજ્ય આચાર્ય મ. વિજયલક્ષ્મણસૂરિ મહારાજ
સિરોહી (રાજસ્થાન) કા. સુ. ૪

"પ્રભુના મંદિરમાં કે મંદિર બહાર ગમે તે ઠેકાણે પ્રભુના નિમિત્તે જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય." આ વાત બીલકુલ બરાબર છે.

( ૨૧ )

પૂ. ઉપાધ્યાયજી મ. ધર્મસાગરજી મ.
ઉદયપુર (રાજસ્થાન) કા. સુ. ૪

રાધનપુરના કેટલાક ભાઈઓની પત્રિકા સ્વપ્નદ્રવ્ય માટેની યોગ્ય નથી.

૧૯૯૦ ના પટ્ટકમાં સ્પષ્ટ છે કે (૨) પ્રભુના મંદિરમાં કે બહાર ગમે તે ઠેકાણે પ્રભુના નિમિત્તે જે બોલી બોલાય તે દેવદ્રવ્ય ગણાય.

ફરી સં. ૨૦૧૪માં સમગ્ર શ્રમણ સંઘે મળી સ્પષ્ટ જાહેરાત લેખિત કરેલ છે કે, પ્રભુના મંદિરમાં કે મંદિર બહાર ગમે તે ઠેકાણે પ્રભુના પાંચ કલ્યાણક નિમિત્તે તથા માલ પરિધાનાદિ દેવદ્રવ્ય વૃદ્ધિના કાર્યથી આવેલ તે દેવદ્રવ્ય કહેવાય.

આમાં મુનિ પુણ્યવિજયજી આદિ બધાની સહીયો છે અને સામેલ રહી તેમણે જ લખાવેલ છે.

આથી રાધનપુરવાળા ભાઈઓની દલીલ–સમગ્ર શ્રમણ સંઘ સર્વાનુમતે નિર્ણય આપે તે બાબત પણ આવી જાય છે.

( ૨૨ )

પૂ. આચાર્ય મ. માણિક્યસાગરસૂરિજી મહારાજ
જામનગર કા. સુ. ૫

રાજનગર સાધુ સંમેલનના પટ્ટકમાં "પ્રભુના મંદિરમાં કે મંદિર બહાર ગમે તે ઠેકાણે પ્રભુના નિમિત્તે જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય" આ પ્રમાણે લખાણ છે.

પત્રિકામાં પટ્ટકના નામે જે લખાણ લખ્યું છે તે ખોટું છે.

( ૨૩ )

પૂજ્ય આચાર્ય મ. જંબુસૂરિજી મહારાજ
પાલીતાણા કા. સુ. ૫

રાધનપુરના હેન્ડબીલમાં જે અખીલ સંમેલનના ઠરાવથી "સુપનાની બોલીનું ઘી જે ગામમાં જે પ્રમાણે લઈ જવાતું

હોય ત્યાં તે પ્રમાણે લઇ જવાનું" કહેવામાં આવ્યું છે તે બરાબર નથી.

રાધનપુરના હેન્ડબીલમાં સં. ૧૯૪૩ ભા. સુ. ૧ મે પૂ. આત્મારામજી મહારાજની સંમતિથી સુપનાનું ઘી સાધારણમાં લઇ જવાનો સંઘે ઠરાવ કર્યાનું લખ્યું છે તેમાં પૂ. આત્મારામજી મ. ની સંમતિ બાબત અમોને સાચી લાગતી નથી, એ આખો ઠરાવ શંકામાં છે. એથી દોરવાવા જેવું નથી, કારણ કે પૂ. આત્મારામજી મ. શ્રી એ ઢુંઢણી પાર્વતીબાઇના પ્રશ્નના ઉત્તરમાં સુપના પારણાનું ઘી દેવદ્રવ્યમાં લઈ જવાનું લખેલ છે, આ. શ્રી વિજયવલ્લભસૂરિજી (તે વખતે મુનિશ્રી) ના નામથી "ગપ્પદીપિકાસમીર" આ નામની ચોપડીમાંથી જોઇ લેશો. પૂ. ગુરુદેવના ચાતુર્માસમાં સાગર સંઘે રાધનપુરમાં ઠરાવ કર્યો હોય. એથી એમની સંમતિ ગણાય નહિ, તેઓશ્રી જાણતા પણ ન હોય.

( ૨૪ )

## પૂ. આચાર્ય મ. મેરૂપ્રભસૂરિજી મહારાજ

બોરીવલી (મુંબઈ) કા. સુ. ૬

સ્વપ્નાના પૈસા દેવદ્રવ્યમાં જાય, માટે રાધનપુરની પત્રિકાની અંદર લખ્યું છે તે ખોટું છે. અને શ્રમણસંઘે તેવો કંઈ ઠરાવ કરેલ નથી જ. બાકી તેવી પત્રિકાની કંઇ જ કીંમત છે જ નહિ.

( ૨૫ )

**પૂજ્ય પંન્યાસજી મ. વિનયવિજયજી મ.**

**રાજગૃહી (બિહાર)** કા. સુ. ૧૩

સ્વપ્નાની બોલીનું ઘી દેવદ્રવ્ય ખાતે લઇ જવાનો વંશ-પરંપરાનો રીવાજ છે.

( ૨૬ )

**પૂજ્ય આચાર્ય મ. રામસૂરિજી મહારાજ.**

**પાટણ (ગુજરાત)** કા. સુ. ૧૫

શ્રી પર્યુષણ પર્વમાં પરમાત્મા શ્રી વીર ભગવંતના જન્મવાંચનના દિવસે સ્વપ્નાદિ નિમિત્તે બોલીરૂપે બોલાતું દ્રવ્ય દેવદ્રવ્ય રૂપે જ હોવું જોઇએ. બીજા રૂપે ગણવા જતાં **સિદ્ધાંત અને પરંપરાનો વિરોધ બનશે.** માટે સ્વપ્નાદિ દ્રવ્યને દેવદ્રવ્ય રૂપે સ્વીકારવું જોઇએ.

( ૨૭ )

**પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયૐકારસૂરિજી મ.**

**પાટણ** કા. વ. ૧

જે ગામમાં જે પ્રમાણે સુપનાની બોલીનું ઘી લઈ જવાતું હોય ત્યાં તે પ્રમાણે લઈ જવું. આ પ્રમાણે સાધુ સંમેલને ઠરાવ કર્યો છે. **તેમ જે રાધનપુરવાળાએ પત્રિકામાં છપાવ્યું છે તે સત્ય નથી.** કારણ કે આજે પણ આણંદજી કલ્યાણજીની પેઢીમાં મૂલ નકલ મોજુદ છે. તેમાં ઉપર મુજબની વાત બીલકુલ નથી, સંમેલનના ઠરાવમાં

જે વાત નથી તે સંમેલનના નામે રજુ કરવી તે ઘણું જ અઘટિત છે માટે તેઓ આવી મતિકલ્પનાથી ઉભી કરેલી વાતોથી જનતાને ન ભરમાવે તેજ તેઓ માટે પણ ઉચિત છે.

( ૨૮ )

પૂજ્ય પંન્યાસજી મ. સુબોધસાગરજી મહારાજ
અમદાવાદ કાર્તક વદ ૨

આપ પૂજ્યશ્રીએ રાધનપુરના સંઘના શ્રાવકોને સુપનની બોલીની ઉપજ દેવદ્રવ્યમાં લઈ જવા માટે જે સદુપદેશપૂર્વક શાસનોન્નતિના કાર્યો કરવાપૂર્વક જવાબ આપ્યો છે તે જાણીને અમો ઘણા જ ખુશી થયા છીએ, અંતઃકરણપૂર્વક અનુમોદના કરીયે છીએ.

( ૨૯ )

પૂ. આચાર્ય મ. વિજયરામચંદ્રસૂરિજી મહારાજ
લાલબાગ મુંબઇ કા. વ. ૨

રાધનપુરના સુ. રતિલાલ પ્રેમચંદ વગેરેની સહીથી બહાર પાડેલ પત્રિકામાં મુનિ સંમેલનના ઠરાવથી–પુસ્તિકાથી ખોટું ઠરે છે. અને પંજાબ દેશોદ્ધારક ન્યાયામ્ભોનિધિ સ્વ. આરાધ્યપાદ આ. ભ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજના નામે જે લખ્યું છે તે ગપ્પદીપિકામાં છપાવેલ પ્રશ્નોથી ખોટું ઠરે છે. એટલે એ બેના આધારે કરેલું લખાણ ખોટું ઠરે છે.

( ૩૦ )

## પૂ. પંન્યાસ મ. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

જૈન વિદ્યાશાળા અમદાવાદ                આસો વદ ૭

રાધનપુરના ભાઇઓએ છપાવેલી પત્રિકા વાંચી દુઃખ થયું, આજે જૈનસંઘમાં દિન દિન અરાજકતા વધી રહી છે એટલે કોઇને કોઈ અટકાવી શકતું નથી.

આ રીતે સંમેલનના ઠરાવને નામે સત્યથી તદ્દન વેગળું છપાવવાનું દુઃસાહસ કેમ કરવું પડ્યું ? તે સમજાતું નથી. છેલ્લા કેટલાક વર્ષોથી સંઘનો ઉદ્ધાર અને શ્રાવકોનો ઉદ્ધાર કરવાના નામે ચાલેલી પ્રવૃત્તિઓએ સંઘ કે શ્રાવકોનું લેશ પણ હિત કર્યું નથી. ઝેર ખાઇને જીવવાની ઇચ્છા કદી સફળ ન થાય, તેમ જે દેવ-ગુર્વાદિની ભક્તિ-સેવા કરીને સુખ મેળવી શકાય છે, તે જ દેવદ્રવ્યનું ભક્ષણ કરીને કદિ કોઇનો ઉદ્ધાર થયો નથી. એમ બને તો વીતરાગનાં વચનો મિથ્યા બને, રાધનપુરના અમુકવર્ગનો દેવદ્રવ્ય (સુપનદ્રવ્ય) ને સાધારણમાં લઈ જવાનો આગ્રહ અમુક વર્ષોથી ચાલુ થયો છે અને ઘણા સમૂહનો વિરોધ છતાં એ આગ્રહ છૂટતો નથી, પરિણામે રાધનપુર સંઘનો અમુકવર્ગ આ અશાસ્ત્રીય પ્રવૃત્તિથી આર્થિક સ્થિતિ ધર્મશ્રદ્ધા વગેરેથી ઉત્તરોત્તર ઘસાતો જાય છે. હજુપણ તેઓ સંઘનું કલ્યાણ ઇચ્છતા હોય તો વહેલામાં વહેલી તકે આ ભૂલ સુધારે એ હિતાવહ છે.

શાસનદેવ તેમને સદ્બુદ્ધિ આપે અને સંઘના કલ્યાણની ખાતર પણ સંઘમાં ક્લેશ વધારવાના પ્રયત્નોને બદલે સંઘના ઐક્યના શાન્તિના પ્રયત્નો કરે એમાં જ સૌનું સંઘનું-શાસનનું હિત છે.

પત્રિકામાં સને ૧૯૩૪ (સં. ૧૯૯૦)માં મુનિ સંમેલનનો ઠરાવ થયો એમ જણાવ્યું છે અને નીચે સં. ૧૯૪૩માં રાધનપુરના સંઘે ઠરાવ કરવાનું અને પૂ. આત્મારામજીએ અભિપ્રાય આપવાનું જણાવેલ છે આ બે વાત વિરૂદ્ધ છે, કારણ કે ૧૯૪૩ પછી ને પૂ. આત્મારામજી મ. ના કાળધર્મ પછી મુનિ સંમેલન તો સં. ૧૯૯૦માં થયું છે અને તેમાં સમગ્ર સંઘે ઠરાવ કર્યો છે, તેથી તે પહેલાનાં કોઈ સંઘે ઠરાવ કર્યો હોય કે કોઇ આચાર્યે અભિપ્રાય આપ્યો હોય તો તે પણ રદ થાય છે, અને મુનિસંમેલનના ઠરાવને અનુસરવા દરેક ગામના સંઘો જવાબદાર બને છે એ વિચારશો.

**નોંધ :–** ઉપર મુજબ જે જે અભિપ્રાયો સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે. તે મુજબ નિશ્ચિતપણે બેધડક જણાવનારા રજુ કરેલ છે. તે અભિપ્રાયો મોકલનારા શ્રમણ ભગવંતોમાંથી આજે લગભગ ૧૨ સંખ્યામાં તો પૂ. આચાર્ય ભગવંતરૂપે વિચરી રહેલ છે. આથી હવે કશું જ કહેવાપણું રહેતું નથી કે સ્વપ્નાની ઉપજ દેવદ્રવ્યમાં જાય તેમાં વર્તમાનમાં લગભગ બધાયે વિદ્યમાન આચાર્ય ભગવંતોમાં મતભેદ કે વિચારભેદ યા માન્યતાભેદ હોય.

જે સ્વ. પૂ. આ. મ. શ્રી વિજયનેમિસૂરિ મ સ્વ. પૂ. આ. મ. સાગરાનંદસૂરિ મ. આદિ આચાર્ય ભગવંતોનો પણ અભિપ્રાય એક જ હતો ને છે કે સ્વપ્નની ઉપજ દેવદ્રવ્યમાં જ જાય. વિ. સં. ૧૯૯૦ના રાજનગર ખાતે મલેલ શ્રમણ સંમેલનમાં પણ એ જ નિર્ણય થયેલ છે. તદુપરાંત પૂ. સાગરાનંદસૂરિજી મહારાજે સ્વપ્નદ્રવ્યને અનુલક્ષીને 'સિદ્ધચક્ર' (પાક્ષિક, વર્ષ–૧, અંક–૧૧, પેજ–૨૫૮) માં સ્પષ્ટપણે જણાવેલ છે, જેમાં પ્રશ્નકારે પ્રશ્ન આ મુજબ કરેલ છે કે, **–સંપાદક**

**પ્રશ્ન ૨૯૮– સ્વપ્નાની ઉપજ ને તેનું ઘી દેવદ્રવ્ય ખાતામાં લઈ જવાની શરૂઆત અમૂક વખતથી થઇ છે તો ફેરફાર કેમ ન થઇ શકે?**

**સમાધાન:– અર્હત્ પરમાત્માની માતાએ સ્વપ્નાં દેખ્યાં હતાં એટલે વસ્તુતઃ તેની સર્વ ઉપજ દેવદ્રવ્યમાં જ જવી જોઇએ અર્થાત્ દેવાધિદેવને ઉદ્દેશીને જ આ ઉપજ છે.**

**ધ્યાનમાં રાખવું કે ચ્યવન–જન્મ–દીક્ષા એ કલ્યાણકો પણ શ્રી અરિહંત ભગવાનનાં જ છે. ઈન્દ્રાદિકોએ શ્રી જિનેશ્વર ભગવાનની સ્તુતિ પણ ગર્ભાવતારથી જ કરી છે. ચૌદ સ્વપ્નાનું દર્શન પણ અર્હદ્ ભગવાન કૂખે આવે ત્યારે જ તેઓની માતાને થાય છે, ત્રણ જગતમાં અજવાળું પણ તે ત્રણે કલ્યાણકોમાં થાય છે. માટે ધર્મિષ્ઠોને ભગવાન્ ગર્ભાવસ્થાથી જ ગણવાના છે.**

**નોંધ :–** આ બધા પૂ. પાદ શાસનસ્તંભ આચાર્યદેવાદિ સુવિહિત શ્રમણુભગવંતોના અભિપ્રાયોને અંગે હવે કશું કહેવાપણું રહેતું નથી, છતાં છેલ્લા કેટલાક વર્ષથી સ્વ. પૂ. પાદ આચાર્યદેવોમાં ફક્ત આ. મ. શ્રી વિ. વલ્લભસૂરિ મ. તથા આ. મ. શ્રી વિ. ધર્મસૂરિ મ. ના શિષ્ય મુનિશ્રી વિદ્યાવિજયજી મ. બન્નેના અભિપ્રાય સાંતાક્રુઝ શ્રી સંઘના પ્રશ્નના જવાબમાં પૂજ્ય સુવિહિત મહાપુરૂષોની શાસ્ત્રીય વિચારધારાથી જુદી દિશામાં રહ્યા છે. જ્યારે સાંતાક્રુઝ શ્રી સંઘે મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજને પત્ર લખીને પૂછાવેલ કે, 'સુપનની ઘીની બોલીના હાલ રૂા. ૨ાા છે, તેના બદલે મણુ ૧ ના રૂા. ૫ કરવા જેમાંથી હંમેશની માફક રૂા. ૨ાા દેવદ્રવ્યમાં લઈ જવા, ને રૂા. ૨ાા સાધારણુ ખર્ચને પહોંચી વળવા માટે સાધારણુ ખાતામાં લઇ જવા' આ મુજબનો ઠરાવ શ્રીસંઘ કરે તો તે શાસ્ત્રના આધારે અથવા પરંપરાયે બરાબર ગણુાય કે?

આ પ્રશ્નના જવાબમાં મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજે સાંતાક્રુઝમાં રહેતા એક ભાઇને ઉદ્દેશીને શ્રીસંઘ સમસ્ત એના જે જવાબ આવેલ છે. તે આ મુજબ છે.

શ્રીમદ્ વિજયધર્મસૂરિ ગુરૂભ્યો નમો નમઃ

**જૈન મંદિર રણુછોડ લાઇન કરાંચી** તા. ૧૪–૧૦–૩૮

**શ્રીયુત્ મહાશય, જીવરાજ છગનલાલ દેશાઇ વગેરે સંઘ સમસ્ત મુ. શાંતાક્રુઝ**

**ધર્મલાભ સાથે માલુમ થાય કે તમારો પત્ર મળ્યો.**

**પૂજ્યશ્રી વિદ્યાવિજયજી મહારાજશ્રીની તબીયતમાં દિન-પ્રતિદિન સારો સુધારો થતો આવે છે. પરંતુ હજી નબળાઈ ઘણી છે. આશા છે કે ગુરૂદેવની કૃપાથી થોડા દિવસમાં આરામ થઇ જશે. ચિંતા કરશો નહિ.**

**શ્રીમાન્ વિદ્યાવિજયજી મહારાજશ્રીની તબીયત પહેલાં ઘણી જ નરમ થઈ ગઈ હતી. હાલમાં સુધારા પર છે પણ હજુ અશક્તિ ઘણી જ છે. તેથી સંથારાવશ છે. તમારો પત્ર તેમને મેં વંચાવ્યો હતો તેમણે લખાવ્યું છે કે—તમોએ-શાંતાક્રુઝના સંઘે જે ઠરાવ કર્યો છે તે વ્યાજબી છે તેમાં શાસ્ત્રીયદૃષ્ટિએ અને પરંપરાથી કોઈ જાતનો દોષ કે વાંધો નથી. સંઘ પોતાની અનુકુળતા માટે સાતક્ષેત્રોને સજીવન રાખવા માટે અનુકુળતા પ્રમાણે ઠરાવ કરી શકે છે અને રિવાજોને ફેરવી શકે છે. તેમાં કોઇપણ જાતનો વાંધો નથી તે જાણશો. ધર્મકાર્યમાં ઉદ્યમ રાખશો. સૌને ધર્મલાભ કહેશો.**

**ગુજરાત–કાઠિઆવાડના કોઇ કોઇ ગામમાં તો સુપનની બધી ઉપજ સાધારણમાં લઇ જાય છે. કોઈ ગામમાં અરધી અરધી બન્નેમાં લઈ જાય છે. સૌ સૌની અનુકૂળતા પ્રમાણે સંઘ કરે છે સંઘ મળીને પોતાની અનુકુળતા પ્રમાણે ઠરાવ કરીને પછી તે પ્રમાણે વર્તન કરે તેમાં કોઈ જાતનો દોષ નથી તે જાણજો.**

લિ૦ **જયંતવિજય.**

---

**નોંધ :–** મુનિશ્રી વિદ્યાવિજયજી તરફથી લખાયેલ, આ પત્રના જવાબમાં સાંતાક્રુઝ શ્રી સંઘ તરફથી પણ જવાબ લખાયેલ, જે આ. મ. શ્રી વિ. વલ્લભસૂરિજી મ. ના પત્રના જવાબમાં જે જવાબ પેજ ૬૩–૬૪ પર આ પુસ્તિકામાં પ્રસિદ્ધ થયેલ છે. તે ભાવનો જવાબ જણાવાયેલ. મુનિ શ્રી વિદ્યાવિજયજી મ. પણ ૧૯૯૦ના શ્રમણસંમેલન વખતે રાજનગરમાં હાજર હતા. તે સંમેલનના ઠરાવમાં સ્પષ્ટરીતે જણાવાયેલ છે કે, ‘પ્રભુના મંદિરમાં કે બહાર ગમે તે ઠેકાણે પ્રભુના

નિમિત્તે જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય' –તો પછી સ્વપ્નની બોલીની ઉપજ સાધારણમાં લઇ જવાની વાત તેઓ કેમ કરી કરી રહેલ છે? તે સમજી શકાતું નથી.

આ જ મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મ. ના ગુરૂમહારાજ કાશીવાલા આ. મ. શ્રી વિજયધર્મસૂરિજી, કેટલાયે વર્ષો પહેલાં એ જ માન્યતા ધરાવતા હતા કે, 'કેટલાક ગામમાં સ્વપ્ન વગેરેની ઉપજ સાધારણ ખાતે લેવાની યોજના કરે છે, પરંતુ મારા ધાર્યા પ્રમાણે તે ઠીક નથી' –આવો શાસ્ત્રીય અભિપ્રાય ધરાવતા હતા.

પાલનપુરના શ્રીસંઘને નયા શહેર (બ્યાવર)થી તેમણે લખેલ પત્રનો અક્ષરશઃ ઉતારો નીચે રજુ થાય છે. જેમાં આ હકીકત સ્પષ્ટ રીતે તેમણે જણાવેલ છે. આ રહ્યો તેમનો એ પત્ર. –સંપાદક

**"શ્રી નયા શહેરથી લિ. ધર્મવિજયાદિ સાધુ સાતના શ્રી પાલનપુર તત્ર દેવાદિ ભક્તિમાન્ મગનલાલ કક્કલ દોશી યોગ્ય ધર્મલાભ વાંચશો. તમારો પત્ર મળ્યો છે. ઘી સંબંધી પ્રશ્ન જાણ્યા. પ્રતિક્રમણ સંબંધી તથા સૂત્ર સંબંધી જે બોલી થાય તે જ્ઞાન ખાતામાં લેવી વ્યાજબી છે, સુપન સંબંધિ ઘીની ઉપજનો સ્વપ્ન બનાવવાં, પારણું બનાવવું વિગેરેમાં ખરચ કરવો વ્યાજબી છે. બાકીના પૈસા દેવદ્રવ્યમાં લેવાની રીતિ પ્રાયઃ સર્વ ઠેકાણે માલમ પડે છે. ઉપધાનમાં જે ઉપજ થાય તે જ્ઞાન ખાતે તથા કેટલીક નાણ વિગેરેની ઉપજ દેવદ્રવ્યમાં જાય છે વિશેષ તમારે ત્યાં મહારાજશ્રી હંસવિજયજી મહારાજ બિરાજમાન છે તેઓશ્રીને પૂછશો. એક ગાંવનો સંઘ કલ્પના કરે તે ચાલી શકે નહીં. સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા મળી ચતુર્વિધ સંઘ જે કરવા**

**ધારે તે કરી શકે. આજકાલ સાધારણ ખાતામાં વિશેષ પઈસો ન હોવાથી કેટલાક ગામમાં સ્વપ્ન વગેરેની ઉપજ સાધારણ ખાતે લેવાની યોજના કરે છે. પરંતુ મારા ધાર્યા પ્રમાણે તે ઠીક નથી** દેવદર્શન કરતાં યાદ કરશો ”

---

**નોંધ :–** ઉપરોક્ત આ. મ શ્રી વિ. ધર્મસૂરિ મહારાજે-મુનિ ધર્મવિજયજીના નામથી આચાર્ય પદવી પહેલાં લખેલ પત્રમાં સ્પષ્ટ જણાવેલ છે કે, **“સુપન સંબંધી ઘીની ઉપજનો સ્વપ્ન બનાવવાં, પારણું બનાવવું વગેરેમાં ખરચ કરવો.** બાકીના **પૈસા દેવદ્રવ્યમાં** લઇ **જવાની પદ્ધતિ સર્વ ઠેકાણે માલમ પડે છે.”** તદુપરાંત તેઓ એ પત્રમાં સ્પષ્ટ જણાવે છે કે **“એક ગાંવનો સંઘ કલ્પના કરે તે ચાલી શકે નહિ.”** તેમજ તેઓ આગળ વધતાં જણાવે છે કે, ‘આજકાલ સાધારણ ખાતામાં વિશેષ પૈસો ન હોવાથી કેટલાક ગામમાં સ્વપ્ન વગેરેની ઉપજ **સાધારણ ખાતે લેવાની યોજના કરે છે, પણ તે ઠીક નથી.”**

ક્યાં તે વખતના મુનિશ્રી ધર્મવિજયજી મ. ના આ વિચારો ને ક્યાં તેમના શિષ્ય મુનિશ્રી વિદ્યાવિજયજીના વિચારો ! સુજ્ઞ વાચક ! બન્નેય વચ્ચેની તુલના પોતાની સ્વતંત્ર વિવેકબુદ્ધિથી અવશ્ય કરી શકશે.

તેજ રીતે આ. મ. શ્રી વિ. વલ્લભસૂરિ મહારાજના પોતાના મુનિશ્રી વલ્લભવિજયજી હતા, તે અવસ્થાના વિચારો સ્વપ્નદ્રવ્યની બાબતમાં તેમજ સાધ્વીજીના પુરૂષોની સભામાં વ્યાખ્યાન વાંચવાની અશાસ્ત્રીય પ્રણાલી સંબંધ કેવા સુવિહિત મહાપુરૂષોની શાસ્ત્રાનુસારી પ્રાચીન પ્રણાલી મુજબના શાસ્ત્રીય તથા પ્રામાણિક તેમજ કલ્યાણકારી આત્માઓને માટે માર્ગદર્શકરૂપ હતા, તે તેઓશ્રીના લિખિત પુસ્તકના અક્ષરશઃ અત્રે રજૂ થતા અવતરણ પરથી સ્પષ્ટ રીતે સમજી શકાશે.

**–સંપાદક**

"ઢુંઢકહિત શિક્ષા અપરનામ ગપ્પ દીપિકા સમીર (ઢુંઢક મતિ આર્યા પાર્વતી કી બનાવેલી જ્ઞાન દીપિકા—વાસ્તવિક ગપ્પ દીપિકા ખંડન) પ્રગટ કર્તા—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર. કિંમતઆઠ આના. સંવત ૧૯૪૮, અમદાવાદ યુનિયન પ્રીન્ટીંગ પ્રેસ. લેખક મુનિ વલ્લભવિજયજી (પેજ ૧—૨—માં થી.)

વિદિત હો કે ઈસ હુંડાવસર્પિણિકાલમેં બહુત વાતેં આશ્ચર્યકારી હો ગઈ હૈ ઔર હોતી ચલી જાતી હૈ. તિનમેં સે એક યહ ભી વાત સુજ્ઞ જનો કે હૃદય મેં આશ્ચર્યજનક હૈ કિ સ્ત્રીયાં ભી પુરૂષો કી સભામેં બૈઠકે વ્યાખ્યાન કરતી હૈ ઔર પ્રશ્નોત્તર રૂપ ખંડન મંડન કી પુસ્તકેં ભી રચતી હૈ જૈસે પાર્વતી નામા ઢુંઢકણીને જ્ઞાન દીપિકા નામે પુસ્તક રચા હૈ. આશ્ચર્ય તો યહ હૈ કિ જૈનશાસનમેં હજારો સાધવીયાં હો ગઈ હૈ પર કિસી સાધવીકા રચા હુઆ કોઈ પુસ્તક વાચને ઓર સુનનેમેં નહી આયા હૈ. તથા મહાવીરસ્વામીકી છતીસ હજાર સાધવીયોને અનેક પ્રકારકે તપ કરે હૈ તથા એકાદશાંગ શાસ્ત્રે પઢે હૈ પરં કિસી સાધ્વીને પુસ્તક નહી રચા હૈ; ઔર ન પુરૂષો કી સભામેં બૈઠકે ધર્મોપદેશ કરા હૈ કયોંકી શ્રી નંદીજી સૂત્રમેં એસા પાઠ હૈ કિ જિસ તીર્થંકરકે શાસન મેં જિતને શિષ્ય ચાર પ્રકાર કી બુદ્ધિ કરકે સહિત હોવે ઇસ તીર્થંકર કે શાસન મેં ઈતને હજાર વા લાખ પ્રકીર્ણક શાસ્ત્ર હોતે હૈ પરં સાધવીયોં કે રચે શાસ્ત્ર કિસી શાસ્ત્ર મેં ભી નહી કથન કરે હૈ.

જૈન મત કે વિના અન્ય મતો મેં ભી હમને નહી સુના હૈ કિ સ્રીકા રચા અમુક શાસ્ત્ર હૈ વા અમુક સ્રીને પુરૂષોં કી સભા મેં વ્યાખ્યાન કરા, યા સ્રી કો પુરૂષોં કી સભામેં વ્યાખ્યાન કરને કી આજ્ઞા હૈ. અબ પાઠકજનો ! વિચાર કરના ચાહિયે કિ પાર્વતી ઢુંઢકણીને જો પુસ્તક રચા હૈ સો જૈન મતકે શાસ્ત્રકી આજ્ઞાસેં રચા હૈ તબ તો શાસ્ત્રકા પાઠ દિખવાના ચાહિએ; જે કર શાસ્ત્રકી આજ્ઞા સેં વિના હી રચા હૈ તબ તો શાસ્ત્રાજ્ઞાકે ભંગ કરને સે પ્રાયશ્ચિત લેના ચાહિએ. જે કર પાર્વતી ઢુંઢકણી ને ઐસા વિચાર કરા હોવેગા કિ 'ભગવંત કી આજ્ઞા ભંગકરણ રૂપ દૂષણ મેરેંકો લગા તો કયા હુઆ ? મેરી પંડિતાઈ તો ઢુંઢક લોકો મેં પ્રગટ હો ગઇ " પરંતુ એસા વિચાર બુદ્ધિમાનોકા તો નહીં હૈ "

પૂર્વપક્ષ :- કયા અમરસિંહ ઢુંઢકકે સમુદાયમેં કોઈ પુસ્તક રચને યોગ્ય ઢુંઢક સાધુ નહી થા જિસસે પાર્વતી ઢુંઢકનીકો જ્ઞાનદીપિકા પુસ્તક રચના પડા ?

ઉત્તર :- યહ તો માનના હી પડેગા કિ અમરસિંહકા કોઇ ભી ચેલા પુસ્તક રચને સમર્થ નહીં થા તબ તો સ્રી અથવા પાર્વતી ઢુંઢકણીં કો પુસ્તક રચના પડા.

પ્રશ્ન :- પાર્વતી ને પુસ્તક રચા હૈ સો અચ્છા કામ કરા હૈ યા નહીં ?

ઉત્તર :- જૈન શાસ્રાનુસાર તો યહ કામ અચ્છા નહી કરા હૈ "

**નોંધ :-** આ રીતે આ. મ. શ્રી વિ૦ વલ્લભસૂરિ મહારાજે વિ. સં. ૧૯૪૮માં લખેલ પુસ્તકમાં સ્પષ્ટરીતે સાધ્વીજીના પુરૂષની સભામાં વ્યાખ્યાન વાંચવાની પ્રણાલી સામે પોતાનો વિરોધ, શાસ્ત્રાનુસારે વ્યક્ત કરીને પોતાનું મંતવ્ય ખૂબ જ સચોટ ને નીડરપણે જણાવી રહેલ છે: બાદમાં સ્વપ્નની ઉપજને અંગે તેઓશ્રી પોતાના વિચારો એ પુસ્તકમાં સ્પષ્ટપણે જણાવે છે.

તે ૧૯૪૮ વિ. સં. છપાયેલ, તે મુનિરાજ શ્રી વલ્લભવિજયજી લિખિત પુસ્તકના પેજ ૮૬ માં આ મુજબ લખાણ છે કે,

**પ્રશ્ન ૯ :- સુપને ઉતારણે, ઘી ચડાના, ફિર લિલામ કરના, ઔર દો તીન રૂપૈયે મણ બેચના, ઓ કયા ભગવાન્ કા ઘી કૌડા હૈ ઓ લિખો.**

**ઉત્તર ૯ :- સ્વપ્ન ઉતારણે ઘી બોલના ઇત્યાદિક ધર્મ કી પ્રભાવના ઔર જિનદ્રવ્ય કી વૃદ્ધિકા હેતુ હૈ. ધર્મકી પ્રભાવના કરને સે પ્રાણી તીર્થંકર ગોત્ર બાંધતા હૈ યહ કથન શ્રી જ્ઞાતા સૂત્રમેં હૈ. ઔર જિનદ્રવ્ય કી વૃદ્ધિ કરને વાલા ભી તીર્થંકર ગોત્ર બાંધતા હૈ યહ કથન ભી સંબોધ સત્તરી શાસ્ત્ર મેં હૈ. ઔર ઘી કે બોલને વાસ્તે જો લિખા હૈ ઈસકા ઉત્તર જૈસે તુમારે આચારાંગાદિ શાસ્ત્ર ભગવાનકા વાણી હો યા ચાર રૂપૈયે કો બિકતી હૈ ઐસા ઘી કા મોલ પડતા હૈ.**

**પ્રશ્ન ૧૦ :- માળા લીલામ કરની, પ્રતિમાજીકી સ્થાપના કરની ઔર ભગવાનજીકા ભંડારા રખના કહાં લિખા હૈ. ?**

**ઉત્તર ૧૦ :- માળોદ્‌ઘાટન કરની, પ્રતિમાજીકી સ્થાપના કરની, તથા ભગવાનજીકા ભંડારા રખના યહ કથન શ્રાદ્ધ-વિધિ શાસ્ત્રમેં હૈ."**

**નોંધ –** આ હકિકત પ્રથમ પણ એક વખત સ્પષ્ટ થઇ છે, છતાં વિશેષ સ્પષ્ટતા ખાતર આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિ મ. શ્રીના પોતાના વિચારો સ્વપ્નદ્રવ્ય વિષે કેટલા સ્પષ્ટ સચોટ તેમજ સુવિહિત મહાપુરૂષોની શાસ્ત્રમાન્ય પ્રણાલીને સુસંગત હતા. તે સુજ્ઞ વાચકવર્ગ વધુ સ્પષ્ટતાથી નિઃશંકપણે સમજી શકે તે માટે ફરી-ફરીને આ પુસ્તિકામાં પિષ્ટપેષણ જેવું લાગે તો પણ જણાવાયેલ છે. જેથી એ સમજી શકાય કે સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે, તે હકીકત ઠેઠ પુરાણકાલથી ચાલી આવતી સુવિહિત શાસ્ત્રાનુસારી પરંપરાથી માન્ય છે.

રાધનપુર જેવા કેટલાક ગામોમાં વર્ષોથી જે અશાસ્ત્રીય પ્રણાલી કોણ જાણે ગમે તે કારણે શરૂ થયેલી તે પ્રણાલીને 'શાસ્ત્રીય છે, તેમજ પરંપરાનુસારી છે' તેમ પ્રચાર કરનારાઓની તે વાત કેટલી મિથ્યા પોકળ તથા તદ્દન વાહિયાત છે." તે પણ આ બધા લખાણો તથા રાધનપુરના કેટલાક ભાઈઓએ બહાર પાડેલ હેંડબીલના જવાબમાં પૂ. સુવિહિત આચાર્યાદિ શ્રમણસંઘે જે સચોટ તેમજ સ્પષ્ટ પ્રતિકાર કરેલ છે તે પરથી સમજી શકાશે.

પર્વાધિરાજની શાસ્ત્રાનુસારી આરાધના થયા બાદ વિ. સં. ૨૦૨૨ ની સાલમાં રાધનપુરના શાસનપ્રેમી સંઘે તે હેંડબીલનો જે જવાબ આપેલ તે પણ અત્રે પ્રાસંગિક હોવાથી રજૂ થાય છે: સં૦

## રાધનપુરના કેટલાક ભાઇઓએ બહાર પાડેલ હેંડબીલનો સચોટ પ્રતિકાર

**રાજનગરમાં મળેલા શ્રી મુનિસંમેલને સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય કહેવાય એવું સર્વાનુમતે ઠરાવ્યું હતું.**

**શ્રી આત્મારામજી મહારાજનો અભિપ્રાય પણ એજ હતો કે "સ્વપ્ન ઉતારવાં, ઘી બોલવું ઇત્યાદિક ધર્મની પ્રભાવના અને જિનદ્રવ્યની વૃદ્ધિનો હેતુ છે."**

શેઠ રતિલાલ પ્રેમચંદ શાહની અને બીજા નવ ગૃહસ્થોની સહિથી તા—૬-૯—૬૬ ના રોજ "શ્રી રાજનગર સાધુ સંમેલનનો સુપનના ઘી માટેનો અસલ ઠરાવ" એવા મથાળાથી પ્રગટ થએલા હેન્ડબીલના લખાણથી ઉભી થએલી ગેરસમજ દૂર કરવાને માટે નીચેનો ખુલાસો પ્રગટ કરવામાં આવે છે.

૧ મજકુર હેન્ડબીલની શરૂઆતમાં લખવામાં આવ્યું છે કે "જે ગામમાં જે પ્રમાણે સુપનાની બોલીનું ઘી લઈ જવાતું હોય ત્યાં તે પ્રમાણે લઈ જવું ઉપર મુજબનો ઠરાવ ૩૧-માર્ચ ૧૯૩૪ ચૈત્ર વદ ૧ શનિવાર ના રોજ અખીલ હિન્દ મુનિ સંમેલનમાં થયો હતો."

પરંતુ શ્રી અખીલ હિન્દ મુનિ સંમેલનના ઠરાવને નામે લખાયેલી ઉપરની હકીકત સત્યથી તદ્દન વેગળી છે એમ 'અખીલ ભારત વર્ષીય શ્રી જૈન શ્વેતામ્બર મુનિ સંમેલને પટ્ટક રૂપે સર્વાનુમતે કરેલ નિર્ણયો' ની અમદાવાદના શ્રી સંઘ તરફ છપાયેલી પુસ્તિકા જોતાં સ્પષ્ટ જણાઇ આવે છે. અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં અસલ પટ્ટક છે અને તે જોવાથી પણ માલુમ પડશે કે મજકુર હેન્ડબીલમાં જણાવેલી ઉપરની હકીકત સત્ય નથી.

શ્રી મુનિ સંમેલને કરેલા સર્વાનુમતે નિર્ણયો પૈકી દેવદ્રવ્ય સંબંધી નિર્ણયમાં કલમ-બીજીમાં એવું જણાવવામાં આવ્યું છે કે—

ક. (૨) "પ્રભુના મંદિરમાં કે મંદિર બહાર ગમે તે ઠેકાણે પ્રભુના નિમિત્તે જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય."

ઉપરના નિર્ણય મુજબ સ્વપ્નની બોલીની ઉપજ દેવદ્રવ્ય ગણાય એવું શ્રી મુનિ-સંમેલને સર્વાનુમતે ઠરાવેલું છે. કેમકે સ્વપ્નની બોલી પ્રભુના નિમિત્તે બોલાય છે.

વધુમાં શ્રી મુનિ સંમેલને પટ્ટક રૂપે સર્વાનુમતે કરેલા નિર્ણયોની નીચે નવ પૂ. વૃદ્ધ આચાર્યદેવોની સહિ છે અને ત્યાં ઇસ્વીસન-૧૯૩૪ એપ્રીલ માસ, તા-૫, ગુરૂવાર" એ દિવસ જણાવેલો છે.

૨ મજકુર હેન્ડબીલમાં બીજી હકીકત એ લખી છે કે "રાધનપુરમાં પણ શ્રી સાગરસંઘે ૧૯૪૩ ભાદરવા સુદ ૧ ના રોજ સુપનાનું ઘી સાધારણમાં લઇ જવાનો સર્વાનુમતે ઠરાવ કરેલ છે. અને પૂજ્ય આત્મારામજી મહારાજે આ ઠરાવ કરવામાં કંઈ ખોટું નથી અને શ્રી સંઘ ઠરાવ કરી શકે છે એમ અભિપ્રાય આપેલો છે."

ઉપરની હકીકતમાં પૂ. શ્રી આત્મારામજી મહારાજના નામે જે જણાવવામાં આવ્યું છે તે પણ ખોટું હોવાનું પૂ.શ્રી આત્મારામજી મહારાજનો વિ. સં ૧૯૩૮માં લખાયેલો અને વિ. સં. ૧૯૪૮માં પ્રગટ થએલો પ્રશ્નોત્તર જોતાં જણાઈ આવે છે.

ઉપરના બંન્ને ખુલાસા ધ્યાનમાં લઈને જે કોઇક કોઇક સ્થળે સ્વપ્નની ઉપજ દેવદ્રવ્ય સિવાયના કોઇ ખાતામાં લઈ જવાતી હોય તે સ્થળે સુધારો કરી લેવાની વિનંતી છે. અને સ્વપ્નની ઉપજ દેવદ્રવ્ય ખાતે લઈ જવાનું ઠરાવીને દેવદ્રવ્યના ભંગ અથવા દેવદ્રવ્યના ભોગના પાપથી ઉગરી જવાની વિનંતી છે.

લિ૦ શાસનપ્રેમી સંઘ
રાધનપુર.

**નોંધ:**– 'સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે.' એ મુદ્દાપર પ્રસ્તુત પુસ્તિકામાં લખાણો અભિપ્રાયો, તેમજ પત્રવ્યવહાર આદિ પ્રસિદ્ધ થયેલ છે, જે પરથી સમજી શકાશે કે જેઓ સ્વપ્નોની બોલીને સાધારણ ખાતે લઈ જવાની બાલિશ અને તદ્દન મનઘડંત વાતો કરીને પૂ. સુવિહિત મહાપુરૂષોએ એકી અવાજે પ્રામાણિત કરેલી શાસ્ત્રાનુસારી પ્રાચીન પ્રણાલીની સામે યદ્વા તદ્વા પ્રચાર કરી રહેલ છે તે કેટલી અનુચિત અપ્રમાણિક તથા શાસ્ત્રવિરૂદ્ધ છે. માટે ભવભીરૂજીવોએ આ પુસ્તિકામાં એકની એક વાત વારંવાર ચર્ચાયેલી છે, તે જ વાતનો સાર સ્પષ્ટ રીતે સમજીને શાસ્ત્રાનુસારા પરંપરાને અખંડપણે વળગીને આરાધક ભાવને નિર્મળ રાખી સ્વ–પર કલ્યાણકર જૈનશાસનની નિષ્ઠાને વફાદારપણે જાળવવી. એ જ અમારો કહેવાનો સાર છે.

વિશેષ વિ. સં. ૨૦૨૨માં રાધનપુરના શાસનપ્રેમી ભાઈઓએ અમારી નિશ્રામાં કેટલાયે વર્ષોથી ચાલી આવતી અશાસ્ત્રીય પ્રણાલીને જેમ સાપ કાંચળી છોડે તેમ હિંમત કરીને દૃઢતાપૂર્વક છોડીને શાસ્ત્રાનુસારી પરંપરાનું પાલન કર્યું, તેમ સર્વ આરાધક આત્માઓએ દૃઢતાથી પાલન કરવું જોઈએ.

આવા અવસરે પૂ. સુવિહિત મહાપુરૂષોએ પણ અવસરોચિત પ્રેરણા તથા માર્ગદર્શન મક્કમતાપૂર્વક આપતા રહેલ છે. તે કહી આપે છે કે જૈનશાસન ખરેખર જયવંતુ વર્તે છે. રાધનપુરમાં વિ. સં. ૨૦૨૨ માં જે શાસ્ત્રાનુસારી પ્રાચીન પરંપરાનો જે મક્કમતાપૂર્વક પ્રારંભ થયેલ તે અવસરે ત્યાંના બે સંઘો સાગરગચ્છ સંઘ તથા વિજયગચ્છ સંઘને ઉદ્દેશીને પૂ. આ. મ. શ્રી વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી તથા તેઓ શ્રીમદ્‌ના વિદ્વાન પ્રખર શાસનપ્રેમી શિષ્યરત્ન પંન્યાસજી મ. શ્રી સુજ્ઞાનવિજયજી ગણિવરે (વર્તમાન આ. મ. વિ. સોમચંદ્ર સૂ. મ.) જે પત્ર લખેલ છે, તે પણ અત્રે પ્રસ્તુત પુસ્તિકાના વિષયને પરિપુષ્ટ કરનાર હોવાથી તેનું અવતરણ મૂકવાની લાલચને હું રોકી શકતો નથી ઓશ્રીનો પત્ર આ મુજબ છે. **સં.**

# પૂ. આ. મ. શ્રી વિજયશાંતિચંદ્રસૂરિજી મ. શ્રી નો પ્રેરણાદાયી પત્ર

અમદાવાદ સારંગપુર તલીઆની પોળ શ્રાવક શેરી પૂજયપાદ આચાર્યદેવ શ્રી વિજયશાન્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ તરફથી–

શ્રી રાધનપુર નમસ્કાર મહામંત્ર સ્મારક સાગરગચ્છ સંઘના સુશ્રાવક વર્ગ યોગ્ય ધર્મલાભ સાથે પૂ. શ્રી દેવગુરુની કૃપાથી અત્રે સુખશાતા છે. ધર્મપ્રભાવે તમોને પણ વર્તો વિ. તમોને સૂચના માત્રથી તમારી શ્રી સંઘની ફરજ સમજવા આ પત્ર લખ્યો છે, સુપનની ઉપજ પરિપૂર્ણ દેવદ્રવ્યમાં જાય છે આવો શાસ્ત્રસિદ્ધ માર્ગ છે. સંવત ૧૯૯૦ ના સંમેલનમાં પણ આ નિયમ સ્પષ્ટ સમજાવ્યો છે અને વર્તમાન કાલે એક પણ આચાર્યનું પ્રમાણ નથી, કે સુપનમાંથી એક પાઇ પણ સાધારણમાં લઈ જવાય. વૈશાખમાસમાં તમોને પં. સુ. વિ. આ વાત એટલે સુધી સ્પષ્ટ સમજાવીને લેખિત મુદ્દાઓ સાક્ષિ પુરવાર કરી આપેલ કે પૂ આચાર્ય આત્મારામજી મહારાજ તથા પૂ. વલ્લભસૂરિજી મહારાજ સુપનની ઉપજ દેવદ્રવ્યમાં લઈ જવાનું સ્પષ્ટ રીતે સંબોધન કરે છે, તે તેઓશ્રી એટલે પૂજ્ય આત્મારામજી મહારાજના પ્રશ્નોત્તરોને પૂજ્ય વલ્લભસૂરિજી છપાવેલ સં. ૧૯૪૮ની સાલમાં 'જૈન ધર્મ પ્રસારક સભા' ભાવનગર તરફથી ઢુંઢક હિત શિક્ષા અપરનામ ગપ્પ દીપીકા સમિર નામની જે પુસ્તિકા બહાર પડેલ તેમાંથી પ્ર. નં. ૯

માંથી આ ખુલાસો સ્પષ્ટ સમજાવેલ છે એટલે પૂ. સ્વ. આ. શ્રી વિજયાનંદસૂરિ તથા પૂ. આ. વિ. શ્રી વલ્લભસૂરિજી મહારાજે તમારા સંઘને આ બાબતમાં એટલે સુપન ઉપજમાં ચાર આની છ આની કે દસ આની સાધારણમાં લઈ જવાની સંમતિ આપી છે. આ વાત કોઇપણ બુદ્ધિવાદના જમાનામાં જરા પણ માની શકાય તેમ નથી. છતાં તમો કોઇ પણ આ સુપનની ઉપજમાંથી સાધારણમાં લઈ જવા સંમત થયાનું પ્રમાણ આપો તો પણ વિચાર કરવા જેવું રહે.

વિ. કોઈ પણ કાલે કોઇ પણ ક્ષેત્રમાં શાસનની કોઇ પણ વ્યવસ્થા કદાચ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવને લીધે કંઈ પણ સુધારો વધારો કરી શકે તે કોણ કરી શકે? તે ખાસ આચાર્ય ભગવંતોના પ્રધાનપદેજ શ્રી સંઘ આચાર્યાદિની સંમતિથી શાસ્રને બાધ ન પહોંચે તે રીતેજ કરી શકે છે. આ વખતે પં. શ્રી કનકવિજયજી ગણિવરે તો શાસનની વફાદારી ઘણી જ સુંદરતાથી સાચવી છે અને સત્યમાર્ગનું રક્ષણ પણ સારી રીતે કરેલ છે. તો હવે તમારે સુપનની ઉપજ દેવદ્રવ્યમાં લઈ જવા માટે તમારા આગેવાન સુશ્રાવકોને એક સંમત થવું તેજ તમારા માટે હિતાવહ છે. અને શાસનની ઉન્નતિ તથા સિદ્ધાંતનું રક્ષણ કરવા માટે ખોટી પરંપરાના પાપથી બચવાનો આ એક સન્માર્ગ છે.

અત્યારે કોઇપણ આચાર્ય ભગવંતાદિ સુપનની બોલી સાધારણમાં લઇ જવાની સંમતિ આપત

**નથી ભૂતકાળમાં કોઇ આચાર્ય ભગવંતે આવી સંમતિ આપી પણ નથી.** તો આજ્ઞાપ્રધાન સિદ્ધાંતિક માર્ગમાં કોઈ પણ કદાગ્રહને વશ થવું તેમાં તમારી શોભા નથી.

માટે હજુ પણ તમો એકમત થઈ અને પરમ તારક આપ્ત આગમને સંમત થઈ શકો એવી એક **શુભાભિલાષા.**

( વિ. સં. ૨૦૨૨ આ. વ. ૫ )

---

**નોંધ :–** આ બધા લખાણો પરથી એ હકીકત સ્પષ્ટ છે કે, સ્વપ્નની ઉપજની જેમ ઉપધાનની માલની ઉપજ તથા બીજી પણ દેવદ્રવ્યની ઉપજ પ્રભુભક્તિ નિમિત્તે જે કાંઇ બોલી બોલાય તે દેવદ્રવ્યનો ઉપયોગ જિનમંદિરના જીર્ણોદ્ધાર આદિ પ્રભુની ભક્તિના કાર્યમાં વપરાય પણ પોતાની ફરજ તરીકે પ્રભુની પૂજાની સામગ્રી કેસર આદિમાં કે પૂજા કરવા રાખેલ પૂજારીને આપવામાં તે દેવદ્રવ્યનો ઉપયોગ ન થાય તે ખાસ લક્ષ્યમાં રાખવું જરૂરી છે.

શ્રાવક સંઘનું કર્તવ્ય શ્રી જિનપૂજા છે: તે કર્તવ્યનું પાલન પોતાની પૂર્વપુણ્યથી પ્રાપ્ત સુંદર સામગ્રીથી પ્રભુપૂજા કરવાની છે. દેવદ્રવ્યની ઉપજમાંથી સામગ્રી લાવીને નહિ તેમજ બીજાની સામગ્રીથી પણ નહિ, જિનપૂજારૂપ શ્રાવકકર્તવ્ય તો લક્ષ્મીની મૂર્ચ્છા ઉતારીને વ્રતધર્મની આરાધના માટે છે, નહિ કે લક્ષ્મીની મમતાને પંપાળીને તેની મૂર્ચ્છા વધારવા માટે:

આ પ્રસંગે પૂ. પાદ પરમશાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ પરમગુરૂદેવ આચાર્ય મ૦ શ્રીમદ્‌ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીએ પાલીતાણાની શ્રી સિદ્ધક્ષેત્રની પુણ્ય પવિત્ર ભૂમિપર આને અંગે મહત્ત્વની

ને સમજવા જેવી પ્રેરક તથા વેધકવાણીમાં જે માર્ગદર્શન સચોટ તથા સ્પષ્ટપણે ફરમાવેલ છે તે ખૂબ જ મનનીય અને શ્રીચતુર્વિધ સંઘને ઉપકારક હોવાથી તે અત્રે ઉધ્ધૃત કરીને મૂકાય છે, જે સર્વ કોઈ વિવેકપૂર્વક વાંચે–વિચારે તે અપેક્ષા અવશ્ય રહે છે. સં.

## શ્રાવક પરિગ્રહના વિષને ઉતારવા માટે ભગવાનની દ્રવ્યપૂજા કરે !

આજે આટલા બધા જૈનો જીવતા હોવા છતાં પણ અને એમાં સમૃદ્ધિશાલી જૈનો હોવા છતાં પણ, એક બૂમરાણ એવી પણ ઉપડી છે કે–'આ મંદિરોને સાચવશે કોણ? સંભાળશે કોણ? ભગવાનની પૂજા માટે કેસર વગેરે જોઈએ, તે ક્યાંથી લાવવું? પોતાની કહેવાતી ભગવાનની પૂજામાં પણ દેવદ્રવ્યનો ઉપયોગ શા માટે ન થાય?' એથી આજે એવો પ્રચાર પણ ચાલી રહ્યો છે કે–'ભગવાનની પૂજામાં દેવદ્રવ્યનો ઉપયોગ કરવા માંડો.' કોઈ કોઇ ઠેકાણે તો એવાં રીતસરનાં લખાણો થવા લગ્યાં છે કે–મંદિરની આવકમાંથી પૂજાની વ્યવસ્થા કરવી! આવું વાંચીએ કે સાંભળીએ ત્યારે, એમ થઇ જાય છે કે–શું જૈનો ખૂટી પડ્યા? દેવદ્રવ્ય ઉપર સરકારની દાનત બગડી છે એમ કહેવાય છે, પણ આજે વાતો એવી ચાલી રહી છે કે દેવદ્રવ્ય ઉપર જૈનોની દાનત પણ બગડી છે એમ લાગે. નહિ તો, ભક્તિ પોતાને કરવી છે અને તે માટે દેવદ્રવ્ય વાપરવું છે, એ બને જ શી રીતિએ? આપત્તિકાળમાં દેવદ્રવ્યમાંથી ભગવાનની પૂજા કરાવાય–એ વાત જુદી છે અને શ્રાવકોને પૂજા કરવાની સગવડ

દેવદ્રવ્યમાંથી દેવાય–એ વાત જુદી છે. જૈનો શું એવા ગરીબડા થઈ ગયા છે કે–પોતાના દ્રવ્યથી ભગવાનની દ્રવ્ય-પૂજા કરી શકે તેમ નથી ? અને એ માટે, દેવદ્રવ્યમાંથી તેમની પાસે ભગવાનની પૂજા કરાવવી છે ? જૈનોનાં હૈયામાં તો, એ જ વાત હોવી જોઈએ કે 'મારે મારા દ્રવ્યથી જ ભગવાનની દ્રવ્યપૂજા કરવી છે !' દેવદ્રવ્યની વાત તો દૂર રહી, પણ અન્ય શ્રાવકના દ્રવ્યથી પણ પૂજા કરવાનું કહેવામાં આવે, તો જૈનો કહેતા કે–'એના દ્રવ્યથી અમે પૂજા કરીએ, તેમાં અમને શો લાભ ? અમારે તો, અમારી સામગ્રીથી ભક્તિ કરવી છે !' શ્રાવકે દ્રવ્યપૂજા શા માટે કરવાની છે? આરંભ અને પરિગ્રહમાં ગ્રસ્ત, જો છતી શક્તિએ દ્રવ્યપૂજા કર્યા વિના જ ભાવપૂજા કરે, તો તે પૂજા વાંઝણી ગણાય. શ્રાવક પરિગ્રહના વિષને ઉતારવાને માટે ભગવાનની દ્રવ્યપૂજા કરે. પરિગ્રહનું ઝેર ઘણું ને ? એ ઝેરને ઉતારવાને માટે દ્રવ્યપૂજા છે. મંદિરમાં જાય ને કોઇ કેસરની વાટકી આપે તો એનાથી પૂજા કરે, તો એમાં એના પરિગ્રહનું ઝેર ઉતરે ખરૂં ? પોતાનું દ્રવ્ય વપરાયું હોય, તો એમેય થાય કે–'મારૂં ધન શરીરાદિને માટે તો ઘણું વપરાય છે, એમાં ધન જાય છે ને પાપ વધે છે, જ્યારે ત્રણ લોકના નાથની ભક્તિમાં મારૂં જે કાંઈ ધન વપરાય, તે સાર્થક છે.' પોતાના દ્રવ્યથી પૂજા કરવામાં, ભાવવૃદ્ધિનો જે પ્રસંગ છે, તે પારકા દ્રવ્યથી પૂજા કરવામાં નથી. ભાવને પેદા થવાનું કારણ જ ન હોય, તો ભાવ પેદા થાય શી રીતિએ ?

સ૦ સગવડના અભાવે જેઓ જિનપૂજા કર્યા વિના રહી જતા હોય, તેમને સગવડ આપવામાં આવે તો લાભ થાય ને?

શ્રી જિનપૂજા કરવાની સગવડ કરી આપવાનું મન થાય એ સારૂં છે; તમને એમ થાય કે–'અમે તો અમારા દ્રવ્યથી રોજ શ્રી જિનપૂજા કરીએ છીએ, પણ ઘણાઓ એવા છે, કે જેમની પાસે એવી સગવડ નથી. તેવાઓ પણ શ્રી જિન-પૂજાના લાભથી વંચિત ન રહી જાય, તો સારૂં.' તો એ તમને શોભતું જ ગણાય; પણ, એમ થવાની સાથે જ, તમને એમ પણ થવું જોઈએ કે–' પોતાના દ્રવ્યથી શ્રી જિનપૂજા કરવાની જેઓ પાસે સગવડ નથી, તેઓને અમારે અમારા દ્રવ્યથી પૂજા કરવાની સગવડ કરી આપવી જોઈએ.' આવું મનમાં આવતાં, ' જેઓની પાસે પૂજા કરવાની સગવડ નથી, તેઓ પણ પૂજા કરનારા બને એ માટે પણ અમારે અમારા દ્રવ્યનો વ્યય કરવો.'– આવો નિર્ણય જો તમે કરો, તો તે તમારા માટે લાભનું કારણ છે, પણ શ્રી જિનપૂજા કરનારનો પોતાનો મનોભાવ કેવો હોય, એની આ વાત છે.

સ૦ બીજાના દ્રવ્યથી પૂજા કરનારને સારો ભાવ આવે જ નહિ?

બીજાના દ્રવ્યથી શ્રી જિનપૂજા કરનારને માટે સારો ભાવ આવવાનું કારણ કયું? પોતાની પાસે શ્રી જિનપૂજાને

માટે ખર્ચી શકાય-એ પ્રમાણેનું દ્રવ્ય નથી અને શ્રી જિન-પૂજાથી વંચિત રહેવું-એ ગમતું નથી, એ માટે જો એ પારકા દ્રવ્યથી શ્રી જિનપૂજા કરતો હોય, તો એને 'પૂજામાં પારકું દ્રવ્ય વાપરવું પડે છે અને પોતાનું દ્રવ્ય વાપરી શકતો નથી.'-એ ખટકે છે, એમ નક્કી થાય છે; એટલે, એની ઇચ્છા તો પોતાના દ્રવ્યથી જ પૂજા કરવાની થઇ ને ? શક્તિ નથી, એ પૂરતો જ એ પારકા દ્રવ્યથી પૂજા કરે છે ને ? તક મળે, તો પોતાના દ્રવ્યથી પૂજા કરવાને, એ ચૂકે નહિ ને ? આવી મનોવૃત્તિ હોય તો સારો ભાવ આવી શકે, કારણ કે-જેણે પરિગ્રહની મૂર્છા ઉતારીને પૂજાનું સાધન આપ્યું, તેની એ અનુમોદના કરતો જ હોય. પણ, વિચારવા જેવી વાત તો એ છે કે-આજે જે લોકો, પોતાના દ્રવ્યનો વ્યય કર્યા વિના જ પૂજા કરે છે, તેઓ શું એવા ગરીબડા છે કે-પૂજાને માટે કાંઇ ખર્ચ કરી શકે જ નહિ ? જે શ્રાવકો ધનહીન હોય, તેઓને માટે તો શાસ્ત્રે કહ્યું છે કે-એવા શ્રાવકોએ ઘેર સામાયિક લેવું. પછી જો કોઈનું એવું દેવું ન હોય, કે જે દેવાને કારણે ધર્મની લઘુતા થવાનો પ્રસંગ ઉપસ્થિત થવા પામે તેમ હોય, તો એ શ્રાવક સામાયિકમાં રહ્યો થકો અને ઇર્યાસમિતિ આદિના ઉપયોગવાળો બન્યો થકો, શ્રી જિનમન્દિરે જાય. શ્રી જિનમન્દિરમાં જઈ ને,

એ શ્રાવક જુએ કે–'અહીં મારી કાયાથી બની શકે એવું, કોઈ ગૃહસ્થનું દેવપૂજાની સામગ્રીનું કાર્ય છે ખરૂં ?' જેમ કે–કોઈ ધનવાન શ્રાવકે પ્રભુપૂજા માટે પુષ્પો મેળવ્યાં હોય અને તે પુષ્પોની ગુંથણી કરવાની હોય. આવું કોઇ કાર્ય હોય, તો એ શ્રાવક સામાયિકને પારીને, એ કાર્ય કરવા દ્વારા, દ્રવ્યપૂજાનો પણ લાભ લઈ લે. શાસ્ત્રે અહીં સ્પષ્ટ કર્યું છે કે–દ્રવ્યપૂજાની સામગ્રી પોતાની પાસે છે નહિ અને દ્રવ્યપૂજા માટે જરૂરી સામગ્રીનો ખર્ચ નિર્ધનપણાને કારણે પોતે કરી શકે તેમ નથી, એટલે સામાયિક પારીને પારકી સામગ્રી દ્વારા, એ, એ પ્રમાણેનો લાભ લે, તે યોગ્ય જ છે. વળી, શાસ્ત્રે એમ પણ કહ્યું છે કે–રોજ જે અષ્ટપ્રકારી આદિ પૂજા કરી શકે તેમ ન હોય, તેણે છેવટ રોજ અક્ષત-પૂજા કરવા દ્વારા પણ પૂજાનું આચરણ કરવું.'

[જૈન પ્રવચન, વર્ષ ૪૩, અંક ૧૬]

# ખંડ : ૪ થો

## દેવદ્રવ્યની રક્ષા તથા તેનો સદુપયોગ કઇ રીતે કરવો?

સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે. તે હકીકત આ પુસ્તિકામાં તદ્દન સ્પષ્ટ અને સચોટ રીતે શાસ્ત્રાનુસારી પરંપરા જે સુવિહિત પાપભીરૂ મહાપુરૂષો દ્વારા વિહિત કરાયેલ છે;–તે દ્વારા સાબિત થયા બાદ, હવે પ્રશ્ન એ રીતનો થાય છે કે, દેવદ્રવ્યની વ્યવસ્થા તથા તેની રક્ષા કઇ રીતે કરવી? તેનો સદુપયોગ કઇ રીતે કરવો? આને અંગે પૂ. સુવિહિત શિરોમણિ આચાર્ય ભગવંત શ્રી વિજયસેનસૂરીશ્વરજી મહારાજે શ્રી 'સેનપ્રશ્ન' ગ્રંથમાં જે ફરમાવેલ છે; તેના પ્રમાણોદ્વારા અત્રે એ વિષયની સ્પષ્ટતા કરવાની આવશ્યકતા લાગવાથી તેના પ્રમાણો રજૂ થાય છે.

સેનપ્રશ્ન : ઉલ્લાસ બીજો પં. શ્રી કનકવિજયજીગણિકૃત પ્રશ્નોત્તર : જેમાં ૩૭ મો પ્રશ્ન છે : કે, 'જ્ઞાનદ્રવ્ય દેવકાર્યમાં કામ લાગે કે નહિ? જો દેવકાર્યમાં ઉપયોગ થતો હોય તો દેવપૂજામાં ઉપયોગ થાય કે પ્રાસાદ વગેરેમાં થાય?"–આ પ્રશ્નના ઉત્તરમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, "દેવદ્રવ્ય ફક્ત દેવના કાર્યમાં વપરાય, અને જ્ઞાનદ્રવ્ય જ્ઞાનમાં તથા દેવ-કાર્યમાં વપરાય, સાધારણ દ્રવ્ય સાતે ક્ષેત્રમાં કામ આવે એમ જૈન સિદ્ધાંત છે.........."

(સેનપ્રશ્ન : પુસ્તક : પેજ ૮૭–૮૮)

આથી એ સ્પષ્ટ છે કે સ્વપ્નદ્રવ્ય સુવિહિત પરંપરાનુસારી જ્યારે દેવદ્રવ્ય જ છે. તો તેનો સદુપયોગ દેવની ભક્તિ નિમિત્તેના કાર્ય સિવાય અન્ય રીતે કોઇપણ સંયોગોમાં થઈ શકે નહીં.

દેવદ્રવ્ય શ્રાવક પોતે વ્યાજે લે કે નહિ? તેમજ શ્રાવકને દેવદ્રવ્ય વ્યાજે અપાય કે નહિ? તથા દેવદ્રવ્યની વૃદ્ધિ કે રક્ષા કઇ રીતે કરવી? તેને અંગે સેનપ્રશ્નમાં ઉલ્લાસ બીજો: પં. શ્રી જયવિજયજીગણિ કૃત પ્રશ્નોત્તર: પ્રશ્ન બીજાના જવાબમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે,

'મુખ્ય વૃત્તિએ દેવદ્રવ્યના વિનાશમાં જ શ્રાવકોને દોષ થાય છે. પણ કાલ પ્રમાણે ઉચિત વ્યાજ આપવાપૂર્વક લેવામાં આવે તો મહાન દોષ નથી, પણ શ્રાવકોને તેનું સર્વથા વર્જન કરેલું છે. તે નિઃશૂકપણું ન થાય, તેને માટે છે. વળી જૈનશાસનમાં સાધુને પણ દેવદ્રવ્યના વિનાશમાં દુર્લભબોધિપણું અને દેવદ્રવ્યના રક્ષણના ઉપદેશની ઉપેક્ષા કરવામાં આવે તો ભવભ્રમણ બતાવેલ છે. માટે સુજ્ઞ શ્રાવકોને પણ દેવદ્રવ્યથી વ્યાપાર ન કરવો તે યુક્તિયુક્ત છે. કેમકે કોઇ વખત પણ પ્રમાદ વગેરેથી તેનો ઉપભોગ ન થવો જોઇએ. પણ સારા સ્થાનમાં મૂકવું, દરરોજ સંભાળ કરવી. મહાનિધાનની પેઠે સાચવી રાખવામાં કોઇપણ દોષ લાગતો નથી, પરંતુ તીર્થંકર નામકર્મના બંધનું કારણ થાય છે. જૈનેતરને તો તેવું જ્ઞાન નહિ હોવાથી નિઃશૂકતા વગેરેનો

અસંભવ છે. તેથી દાગીના ઉપર વ્યાજે આપવામાં દોષ નથી. તેમ હાલ વ્યવહાર ચાલે છે. "(સેનપ્રશ્ન : પુસ્તક : પેજ ૧૧૧)

આથી એ સ્પષ્ટ છે કે–દેવદ્રવ્યનો ઉપયોગ શ્રાવકને માટે વ્યાપારાદિ માટે કે વ્યાજે લેવામાં પણ દોષ છે: તો પછી દેવદ્રવ્યથી બંધાયેલી ચાલી, મકાનો કે દુકાનોમાં શ્રાવકો કઈ રીતે રહી શકે? નિઃશૂકતા દોષ લાગતા કે તેના ભક્ષણનો તેમજ અલ્પ ભાડું આપીને અથવા ભાડું વિલંબે આપવામાં તેના વિનાશનો દોષ ખૂબ જ સંભવિત છે. સેનપ્રશ્નમાં સ્પષ્ટ જણાવેલ છે કે, 'સાધુને પણ જો દેવદ્રવ્યના રક્ષણનો ઉપદેશ ન કરે, કે તેની ઉપેક્ષા કરે તો ભવભ્રમણ વધે' માટે જ પૂ. સાધુમહાત્માઓએ પૂ. પાદ આચાર્યાદિ શ્રમણ ભગવંતોએ સ્વપ્નદ્રવ્ય જે દેવદ્રવ્ય છે, તેનો વિનાશ થતો હોય તો જરૂર તેનો પ્રતિકાર કરવા માટે મક્કમતાપૂર્વક ઉપદેશ આપવો જરૂરી છે.

દેવદ્રવ્યની રક્ષા કરવામાં તો તીર્થંકર નામકર્મનાં બંધનું કારણ બને છે. એટલે દેવદ્રવ્ય જયાં સાધારણમાં લઇ જવાતું હોય, ત્યાં શ્રી ચતુર્વિધ સંઘે શ્રી જિનાજ્ઞારસિક શ્રી સંઘે તે માટે શક્ય બધી રીતે તેનો પ્રતિકાર કરવો તે ધર્મ છે: ફરજ છે: તે શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞાની આરાધના છે, તે પૂ. આ. મ. શ્રી વિજયસેનસૂરીશ્વરજી મહારાજશ્રીના ફરમાવેલ ઉપરોક્ત વિધાનથી સ્પષ્ટ થાય છે.

'શ્રાવક પોતાના ઘરમંદિરમાં પ્રભુજીની ભક્તિ માટે પ્રભુજીના આભૂષણો કરાવે અને કાલાંતરે ગૃહસ્થ કારણસર

તે પોતાના કોઇ પ્રસંગે તે વાપરી શકે કે નહિ?' એમ સેનપ્રશ્નમાં પં. શ્રી વિનયકુશલગણિના પ્રશ્નનો ઉત્તર આપતા પૂ. આ. મ. શ્રી એ ફરમાવેલ છે કે,

'જો દેવને માટે જ કરાવેલ આભૂષણો હોય તો વાપરી શકાય નહિ' (સેનપ્રશ્ન: પ્રશ્ન: ૩૯, ઉલ્લાસ: ૩, પેજ ૨૦૨)

આ હકીકત એ સ્પષ્ટ કરે છે કે, દેવના માટે કરાવેલ-દેવની ભક્તિ માટે કરાવેલ આભૂષણો ઘર મંદિરમાં દેવને સમર્પિત કરવાના ઉદ્દેશથી કરાવેલ હોય તો શ્રાવકને ન કલ્પે, તો સ્વપ્નની ઉપજ પ્રભુભક્તિ નિમિત્તે જયારે પ્રભુના ચ્યવન કલ્યાણક પ્રસંગને અનુલક્ષીને બોલાય તે દેવદ્રવ્ય જ ગણાય, જેથી તેનો ઉપયોગ સાધારણ ખાતામાં કદિ યે ન થઈ શકે, તે હકીકત ખાસ ધ્યાનમાં રાખી લેવા જેવી છે.

સેનપ્રશ્નમાં ત્રીજા ઉલ્લાસમાં પં. શ્રી શ્રુતસાગરજીગણિ કૃત પ્રશ્નોત્તરમાં પ્રશ્ન છે કે, 'દેવદ્રવ્યની વૃદ્ધિ માટે શ્રાવકોએ તે દ્રવ્ય વ્યાજે રખાય કે નહિ? અને રાખનારાઓને તે દૂષણરૂપ થાય કે ભૂષણરૂપ?' આ પ્રશ્નનો ઉત્તર પૂ. આ. મ. શ્રી વિજયસેનસૂરીશ્વરજી મહારાજ સ્પષ્ટરૂપે ફરમાવે છે કે,

શ્રાવકોએ દેવદ્રવ્ય વ્યાજે રાખવું યોગ્ય નથી. કેમ કે નિઃશૂકપણું થઈ જાય માટે પોતાના વ્યાપાર વગેરેમાં વ્યાજે રાખી વાપરવું નહિ. 'જો અલ્પ પણ દેવદ્રવ્યનો ભોગ થઈ જાય તો સંકાશ શ્રાવકની જેમ અત્યંત દુષ્ટ વિપાક આવે છે.' એમ ગ્રંથમાં જોવામાં આવે છે.

(સેનપ્રશ્ન: પ્રશ્ન ૨૧, ઉલ્લાસ: ૩, પેજ ૨૭૩)

આથી ફરી ફરી એ હકીકત સ્પષ્ટ થાય છે કે-દેવદ્રવ્યની એક પાઇ પણ પાપભીરૂ સુજ્ઞ શ્રાવકે પોતાની પાસે વ્યાજે પણ નહિ રાખવી. તો જેઓ બોલી બોલીને-દેવદ્રવ્યની રકમ પોતાની પાસે વર્ષોના વર્ષો સુધી વગર વ્યાજે કેવલ ઉપેક્ષાભાવે ભરપાઇ કરતા નથી તે બિચારા આત્માઓની કઈ દશા થાય ? તેમજ બોલી બોલેલી રકમ પોતાની પાસે વ્યાજે તે પણ મનમાની રીતે વ્યાજ નક્કી કરીને રાખી મૂકે, તે આત્માઓને માટે તે કૃત્ય ખરેખર સેનપ્રશ્નકાર પૂજ્યપાદશ્રી ફરમાવે છે તેમ દુષ્ટ વિપાક આપનાર બને તે નિઃશંક છે.

દેવદ્રવ્યના મકાનમાં ભાડું આપીને રહેવાય કે નહિ ? તેને અંગે પં. હર્ષચંદ્રગણિવર કૃત પ્રશ્ન આ મુજબ છે:- "કોઈ પણ માણસે પોતાનું ઘર પણ જિનાલયને અર્પણ કરેલ હોય તેમાં કોઇપણ શ્રાવક ભાડું આપીને રહી શકે કે નહિ ? આ પ્રશ્નના જવાબમાં પૂ. આ. મ. શ્રી ફરમાવે છે કે, 'જો કે ભાડું આપીને તે ઘરમાં રહેવામાં દોષ લાગતો નથી, તો પણ તેવા પ્રકારના કારણ વિના ભાડું આપીને પણ તેમાં રહેવું વ્યાજબી ભાસતું નથી. કેમકે દેવદ્રવ્યના ભોગ વગેરેમાં નિઃશૂકતાનો પ્રસંગ થઇ જાય"

( સેનપ્રશ્ન : ઉલ્લાસ પેજ ૨૮૮ )

પૂ. આ. મ. શ્રીએ કેટલી બધી સ્પષ્ટતાથી અત્રે આ હકીકત ફરમાવી છે. આજે આ પરિસ્થિતિ ઠેર-ઠેર જોવા મલે છે. દેવદ્રવ્યથી બંધાવેલા મકાનોમાં શ્રાવકો રહીને સમય-

સર ભાડા આપવામાં આનાકાની કરે, વ્યાજબી રીતે પણ ભાડાં વધારવામાં ગલ્લાતલ્લાં કરે, ને છેવટે દેવદ્રવ્યની મિલ્કતને નુકશાન પહોંચે તે પરત્વેનો પણ તેમને કશો જ રંજ કે ખેદ ન મલેઃ દેવદ્રવ્યની રક્ષા કરવી તો દૂર રહી, પણ તેના ભક્ષણ સુધીની નિઃશૂકતા આવી જાય તે ઘણી જગ્યાએ જોવા-જાણવા મલે છે. તે દૃષ્ટિએ પૂ. આ. મ. શ્રીએ જે સ્પષ્ટતા કરીને જણાવી દીધું કે, 'વ્યાજબી ભાસતું નથી' તે ખરેખર ખૂબ જ સમુચિત છે.

દેવદ્રવ્યને અંગે ઉપયોગી કેટલીક બાબતો વારંવાર અત્રે એટલા જ માટે જણાવવી પડે છે કે, સુજ્ઞ વાંચકવર્ગના ધ્યાનમાં આ હકીકત તદ્દન સ્પષ્ટતાથી ને સચોટપણે આવી શકે, કે દેવદ્રવ્યની રક્ષા માટે તેમજ તેના ભક્ષણનો દોષ ન લાગી જાય તે માટે 'સેનપ્રશ્ન' જેવા ગ્રંથમાં કેટ-કેટલો ભાર મૂકેલ છે.

હાલ કેટલાક સ્થળે ગુરુપૂજનનું દ્રવ્ય વૈયાવચ્ચમાં લઈ જવાની પ્રવૃત્તિ વધતી જાય છે. પણ ખરી રીતે ગુરુપૂજનનું દ્રવ્ય દેવદ્રવ્ય જ ગણાય છે. એ હકીકતની સ્પષ્ટતા કરવી અત્રે પ્રાસંગિક માનીને તેને અંગે પૂ. પાદ જગદ્‌ગુરુ તપાગચ્છાધિપતિ આચાર્ય મ. શ્રી હીરસૂરીશ્વરજી મ. શ્રીને પૂછાયેલ પ્રશ્નોત્તર ગ્રંથ જે 'હીરપ્રશ્ન'ના નામથી સુપ્રસિદ્ધ છેઃ તેના પ્રમાણોથી સ્પષ્ટતા કરવી આવશ્યક જણાઇ છે:

'હીરપ્રશ્ન'ના ત્રીજા પ્રકાશમાં પૂ. પં. નાગર્ષિગણિના આ મુજબના ૩ પ્રશ્નો છે કે, (૧) ગુરુપૂજા સંબંધી સુવર્ણ વગેરે દ્રવ્ય ગુરુદ્રવ્ય કહેવાય કે નહિ? (૨) તથા પૂર્વે આ પ્રમાણે ગુરુપૂજાનું વિધાન હતું કે નહિ? (૩) તેમજ એ દ્રવ્યનો ઉપયોગ ક્યાં કરાય? આ જણાવવા કૃપા કરશો" આ પ્રશ્નોના ઉત્તર આપતા પૂ. આ. મ. શ્રી ફરમાવે છે કે, 'ગુરુપૂજા સંબંધી દ્રવ્ય સ્વનિશ્રાકૃત નહિ હોવાથી ગુરુદ્રવ્ય ન થાય, જ્યારે રજોહરણ આદિ સ્વનિશ્રાકૃત હોવાથી ગુરુદ્રવ્ય કહેવાય. (૨) તેમજ પૂ. આ. મ. શ્રી હેમચંદ્રસૂરિ મહારાજશ્રીની કુમારપાલ મહારાજાએ સુવર્ણ કમલોથી પૂજા કરી છે, એવા અક્ષરો કુમારપાલ પ્રબંધમાં છે. તેમજ ધર્મલાભ-'તમને ધર્મનો લાભ થાઓ'-એ પ્રમાણે દૂર જેઓએ હાથ ઉંચા કર્યા છે, એવા પૂ. શ્રી સિદ્ધસેનસૂરિજી મ. ને વિક્રમ રાજાએ કોટિ દ્રવ્ય આપ્યું-'આ અગ્રપૂજારૂપ દ્રવ્યનો તે વખતે જીર્ણોદ્ધારમાં ઉપયોગ કર્યો હતો.' એમ તેમનાં પ્રબંધ વગેરેમાં સંભળાય છે. આ વિષયમાં ઘણું કહેવા યોગ્ય છે. કેટલું લખીએ..........."
( હીરપ્રશ્ન : પ્રકાશ ૩ : પેજ ૧૯૬ )

ઉપરોક્ત પ્રમાણથી સ્પષ્ટ છે કે, પૂ. આ. મ. શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજશ્રી જેવા સમર્થ ગીતાર્થ સૂરિપુરંદર

પણ ગુરુપૂજનના દ્રવ્યનો ઉપયોગ જીર્ણોદ્ધારમાં કરવાનો નિર્દેશ કરે છે, જેથી એ સ્વતઃ સિદ્ધ થાય છે કે, ગુરુ-પૂજનનું દ્રવ્ય દેવદ્રવ્ય જ ગણી શકાય.'

આ પ્રસંગે એ પ્રશ્ન થાય કે–ગુરુપૂજન શાસ્ત્રીય છે કે નહિ? જો કે એ પ્રશ્નનો ઉદ્ભવ થઇ શકવાને સ્થાન જ નથી. કારણ કે, ઉપરોક્ત સ્પષ્ટ ઉલ્લેખથી જાણી શકાય છે કે પૂર્વકાલમાં ગુરુપૂજનની પ્રથા ચાલુ હતી. માટે જ પૂ. આ. મ. ની સેવામાં પં. નાગર્ષિ ગણિવરે પ્રશ્ન કરેલ છે કે, 'પૂર્વકાલમાં આ પ્રમાણે ગુરુપૂજાનું વિધાન હતું કે નહિ? તેનો જવાબ પણ સ્પષ્ટ આપેલ છે કે, 'હા, પરમાર્હત શ્રી કુમારપાલ મહારાજાએ ગુરુપૂજન કરેલ છે.' તો પણ આ વિષયમાં પંડિત શ્રી વેલર્ષિ ગણિનો એક પ્રશ્ન છે કે, "નાણાંથી ગુરુપૂજા ક્યાં જણાવી છે?' પ્રત્યુત્તરમાં પૂ આ. મ. શ્રી હીરસૂરીશ્વરજી મહારાજશ્રી ફરમાવે છે કે, કુમાર-પાલ રાજા શ્રી હેમચંદ્રાચાર્યની સુવર્ણકમલથી હંમેશા પૂજા કરતા હતા. આ પ્રમાણે કુમારપાલ પ્રબંધ વગેરેમાં કહ્યું છે. તેને અનુસરીને વર્તમાન સમયે પણ ગુરુની નાણાથી પૂજા કરાતી જોવાય છે. કેમ કે નાણું પણ ધાતુમય છે. તેમજ આ વિષયમાં આવા પ્રકારનો વૃદ્ધવાદ પણ છે કે, શ્રી સુમતિ-સાધુસૂરિના સમયમાં માંડવગઢમાં મલિક શ્રી માફરે ગીતા-ર્થોની સુવર્ણ ટાંકોથી પૂજા કરી હતી.

( શ્રી હીરપ્રશ્ન : ૩ પ્રકાશ : પેજ ૨૦૪ )

આથી એ સ્પષ્ટ દીવા જેવી હકીકત છે કે ગુરુપૂજાની પ્રણાલી પ્રાચીન તેમજ સુવિહિત પરંપરામાન્ય છે. ને ગુરુ-પૂજનનું દ્રવ્ય દેવદ્રવ્યરૂપ ગણાય ને તે જીર્ણોદ્ધારનાં કાર્યમાં જ વપરાય તે પણ વાસ્તવિક ને સુવિહિત મહાપુરૂષોની પરંપરાથી માન્ય છે.

આ વિષયમાં દ્રવ્ય સપ્તતિકા આદિ અનેક ગ્રંથોમાં સ્પષ્ટ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. પણ અત્રે આ નાની પુસ્તિકામાં તે બધો વિસ્તાર કરવો અપ્રાસંગિક હોવાથી ટુંકાણમાં સ્વપ્નદ્રવ્ય તે દેવદ્રવ્ય છે, ને તે દેવદ્રવ્યનો ઉપયોગ શ્રી પ્રભુ-ભક્તિના કાર્યમાં થાય તેમજ તેનું રક્ષણ તેમજ વ્યવસ્થા કેવી રીતે કરવી ? ઈત્યાદિ વિષયોને અનુલક્ષીને ઉપયોગી હકીકતોની ખૂબ જ સ્પષ્ટતાથી સચોટ રીતે પુન-રુક્તિના દોષને નહિ ગણકારતાં અત્રે રજૂઆત કરી છે.

સુજ્ઞ વાચકવર્ગ હંસ-ક્ષીર ન્યાયે નિષ્પક્ષભાવે પ્રસ્તુત પુસ્તિકાનું અવગાહન કરીને શાંત-સ્વસ્થ ચિત્તે મનન-નિદિ-ધ્યાસન કરીને સારને ગ્રહણ કરે એ શુભકામના.



# પૂરવણી

પ્રસ્તુત પુસ્તિકામાં દેવદ્રવ્યનો પ્રશ્ન ચર્ચાયો છે. જેમાં મુખ્ય તો સ્વપ્નદ્રવ્ય, દેવદ્રવ્ય જ છે, એ હકીકતની સ્પષ્ટતા માટે સુવિહિત માન્ય શાસ્ત્રાનુસારી પરંપરા મુજબ સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે, તે સિદ્ધ કરેલ છે. તેના વિશેષ પૂરાવા માટે જે જે પૂ. પાદ આચાર્યાદિ સુવિહિત મહાપુરૂષોના અભિપ્રાયો દર્શાવેલ છે, તેમાં ખાસ ધ્યાન ખેંચે તેવી વાત એ છે કે, આજે જેઓ પૂ. આત્મારામજી મહારાજ–પૂ. ન્યાયાંભોનિધિ આચાર્ય મહારાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મ. શ્રીના નામે સ્વપ્નદ્રવ્યને સાધારણ ખાતે લઇ જવાની વાતો કરે છે, તેમના માટે પૂ.પાદશ્રીના વિદ્વાન શિષ્યરત્ન તેમજ આ. મ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ.શ્રીના પણ શ્રદ્ધેય પૂ. મુનિરાજશ્રી હંસવિજયજી મ.શ્રીનો દેવદ્રવ્ય વિષે શો અભિપ્રાય હતો? તે સમજવા જેવો છે, તે અંગેનો પત્ર-વ્યવહાર પ્રસ્તુત પુસ્તિકાના પેજ ૩૯ થી ૪૧ સુધીમાં પ્રગટ થયેલ છે. જેમાં તેઓશ્રીએ સ્પષ્ટ જણાવેલ છે કે, 'સ્વપ્નાની ઉપજ શાસ્ત્રોના આધારે કહી શકું છું કે દેવદ્રવ્ય તરીકે ગણવી.'

પાલનપુરના શ્રી સંઘે પૂછેલ પ્રશ્નો અને પૂ. મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજે આપેલ જવાબો તેઓશ્રીના હસ્તાક્ષરોમાં અત્રે પ્રથમવાર જ પ્રસિદ્ધ થાય છે. પ્રસિદ્ધ થઈ રહેલ આ પ્રશ્નોત્તરીમાંથી સ્વપ્નાની ઉપજ અંગે તેમજ દેવદ્રવ્ય આદિની વ્યવસ્થા આદિ અંગે ઘણું ઘણું જાણવા સમજવા જેવું મળી રહે છે. પાલનપુરના શ્રીસંઘે કુલ આઠ પ્રશ્નો પૂછેલ છે. જેમાં વર્તમાનમાં ચર્ચાતી ઘણી ખરી બાબતોનો શાસ્ત્રાનુસારી સંતોષજનક પ્રત્યુત્તર આમાંથી મલી રહે છે. પેજ ૧૪૭ થી ૧૪૮ માં તે બ્લોકો છપાયેલ છે, જેથી સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે–' પૂ. પાદ આત્મારામજી મહારાજશ્રીના સમુદાયમાં સ્વપ્નની ઉપજ દેવદ્રવ્ય જ ગણાતી હતી. તેમજ બીજી પણ દેવદ્રવ્ય આદિની વ્યવસ્થામાં પ્રથમથી જ શાસ્ત્રાનુસારી પ્રરૂપણા ચાલુ હતી.'

પાછળથી ગમે તે કારણે આ. મ.શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજશ્રીની માન્યતામાં પરિવર્તન આવ્યું, પણ તે પૂ. પાદ આત્મારામજી મહારાજશ્રીના સમુદાયની શાસ્ત્રમાન્ય પ્રણાલીથી વિરૂદ્ધનું અશાસ્ત્રીય હતું, તે કહેવામાં લેશપણ અતિશયોક્તિ નથી એમ જરૂર માની શકાય.

પેજ નં. ૧૪૯–૫૦ માં જે બ્લોકો અત્રે પ્રસિદ્ધ થયેલ છે, તે પૂ. પાદ આત્મારામજી મહારાજશ્રીના શિષ્યરત્ન પ્રવર્તક મુનિરાજશ્રી કાંતિવિજયજી મહારાજશ્રીના વિદ્વાન શિષ્યરત્ન મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજશ્રીના હસ્તાક્ષરોના એ બ્લોકો છે. જેઓ વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી

મ.શ્રીના ગુરુદેવ હતા. તેઓએ તા. ૭-૬-૧૭ ના દિવસે આજથી ૬૧ વર્ષ પૂર્વે પાટણથી ભાવનગર ખાતે મુનિરાજશ્રી ભક્તિવિજયજી મ.શ્રી પર પત્ર લખેલ છે, જેમાં સ્વપ્નદ્રવ્યની ઉપજ ઉપાશ્રયમાં લઇ જવાની બાબતના પાટણના સંઘના ઠરાવની હકીકતનો સ્પષ્ટપણે તેમણે ઈનકાર કરેલ છે. જે જોતાં આજે સાગરના ઉપાશ્રયે ચાલતી તે કુપ્રથા તદ્દન અશાસ્ત્રીય તેમજ મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજે જણાવેલ હકીકતથી તદ્દન વિપરીત છે, તે પાટણ-સાગરના ઉપાશ્રયના વહિવટદારોએ ધ્યાનપૂર્વક લક્ષ્યમાં લઇને સમજવા જેવી ને તે અશાસ્ત્રીય કુપ્રથાને છોડવા જેવી છે.

એટલે કે, પ્રવર્તક વયોવૃદ્ધ મુનિરાજશ્રી કાંતિવિજયજી મ. મુનિરાજશ્રી હંસવિજયજી મ. મુનિરાજ શ્રી ચતુરવિજયજીમ. આદિ પૂ. પાદ આત્મારામજી મહારાજશ્રીના શિષ્ય-પ્રશિષ્યોની પરંપરામાં શાસ્ત્રમાન્ય સુવિહિત મહાપુરૂષોની પરંપરાનુસાર સ્વપ્નદ્રવ્યની ઉપજ દેવદ્રવ્યમાં જ લઈ જવાની શાસ્ત્રીય પ્રથા હતી, ઉપાશ્રયમાં લઇ જવાની વાતનો પણ સ્પષ્ટ રીતે આ પત્રવ્યવહારમાં તેમણે જે નિષેધ કરેલ છે, તેથી એ હકીકત સ્પષ્ટ થાય છે. (પુસ્તિકાના પેજ ૩૭-૩૮માં આ પત્ર અત્રે પ્રગટ થયેલ છે.)

છેલ્લે-રાજનગર-અમદાવાદ મુકામે વિ. સં. ૧૯૯૦ની સાલમાં ભરાયેલ મુનિ-સંમેલનના ઠરાવોની મૂલ નકલ ને તેમાં પૂ. પાદ આ. મ.શ્રી આદિની પોતાના હસ્તાક્ષરોવાળી

સહિ સાથેનો બ્લોક પ્રગટ થયેલ છે, જેમાં નીચે સહીઓમાં પાંચમી સહી 'विजयवल्लभसूरि' અક્ષરોમાં આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિજી મ.શ્રીની પોતાના હસ્તાક્ષરોમાં સહી છે, આ પટ્ટક વીર સં. ૨૪૬૦ ચૈત્રવદિ ૬ ગુરુવારના દિવસે વંડાવીલા-અમદાવાદમાં તૈયાર થયેલ છે, તેમાં બીજા પેરે-ગ્રાફની મુખ્ય બીજી કલમમાં સ્પષ્ટ શબ્દોમાં લખાણુ છે કે, "૧ દેવદ્રવ્ય-જિનચૈત્ય તથા જિનમૂર્તિ સિવાય બીજા કોઇપણ ક્ષેત્રમાં વાપરી શકાય નહિ. ૨ પ્રભુના મંદિરમાં કે મંદિર બહાર ગમે તે ઠેકાણે પ્રભુના નિમિત્તે જે જે બોલી બોલાય તે સઘળું દેવદ્રવ્ય કહેવાય. ૩ ઉપધાન સંબંધી માલા આદિની ઉપજ દેવદ્રવ્યમાં લઈ જવી યોગ્ય જણાય છે."

( પ્રસ્તુત પુસ્તિકાના પેજ ૪૫ પર જુઓ )

મુનિ સંમેલનના પટ્ટકના બીજા પેરેગ્રાફની ૧૪મી તથા ૧૫મી પંક્તિ આ મુજબ બ્લોકમાં છપાયેલી જોઈ શકાય છે. તેમાં જણાવ્યા પ્રમાણે સ્વપ્નાની ઉપજ પ્રભુના નિમિત્તે બોલાતી હોવાથી દેવદ્રવ્યમાં જાય છે, તે હકીકત સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે, ને જેના પર નવ આચાર્ય મહારાજાઓની પોતાના હસ્તાક્ષરોવાળી સહી છે, જેમાં છ આચાર્ય મ.શ્રી તપાગચ્છ ચાર થુઇના પ્રતિનિધિ,ને આ. મ. વિ.ભૂપેન્દ્રસૂરિજી મ.શ્રી ત્રણ થુઇના તેમજ

મુનિરાજશ્રી સાગરચંદ્રજી–( આ. મ.શ્રી સાગરચંદ્ર સૂ. મ. ) પાયચંદગચ્છીય ને આ. મ. જયસિંહસૂરિજી મ. ખરતર-ગચ્છના છે. એ રીતે નવ સહીઓ આ પટ્ટકમાં થયેલી છે, જે આજે પણ આ મૂલ નકલ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી–અમદાવાદમાં અકબંધ જળવાઇ રહેલ છે.

મુનિ સંમેલનનો આ નિર્ણય ઇ. સન ૧૯૩૪ એપ્રીલ ૫ મી તારીખના વિ. સં. ૧૯૯૦ ચૈત્ર વદ ૬ ગુરુવારના થયેલ છે, જેમાં તેજ દિવસે આ મુજબ હસ્તાક્ષરોમાં સહિઓ છે.

વિજયનેમિસૂરિ
વિજયસિદ્ધિસૂરિ
આનન્દસાગર
વિજયદાનસૂરિ
વિજયનીતિસૂરિ
જયસિંહસૂરિજી
વિજયવલ્લભસૂરિ
વિજયભૂપેન્દ્રસૂરિ
મુનિ સાગરચન્દ્ર

ઉપરોક્ત સહિઓ કરનારા પૂ. પાદ આચાર્યાદિ મહાપુરૂષોએ પોતાની હસ્તલિખિત સહિઓથી આ પટ્ટકને પોતાની સ્વીકૃતિ આપી છે, ને આ પટ્ટક તા. ૧૦–૪–૩૪ના દિવસે તે વખતના સંઘપતિ શેઠ કસ્તૂરભાઇ મણિભાઇને સુપ્રત કરેલ, જે તેમણે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી–અમદાવાદને સોંપ્યો છે. આ મુજબ પટ્ટકની નીચે લખાણ છે.

શ્રી ગૌતમાય નમઃ   પ્ર.૧

શ્રી પાલણપુર ના સંઘ સમસ્તને માલુમ થાય છે. તમોએ અમુક બાબતનો ખુલાસો લેવા અંગે પ્રશ્ન કરેલ છે. તેનો ઉત્તર મારી સમજ પ્રમાણે આપની આજ્ઞાથી નિવેદન કરું છું.

પ્રશ્ન. ૧ પૂજા વખતે ઘી બોલાય છે
તેની ઉપજ શેમાં વાપરવી

ઉત્તર પૂજાના ઘીની ઉપજ દેવદ્રવ્યમાંહી
જીર્ણોદ્ધારાદિ કામમાં વાપરી
શકાય છે -

પ્રશ્ન. ૨ પડિક્કમણાનાં સૂત્રો નિમિત્તે ઘી બોલાય છે
તેની ઉપજ શેમાં વાપરવી

ઉત્તર પ્રતિક્રમણ સૂત્રો સંબંધી ઉપજ

પ્ર-૨ જ્ઞાન ખાતે પુસ્તકાદિ લખાવવાના કામમાં વાપરી શકાય છે.

પ્રશ્ન-૩ સ્વપ્નાના ઘીની ઉપજ શેમાં — ~~[illegible]~~ વપરાય. —

ઉત્તર. આ બાબતના અક્ષરો કોઈ પુસ્તકમાં મારા જોવામાં આવ્યા નથી પણ શ્રી સેન પ્રશ્નમાં અને શ્રી હીરપ્રશ્ન નામના શાસ્ત્રમાં ઉપધાન માળા પહેરવાના ઘીની ઉપજ દેવદ્રવ્યમાં ગણેલી છે. તે શાસ્ત્રના આધારે કહી શકું છું કે સ્વપ્નાની ઉપજ દેવદ્રવ્ય તરીકે ગણવી. આ બાબતમાં મારો અંગત ~~[illegible]~~ એવો અભિપ્રાય છે એમ ન સમજવું. શ્રી વિજયદક્ષસૂરિ

સૂરીશ્વર મહારાજનો તથા ઉપાધ્યાયજી વીરવિજયજી મહારાજનો તથા શ્રી પ્રવર્તક કાંતિવિજયજી મહારાજ વિગેરે મહાત્માઓનો પણ તેવોજ અભિપ્રાય છે - કે સુપનાની ઉપજ દેવદ્રવ્ય તરીકે ગણવી-

પ્રશ્ન. ૪ કેસર સુખડના વ્યાપાર નો નફો શેમાં વાપરવો.

ઉત્તર- પોતાના પૈસાથી મંગાવી કેસર સુખડ વેચી હોય તેમાં થયેલો નફો પોતાની ઇચ્છા હોય તેમાં ખરચી શકાય પણ કોઈ અંજાણ માણસ દેરાના પૈસાથી ખરીદી ગયેલ ન હોય તેવી ખાતરી હોવી જોઈયે -

પ્રશ્ન. ૫ દેવદ્રવ્યમાંથી પુજારીને પગાર અપાય કે કેમ?

ઉત્તર: પૂજા કરાવવી એ પોતાના લાભ માટે છે
પરમાત્માને તેની દરકાર નથી. વાસ્તે
પૂજારીનો પગાર દેવદ્રવ્યમાંથી આપી
શકાય નહિ, કદાપિ કોઈ વસ્તિ વિના
ના ગામમાં બીજું સાધન કોઈ
રીતે બની શકે નહિ તો, ઓછા પ્રભુજીની
ઊપજ માંથી આપી શકાય છે.

પ્રશ્ન ૬ દેવકી જગામાં પેટી રખાય કે નહિ?

ઉત્તર પેટીમાં સાધારણ અને નાવાના પાણી
સંબંધી ખાતું ન હોય તો રાખી શકાય પણ
કોઈ અજાણ માણસ દેવદ્રવ્યને કે જ્ઞાન
દ્રવ્યને બીજા ખાતામાં ભૂલથી નાખે
નહિ, તેવો પુરતો બંદોબસ્ત હોવો
જોઈએ. સાધારણનું ખાતું હોય તો એ
દેવની જગામાં ઊપજેલું દ્રવ્ય —

પ્રશ્ન શ્રાવક શ્રાવિકા ને કેવી રીતે બચાવાય? [illegible] તે જેવું છે.

પ્રશ્ન ૭ - નારિયેળ. સોપારી. બદામ શેમાં ~~[illegible]~~ વપરાય.

ઉત્તર નારિયેળ સોપારી બદામ નૈવેદ્ય દેવદ્રવ્યખાતે જમા થવી જોઈએ —

પ્રશ્ન ૮ આંગીનો વધારો શેમાં વાપરવો

ઉત્તર - આંગીમાંથી વધારો કાઢવો જ નહી. કારણકે તેમાં ફરકિયાત લાગે છે વાસ્તે જેણે જેટલાની આંગી કરાવવા. જે કર્યું હોય તેટલા પૈસા ભરવી તેવા તરફથી આંગી કરાવી દેવી જોઈએ.

સદ્ ગૃહસ્થો કેટલાક ભાઈઓ ફક્ત દેવદ્રવ્યની
પ. ૬ વૃદ્ધિ તરફ લક્ષ રાખે છે. પરંતુ તેવી એકાંત
લક્ષ રાખવી યોગ્ય નથી. જે ખાતું દુબળું
હોય તે તરફ ધ્યાન દેવાની ખાસ આવશ્ય
કતા છે. વળી હાલમાં સાધારણ
ખાતાની ખૂબ પડે છે તેથી તેને
તરતું કરવાની ખાસ જરૂર છે. તેથી
પૂજ્ય કરતી વખત યા હરેક શુભ પ્રસંગે
શુભ ખાતે અવશ્ય રકમ કાઢવા કે કઢા
વવા નક્કી કરવી તેથી આ ખાતું
તરતું થઈ જશે. અને તેની ખૂબ
કદી પણ આવશે નહિ.

શ્રેયછે —

મુ. હંસવિજય





# ઉપસંહાર

અનંતજ્ઞાની પરમતારક શ્રી જિનેશ્વરદેવનાં શાસનને પામવાનું જે ભાગ્યશાલી આત્માઓને સૌભાગ્ય પ્રાપ્ત થયેલ છે. તેવા મહાપુણ્યશાલી આત્માઓ તે પરમતારક શ્રી અરિહંત પરમાત્માના શાસનની નિષ્ઠાપૂર્વક આરાધના કરવા સદા ઉજમાલ રહે તે સહજ છે. તેવા આત્માઓ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને સદા સર્વદા હૃદયમાં આદરપૂર્વક બહુમાન-ભાવે સ્થાન આપે તે હકીકત નિશ્ચિત છે.

તેવા આરાધક શ્રી ચતુર્વિધ સંઘ સમસ્તને ઉદ્દેશીને 'સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે' -એ શાસ્ત્રાનુસારી સુવિહિત મહાપુરૂષોને માન્ય હકીકત આ પુસ્તકમાં વિસ્તારપૂર્વક સહૃદયભાવે રજૂ થઈ છે: પાપભીરૂ આરાધક આત્માઓ આથી દેવદ્રવ્યની રક્ષા માટે સદા ઉજમાલ રહે ને જાણે-અજાણે દેવદ્રવ્યને નુકશાન ન થાય તેમ જ દેવદ્રવ્યના ભક્ષણનો મહાદોષ ન લાગી જાય તે માટે જાગૃત રહે અને અનંત-જ્ઞાની પરમતારક શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની વિરાધના ન થઈ જાય તે માટે સાવધાની રાખે તે જ એક શુભ ઉદ્દેશથી આ પુસ્તિકાના સાહિત્યનું સંપાદન-સંકલન મેં યથામતિ અત્રે કરેલ છે:

પ્રસ્તુત સંપાદન-સંકલનમાં જે કાંઈ શાસ્ત્રવિરૂદ્ધ-સિદ્ધાંત વિરૂદ્ધ પ્રતિપાદન થયેલ હોય તે માટે શ્રી અરિહંતદેવ તેમજ શ્રી સિદ્ધની સાક્ષીએ હું 'મિચ્છામિ દુક્કડમ્' યાચું છું.

આ સંપાદનમાં જે કાંઈ સારૂં છે, આરાધક આત્માઓને ગ્રાહ્ય તથા આદરણીય છે, તે બધો પ્રતાપ મારા પરમ ઉપકારી પરમતારક દયાસાગર જૈનશાસનના જ્યોતિર્ધર પરમ શાસન પ્રભાવક પરમ ગુરુદેવ વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની પરમ કરૂણામય કૃપાદૃષ્ટિનો મહાન પ્રભાવ છે: તેઓ શ્રીમદ્‌ના મારા પરના અનંત ઉપકારોને હું કેમેય ભૂલી શકું તેમ નથી.

સુજ્ઞ વાચકો, હંસ-નીર ન્યાયે પ્રસ્તુત પુસ્તિકાના વિષયનું અવગાહન કરીને ત્રિકાલાબાધ્ય અવિચ્છિન્ન પ્રભાવશાળી શ્રી જૈનશાસનની શ્રી રત્નત્રયીની મહાપુણ્યોદયે પ્રાપ્ત આરાધનાને નિર્મલભાવે આરાધકદિલે આરાધના કરી શ્રી અખંડ અનંત-અવ્યાબાધ શાશ્વત સુખના ભોક્તા બનો! -એજ એક શુભ કામના.

| | |
|---|---|
| કા. સુદિ પંચમી, સૌભાગ્યપંચમી, | આ. વિ. કનકચંદ્રસૂરિ. |
| વીર સં. ૨૫૦૫, વિ. સં. ૨૦૩૫ | ગુજરાતી ધર્મશાલા, રતલામ. |

*